# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

26 SEPTEMBER-2024 THURSDAY

વર્ષ-13 । અંક-311 । વિક્રમ સંવત-2079 । ભાદરવા વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08


આલિયાનો મનમોહક અંદાજ: પેરિસ ફેશન વીકમાં ઈન્ડિયન ક્વીન...




પેજ-09


હવે ડોમેસ્ટિક ટુર્નામેન્ટ રમતો જોવા મળશે વિરાટ કોહલી!

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 26.00 |
| વડોદરા | 31.00 | 25.00 |
| સુરત | 28.00 | 25.00 |


પેજ 5




GST હેઠળ નોંધાયેલ લગભગ 10,700 નકલી કંપનીઓનો પર્દાફાશ

હરિની શ્રીલંકાના વડાપ્રધાન પદ સંભાળનાર ત્રીજા મહિલા




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85169.87 | ▲ | 255.83 |
| નિફ્ટી | 26004.15 | ▲ | 063.75 |
| સોનું | 75274.00 | ▲ | 271.00 |
| ચાંદી | 92577.00 | ▲ | 184.00 |

### સોનીપતના ગોહાનામાં આયોજીત રેલીમાં ગર્જ્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# કોંગ્રેસ આવશે તો હરિયાણાને બરબાદ કરી દેશે

## કર્ણાટક-હિમાચલમાં એકબીજા સાથે લડે છે : કાશ્મીરમાં આતંકવાદ અને અલગતાવાદને વેગ આપવા માગે છે

(એજન્સી) સોનીપત । તા. 25

પીએમ નરેન્દ્ર મોદીએ હરિયાણા ચૂંટણીને લઈને સોનીપતના ગોહાનામાં રેલી કરી હતી. રેલીમાં મોદીએ કહ્યું કે જો અહીં કોંગ્રેસની સરકાર આવશે તો હરિયાણાને બરબાદ કરી દેશે. અહીં કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે. કર્ણાટકમાં તેમના સીએમ અને ડેપ્યુટી સીએમ લડી રહ્યા છે. હિમાચલ અને તેલંગાણામાં પણ આવી જ સ્થિતિ છે. કોંગ્રેસને અહીં લાવવાનો અર્થ હરિયાણાના વિકાસને દાવ પર લગાવવાનો છે. મોદીએ 10 વર્ષ પહેલા પૂર્વ સીએમ ભૂપેન્દ્ર હુડ્ડાની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર દરમિયાન દલિતો સામેના અન્યાયનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સિવાય તેમનું નામ લીધા વિના કોંગ્રેસમાં સિરસાના સાંસદ કુમારી સેલજાની સારવાર પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. કાશ્મીરમાં કલમ 370 વિશે બોલતા મોદીએ કહ્યું કે કોંગ્રેસને શાંતિ પસંદ નથી, તેથી તેને પાછી લાવવા માગે છે. કોંગ્રેસ આતંક અને અલગતાવાદને વેગ આપવા માગે છે. મોદીએ કહ્યું કે હરિયાણાના યુવાનો અને ખેડૂતોનું ભવિષ્ય ભાજપ સરકારમાં જ સુરક્ષિત છે. છેલ્લા 10 વર્ષમાં અહીંની સરકાર પર ભ્રષ્ટાચારનો કોઈ આરોપ નથી લાગ્યો. મોદીએ કહ્યું કે ખેડૂતોના ફાયદા માટે વિદેશથી આયાત થતા તેલ પર ટેક્સ લાદવામાં આવ્યો છે.



### હરિયાણામાં સતત ત્રીજી વખત કમળ ખીલવું જોઈએ : પીએમ મોદીનું હુંકાર

હરિયાણા ભાજપનો સંકલ્પ ચોક્કસ ગેરંટી છે. ભાજપ જે કહે છે તે કરે છે. હરિયાણામાં પણ દરેક વચનનો ઝડપથી અમલ કરવામાં આવશે. તમારા ઘરે પહોંચશે, તેથી 5મી ઓક્ટોબરે આપણે આ તમામ ઉમેદવારોને જંગી મતોથી વિજયી બનાવવાના છે. હરિયાણામાં સતત ત્રીજી વખત કમળ ખીલવું જોઈએ

### કોંગ્રેસે ક્યારેય દીકરીઓની ચિંતા કરી નથી

કોંગ્રેસે 60 વર્ષ સુધી દેશ પર રાજ કર્યું પરંતુ તેને ક્યારેય દેશની દીકરીઓની ચિંતા નથી. જ્યારે હું આવ્યો ત્યારે મેં બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન શરૂ કર્યું, જેનો ફાયદો હરિયાણાને થયો. પહેલા દર 1000 પુત્રોએ 866 પુત્રીઓ હતી, પરંતુ હવે દર 1000 પુત્રોએ 914 પુત્રીઓ છે. હરિયાણા ભાજપ મહિલા શક્તિને વધુ સશક્ત બનાવવા માટે સારું કામ કરી રહી છે.

### સીએમ અને ડેપ્યુટી સીએમ એકબીજાની લડાઈમાં વ્યસ્ત

કોંગ્રેસ શાસિત દરેક રાજ્યમાં, તેમના મુખ્યમંત્રીઓ લડાઈમાં ફસાયેલા છે અને તેમને લોકોની દુર્દશા સાથે કોઈ લેવાદેવા નથી. કર્ણાટકના સીએમ અને ડેપ્યુટી સીએમ એકબીજાની લડાઈમાં વ્યસ્ત છે. તેથી હરિયાણાએ પણ ખૂબ કાળજી લેવી જોઈએ.જો કોંગ્રેસ ભૂલથી પણ આવી જશે તો તેઓ હરિયાણાને તેમની લડાઈમાં બરબાદ થઈ જશે. કોંગ્રેસમાં જે રીતે લડાઈ વધી રહી છે તેના પર સમગ્ર હરિયાણાની નજર છે. કોંગ્રેસને વોટ આપવાનો અર્થ છે હરિયાણાના વિકાસને દાવ પર લગાવવો.

### કોંગ્રેસને કાશ્મીરમાં શાંતિ પસંદ નથી

મોદીએ કહ્યું- કોંગ્રેસ અને તેના સહયોગીઓને જમ્મુ-કાશ્મીરમાં શાંતિ પસંદ નથી. કોંગ્રેસ ફરીથી કલમ 370 પાછી લાવવા માગે છે. આતંક અને અલગતાવાદને ફરી જાગૃત કરવા માગે છે. મને પૂરો વિશ્વાસ છે કે તમે હરિયાણાના લોકો આવી કોંગ્રેસને પાઠ ભણાવશો.

# 59 ટકા મતદાન — જમ્મુ-કાશ્મીરમાં બીજા તબક્કાનું મતદાન પૂર્ણ

(એજન્સી) શ્રીનગર । તા. 25

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં 6 જિલ્લાની 26 વિધાનસભા બેઠકો મતદાન પૂર્ણ થઈ ગયું છે. જેમાં 25.78 લાખ મતદારોએ સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન કર્યું. સાંજે 5 વાગ્યા સુધી 59.37 ટકા મતદાન થયું. સૌથી વધુ મતદાન રિયાસીમાં 71.81% છે, જ્યારે સૌથી ઓછું વૈષ્ણોદેવીમાં 27.31% થયું.

લોકો શિકારાટથી મતદાન કરવા આવ્યા



### ઈતિહાસ બનવા જઈ રહ્યો છે : જમ્મુ-કાશ્મીરમાં રેકોર્ડ બ્રેક મતદાન વચ્ચે CEC રાજીવ કુમારની પ્રતિક્રિયા

રાજૌરીના બુધલ બેઠકના મતદાન કેન્દ્ર પર ભારે ભીડ જોવા મળી હતી. આ બેઠક પરથી જાવેદ ઈકબાલ જેકેએનસીમાંથી, ભાજપમાંથી ચૌધરી જુલ્ફકાર અલી અને પીડીપીમાંથી ગુફ્તાર અહમત મેદાનમાં ઉતર્યા છે. આ સિવાય રિયાસીના કટારામાં પણ લાંબી લાઈનો જોવા મળી હતી. જ્યાંથી પીડીપીએ બોધ રાજ મીનિયા, ભાજપે કુલદીપ રાજ દુબે અને કોંગ્રેસે મુમતાજ અહમદ ચૂંટણી લડી રહ્યા છે.

# હવે પેરાસિટામોલ લેવી પણ જોખમી

વિટામિનની ગોળી ખાનારાઓ પણ સાવધાન

## પેરાસિટામોલ સહિતની 53 દવાઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ!

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

જો તમે પણ પેરાસિટામોલ કે વિટામિનની દવાનો ઉપયોગ કરતા હોવ તો સતર્ક થઇ જજો. કેન્દ્રીય ઔષધી ધોરણ નિયંત્રણ સંગઠન (CDSCO) ના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પેરાસિટામોલ સહિત 53 દવાઓ ગુણવત્તા પરીક્ષણ પાસ કરવામાં નિષ્ફળ થઇ ગઇ છે. જેમાં કેલ્શિયમ, વિટામિન D3ની ગોળીઓ, ડાયાબિટીસની દવાઓ અને હાઇ બ્લડપ્રેશરની દવાઓ સહિત 50 અન્ય દવાઓ સામેલ છે.



### કઇ કઇ દવાઓ પરીક્ષણમાં નિષ્ફળ ગઇ?

આ પરીક્ષણમાં તે મોટી કંપનીઓ દ્વારા બનાવાતી અનેક દવાઓ નિષ્ફળ ગઇ છે. જેમાં હેટેરો ડ્રગ્સ, એલ્કેમ લેબોરેટરીઝ, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ (એચએએલ) અને કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો સમાવેશ થાય છે. આ પરીક્ષણમાં પેટના ચેપમાં ઉપયોગમાં લેવાતી એચએએલની દવા મેટ્રોનીડાઝોલ, એલ્કેમ હેલ્થ સાયન્સની એન્ટિબાયોટિક્સ ક્લેવમ 625 અને પાન ડી પણ ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરતા નથી.

### ધોરણોને અનુરૂપ નથી આ દવાઓ

રિપોર્ટમાં કર્ણાટકના એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સની પેરાસિટામોલ દવાની ગુણવત્તા સામે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પ્યોર એન્ડ ક્યોર હેલ્થકેર દ્વારા બનાવવામાં આવતી શેલ્કેલ પણ આ પરીક્ષણમાં ફેલ થઇ ગઇ છે. આ ઉપરાંત હાઇ બ્લડપ્રેશરના નિદાન માટે વપરાતી ટેલ્મિસર્ટન, વિટામિન B કોમ્પલેક્ષ અને વિટામિન C સોફ્ટજેલ, પેરાસિટામોલની દવા IP 500 MG, ડાયાબિટીસની દવા ગ્લિમેપિરાઇડ પણ આ ધોરણોને અનુરૂપ નથી છે.

### કંગનાની ટિપ્પણી પર જવાબ આપે PM મોદી : રાહુલ ગાંધીના પ્રહાર

# 700 ખેડૂતોના મોતથી પણ મન ન ભરાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભાજપ સાંસદ કંગના રનૌતે ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચવાની વાત કરતાં વિવાદ વધુ વકર્યા બાદ કંગનાએ આ મામલે માફી માંગી છે. તેણે કહ્યું કે, 'મને આ નિવેદનને લઈને પસ્તાવો રહેશે.' આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કંગનાના નિવદેનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો પ્રહાર કરવાની સાથે જવાબો માંગ્યા છે. રાહુલે આજે બુધવારે કહ્યું કે, '700 ખેડૂતોના જીવ ગયા પછી પણ ભાજપનું મન ભરાયું નથી. વડાપ્રદાન મોદીએ આ મામલે સ્પષ્ટતા કરવી જોઈએ.' રાહુલે કહ્યું કે, 'મોદીજી સ્પષ્ટ કરો કે, શું તમે તે કાયદાને ફરીથી લાવવા ઈચ્છો છો?' તેમણે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન મોદીએ શહીદ ખેડૂતો માટે સંસદમાં બે મિનિટનું મૌન પણ રાખવા દીધું ન હતું. જો ખેડૂતોને નુકસાન પહોંચાડવા માટે કોઈ પગલું ભરવામાં આવશે તો મોદીજીએ ફરીથી માફી માંગવી પડશે.'



**સરકારની નીતિ કોણ તૈયાર કરી રહ્યું છે :** રાહુલે કહ્યું કે, 'સરકારની નીતિ કોણ તૈયાર કરી રહ્યું છે, એક ભાજપના સાંસદ કે વડાપ્રધાન મોદી? હરિયાણા અને પંજાબના સહિતના 700થી વધુ ખેડૂતોના મોત પછી પણ ભાજપવાળાનું મન ભરાયું નથી. I.N.D.I.A ગઠબંધન અમારા અન્નદાતાઓના વિરુદ્ધમાં ભાજપનું કોઈ ષડયંત્ર સફળ થવા નહીં દે. જો ખેડૂતોને નુકસાન પહોંચાડવા માટે કોઈ પગલું ભરવામાં આવશે તો મોદીજીએ ફરીથી માફી માંગવી પડશે.'

**કંગનાએ શું કહ્યું હતું?** કંગના રનૌતે ગત મંગળવારે કહ્યું હતું કે, 'ખેડૂતો ભારતની પ્રગતિના આધારસ્તંભ છે. તેમણે માત્ર અમુક રાજ્યોમાં જ કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો. હું હાથ જોડીને અપીલ કરું છું કે, ખેડૂતોના હિતમાં આ કૃષિ કાયદાઓ પાછા લાવવા જોઈએ. 2021 માં રદ કરાયેલા કૃષિ કાયદાને પાછા લાવવાની માંગ કરતાં ભાજપ સાંસદે નિવેદન પાછું ખેંચતા કહ્યું કે, 'આ તેમના 'વ્યક્તિગત' મંતવ્યો હોવાથી પાર્ટીના વલણને પ્રદર્શિત કરતાં નથી.'

# બદલાપુરની ઘટનાને એન્કાઉન્ટર ન માની શકાય

### HCએ કહ્યું- 4 પોલીસ અધિકારી એક આરોપીને ન સંભાળી શક્યા : સ્વબચાવમાં પગ પર ગોળી મરાય

(એજન્સી) મુંબઇ । તા. 25

બદલાપુરમાં નર્સરીની બે છોકરી સાથે યૌનશોષણના આરોપી અક્ષય શિંદેના એન્કાઉન્ટર પર બોમ્બે હાઈકોર્ટે સવાલો ઉઠાવ્યા છે. કોર્ટે મહારાષ્ટ્ર સરકારને પૂછ્યું કે અમે કેવી રીતે સ્વીકારીએ કે 4 અધિકારી એક આરોપીને સંભાળી ન શક્યા. હાથકડી પણ લાગેલી હતી, સ્વબચાવ જેવી સ્થિતિ હોત તો આરોપીના પગમાં ગોળી મારવી હતી. બેંચે કહ્યું, જો ગોળી ચલાવનાર અધિકારી આસિસ્ટન્ટ પોલીસ-ઈન્સ્પેક્ટર હોય તો તે એમ ન કહી શકે કે કેવી રીતે પ્રતિક્રિયા આપવી એ જાણતો નહોતો? તેને ખબર હોવી જોઈએ કે ક્યાં ફાયરિંગ કરવું. કોર્ટે કહ્યું, આરોપીએ ટ્રિગર દબાવતાં જ 4 લોકો તેને સરળતાથી કાબૂમાં કરી શકતા હતા. તે બહુ બળવાન માણસ નહોતો. આ સ્વીકારવું ખૂબ મુશ્કેલ છે. આને એન્કાઉન્ટર ન કહી શકાય. આગામી સુનાવણી 3 ઓક્ટોબરે થશે. અક્ષયના પિતાએ એન્કાઉન્ટર પર બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે, જેની સુનાવણી જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની બેન્ચ કરી રહી છે.

# બેંગલુરુના મુસ્લિમ વિસ્તારોને પાકિસ્તાન કહેવા બદલ કર્ણાટક HCના ન્યાયાધીશની માફી સ્વીકારી

### સુપ્રીમે કહ્યું, કોઈપણ સમુદાય પર ટિપ્પણી કરતી વખતે બેદરકાર ન રહે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સુપ્રીમ કોર્ટે બુધવારે ન્યાયાધીશોને સૂચના આપી છે કે તેઓ કોઈપણ સમુદાય પર ટિપ્પણી કરતી વખતે બેદરકાર ન રહે. CJI DY ચંદ્રચુડની બેંચ કર્ણાટક હાઈકોર્ટના જજની વિવાદાસ્પદ ટિપ્પણીના કેસની સુનાવણી કરી રહી હતી. જેમાં ન્યાયાધીશે બેંગલુરુનો એક ભાગ પાકિસ્તાન કહ્યો હતો. CJIએ કહ્યું કે તમે દેશના કોઈપણ ભાગને પાકિસ્તાન ન કહી શકો. આ દેશની એકતાના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે. કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ વી શ્રીશાનંદની આ ટિપ્પણીનો વીડિયો વાઈરલ થયો હતો, જેના પછી સુપ્રીમ કોર્ટે પોતે જ કેસની સુનાવણી શરૂ કરી હતી. તેના પર CJIએ કહ્યું, 'કોર્ટ પ્રક્રિયામાં મહત્તમ પારદર્શિતા લાવવા માટે તેને મહત્તમ પ્રકાશમાં લાવવાની જરૂર છે. કોર્ટમાં જે પણ થાય તેને દબાવવું જોઈએ નહીં. બધું બંધ ન કરો.' આ પછી જસ્ટિસ શ્રીશાનંદે સુપ્રીમ કોર્ટની માફી માગી હતી. CJI બેન્ચે માફી સ્વીકારીને કેસ બંધ કરી દીધો છે. બેદરકાર ટિપ્પણીઓ વ્યક્તિના પક્ષપાતી મંતવ્યો દર્શાવે છે, ખાસ કરીને જ્યારે તેઓ કોઈ ચોક્કસ લિંગ અથવા સમુદાય પર કરવામાં આવે છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશે એવી ટિપ્પણીઓ ટાળવી જોઈએ જે કોઈપણ સમુદાય વિરુદ્ધ હોય અથવા જે તેના માટે નુકસાનકારક હોય.



# ઝારખંડ સરકારના નિર્ણયથી ટેન્શનમાં આવી ગયા ચંપઈ સોરેન, કહ્યું- 'મારા જીવને ખતરો'

(એજન્સી) રાંચી । તા. 25

ઝારખંડના પૂર્વ સીએમ ચંપઇ સોરેન અવારનવાર રાજ્ય સરકાર પર પ્રહાર કરતા હોય છે. આ દરમિયાન તેમણે ફરી એક વાર રાજ્ય સરકાર સામે સવાલ ઉભા કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, ઝારખંડ સરકારે તેમને આપેલા તમામ સુરક્ષા વાહનો પાછા ખેંચી લીધા છે અને આ કારણસર તેમના જીવને જોખમ છે. તેમણે કહ્યું કે, 'મેં ક્યારેય પોતાના મૂલ્યો સાથે અન્યાય કર્યો નથી. આગામી વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની જનતા ઝારખંડ મુક્તિ મોર્ચા (જેએમએમ)ની આગેવાની વાળા ગઠબંધનને મજબૂત જવાબ આપશે.' અગાઉ ચંપઇ સોરેને સુરક્ષા મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'તમામ નિયમો અને પ્રોટોકોલને ભૂલીને રાજ્ય સરકારે મારી સુરક્ષા માટે ફાળવેલા વાહનોને પરત ખેંચી લીધા છે.



### ઝારખંડમાં ભાજપની જીત નિશ્ચિતઃ ચંપઇ સોરેન

ઝારખંડના કેસરાયકેલામાં ચંપઇ સોરેને મહાપરિવર્તન રેલીમાં જનસભાને સંબોધતા કહ્યું કે, આ રેલી એક સંકેત છે કે આગામી ચૂંટણીમાં ભાજપની જીત સુનિશ્ચિત છે. આ પણ નિશ્ચિત છે કે અમારી સરકાર બનશે. મને રક્ષા આપવી કે ન આપવી એ તેમના પર છે, મારી રક્ષા હવે જનતા કરશે. અમે તો સંઘર્ષ કરનારા લોકો છીએ.



# એશિયાઈ સિંહોના રક્ષણ માટે નિર્ણય

## 1.84 લાખ હેક્ટર વિસ્તાર 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર

### 3 જિલ્લાનાં 196 ગામ, 17 નદીનો સમાવેશ

### ખનન પર પ્રતિબંધ, ગેરકાયદે રિસોર્ટને તાળાં વાગશે

(એજન્સી) ગાંધીનગર । તા. 25

કેન્દ્ર સરકારે 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુનો કુલ 1,84,466.20 હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે, જેમાં 3 જિલ્લાનાં 196 ગામ, 17 નદીનો સમાવેશ કરાયો છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલા ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ 2.78 કિમી અને વધુમાં વધુ 9.50 કિમી રાખવામાં આવ્યું છે. આ નિર્ણય બાદ ખનન પર પ્રતિબંધ મુકાઈ જશે અને ગેરકાયદે રિસોર્ટને તાળાં વાગી જશે.

### સિંહો માટે 4 મહત્ત્વના કોરિડોરને આવરી લેવાશે

નવીન 'ઈકો-સેન્સિટિવ ઝોન' વિસ્તારમાં કુલ 17 નદીના રિવર કોરિડોર અને સિંહોના અવરજવરવાળા 4 મહત્ત્વના કોરિડોરને આવરી લેવામાં આવશે. વધુમાં ગીર રક્ષિત વિસ્તારની આજુબાજુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વિસાવદર, માળિયા હાટીના અને મેંદરડા તાલુકાના મળી કુલ 59 ગામ, અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મળી કુલ 72 ગામ તથા ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર-સોમનાથ, કોડીનાર અને તાલાલા તાલુકાના મળી કુલ 65 ગામ એમ આ ત્રણેય જિલ્લાના કુલ 196 ગામના 24680.32 હેક્ટર વન વિસ્તાર તથા 1,59,785.88 હેક્ટર બિન-જંગલ વિસ્તાર એમ મળી કુલ 1,84,466.20 હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે.

# રેલ પ્રવાસનને નવો આયામ આપે ગરવી ગુજરાત

### ટ્રેનમાં AC-1, AC-2 અને AC-3 કેટેગરીના કોચમાં કુલ 150 પ્રવાસીઓ મુસાફરી કરી શકશે : 2 જી ઓક્ટોબરે પ્રવાસીઓ સાબરમતી આશ્રમમાં જશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દેશવાસીઓને ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાની ઝલક આપવા અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા દેશમાં સમયાંતરે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનોનું સંચાલન કરવામાં આવે છે. આ શ્રેણીમાં, "ગરવી ગુજરાત" ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન IRCTC દ્વારા ચલાવવામાં આવી રહી છે. ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન 1 ઓક્ટોબર, 2024ના રોજ દિલ્હીથી લીલી ઝંડી બતાવી રવાના કરાશે. આ ટ્રેન પ્રવાસીઓને ગુજરાતના મુખ્ય આધ્યાત્મિક અને હેરિટેજ સ્થળો પર લઈ જશે. આ ટ્રેનના રૂટમાં પ્રથમ વખત ગુજરાતના વડનગરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે."ગરવી ગુજરાત" ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન ઘણી બધી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેનમાં મુસાફરો માટે બે ભોજનની રેસ્ટોરાં અને આધુનિક રસોડું છે. તેના કોચમાં શાવર ક્યુબિકલ્સ, સેન્સર આધારિત વૉશરૂમ ફંક્શન અને ફૂટ મસાજર સુવિધા પણ છે. આ સંપૂર્ણ રીતે વાતાનુકૂલિત ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી ની સુવિધાઓ ઉપલબ્ધ છે. ટ્રેનના દરેક કોચમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને સુરક્ષા ગાર્ડની પણ જોગવાઈ છે. આ પ્રવાસી ટ્રેન ની ક્ષમતા 150 મુસાફરોની છે. પ્રવાસીઓ આ ટૂરિસ્ટ ટ્રેન માં દિલ્હી સફદરજંગ, ગુડગાંવ, રેવાડી, રિંગસ, ફુલેરા, અજમેર રેલ્વે સ્ટેશનો પર ચઢી અને ઉતરી શકે છે. દિલ્હીથી રવાના થયા પછી, આ ટ્રેનનું પ્રથમ સ્ટોપ અમદાવાદ હશે, જ્યાં પ્રવાસીઓ 2જી ઓક્ટોબરે ગાંધી જયંતિના અવસરે સાબરમતી આશ્રમની મુલાકાત લઈ શકશે અને અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ શકશે.



# હિમાચલમાં પણ દુકાનો પર માલિકના નામ અને ID લગાવવા ફરજિયાત

(એજન્સી) મંડી । તા. 25

હિમાચલ પ્રદેશમાં પણ ઉત્તર પ્રદેશની જેમ ખાણી-પીણીની લારી અને દુકાનદારોએ પોતાની ઓળખ માટે નામ અને આઈડી લગાવવું પડશે. કેબિનેટ મંત્રી વિક્રમાદિત્ય સિંહે કહ્યું કે, હવે ખાણી-પીણીની દુકાનો અને ફાસ્ટ ફૂડના માલિક ઓળખપત્ર પણ બતાવશે, જેનાથી લોકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે. શહેરી વિકાસ અને નગર નિગમની મંગળવારે (24 ઓક્ટોબર) થયેલી બેઠકમાં આ અંગે આદેશ પસાર કરાયો છે. હિમાચલ પ્રદેશમાં બજારો માટે નીતિ નિર્માણને લઈને વિધાનસભા અધ્યક્ષ કુલદીપ સિંહ પઠાનિયાએ મંત્રી હર્ષવર્ધન ચૌહાણની અધ્યક્ષતામાં સમિતિ બનાવી છે. આ સમિતિમાં વિક્રમાદિત્ય સિંહ અને મંત્રી અનિરૂદ્ધ સિંહ સહિત કુલ 7 સભ્યને સામેલ કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં રૂ. 300 કરોડનાં ખર્ચે 5000 વડીલો માટેનું વિશ્વનું સૌથી મોટું, નિશુલ્ક સદભાવના વૃધ્ધાશ્રમ આકાર લેશે

(એજન્સી) અમદાવાદ । તા. 25



રાજકોટ-જામનગર હાઈવે ઉપર રામપર ખાતે માતૃદેવો ભવ પિતૃદેવો ભવની ભાવના ચરિતાર્થ કરવા માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના સેવાભાવી અને દાનવીર લોકોના સહયોગથી ભારતનાં સૌથી મોટાં સદભાવના વૃધ્ધાશ્રમના નવા પરિસરનું 30 એકર જગ્યામાં નિર્માણ થવા જઈ રહ્યું છે. આ વૃધ્ધાશ્રમ બનાવવાનો ખર્ચ અંદાજે રૂ. ૩૦૦ કરોડ છે. જેમાં 11 માળના 7 નવા બિલ્ડિંગમાં ૫૦૦૦ નિરાધાર, પથારીવશ, બીમાર વડીલો માટે ૧૪૦૦ રૂમ તૈયાર કરવામાં આવશે. આ સંદર્ભે રાજકોટમાં ૨૩ નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી પરમ પૂજ્ય સંત શ્રી મોરારી બાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે અમદાવાદમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેલા કેટલાંક પત્રકાર મિત્રોએ માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના આ સેવાકીય ભગીરથ કાર્યમાં ફુલ નહી તો ફુલની પાંદડી સ્વામી પરમ પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજીને અર્પણ કરી હતી. આ ખૂબ જ પ્રસંશનીય અને અભૂતપૂર્વ ઘટના છે તેમ સ્વામીજીએ ભેટ સ્વીકારતી વખતે આશીર્વચન સ્વરૂપે જણાવ્યું હતું. હિન્દુ ધર્માચાર્ય મહાસભાના આંતરરાષ્ટ્રીય કન્વીનર અને મહામંત્રી તેમજ શ્રી શિવાનંદ આશ્રમ અમદાવાદના અધ્યક્ષ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંરક્ષક પરમ પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં "માતૃદેવ ભવ" -"પિતૃ દેવો ભવ" આવી ભાવનાનો પણ હ્રાસ થયો છે, જેથી અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વડીલોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે. છેલ્લા કેટલાક વર્ષોથી "ઓછા બાળ જય ગોપાલ"ની માનસિકતાના લીધે કુટુંબમાં બાળકોની સંખ્યા ઘટી ગઈ છે, તદુપરાંત સંયુક્ત કુટુંબો રહ્યા નથી. આવા કારણોને લીધે સમાજના બધા જ સ્તરના વડીલો માટે વૃધ્ધાવસ્થા બહુ જ પીડાજનક બને છે. સમાજમાં પૈસાવાળા હોય કે દિકરા દિકરી વિદેશ પરણ્યા હોય કે પછી પોતાનું વતન છોડી વ્યવસાય અર્થે ભારતના કોઈપણ ખૂણે રહેતા હોય એવા સમયે ઘરના વડીલો નિરાધાર થઈ જાય છે. આમ જોવા જઈએ તો સૌથી કફોડી સ્થિતિ શ્રમીક વર્ગની છે, જેવા કે રીક્ષાવાળા, થેલાવાળા, મજુર, ઘરકામ કરતી બાઈઓ, આયાબહેનો વગેરેની સ્થિતિ કફોડી ત્યારે થાય છે જ્યારે તેઓ શારીરીક રીતે કંઈ કરી શકતા ન હોય. સમાજના આવા લોકોની સ્થિતિ જોઈને, તેમના પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને સદભાવના વૃધ્ધાશ્રમની શરૂઆત કરવામાં આવી છે.

# ડીસા ખાતેથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો થશે પ્રારંભ

(એજન્સી) પાલનપુર । તા. 25

છેવાડાના વ્યક્તિઓને સરકારશ્રીની યોજનાઓનો લાભ પહોંચી શકે તે હેતુથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ આ પરંપરાને આગળ ધપાવતા ચાલુ વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી ગરીબ કલ્યાણ મેળો ૨૦૨૪નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે. આ દિવસે રાજ્યના તમામ જિલ્લાઓમાં પણ ગરીબ કલ્યાણ મેળા યોજાશે. ડીસા ખાતેથી આયોજિત મેળામાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે સરકારશ્રીની અનેક યોજનાઓના લાભ લાભાર્થીઓને આપવામાં આવશે. જે અંતર્ગત માનવ ગરીમા યોજના, કુંવરબાઈનું મામેરુ યોજના, ડોક્ટર આંબેડકર આવાસ યોજના, પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના,પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, માનવ કલ્યાણ યોજના, વહાલી દિકરી યોજના,માં અમૃતમ યોજના, વ્યક્તિગત આવાસ યોજના, ખેતીવાડી સહિત લાભાર્થીઓને સરકારશ્રીના અનેક વિભાગોના યોજનાકીય લાભો આપવામાં આવશે. બનાસકાંઠાના ડીસા ખાતેથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે કુલ ૧૧,૨૭૪ લાભાર્થીઓને રૂ. ૪૫.૮૦ કરોડ રકમના યોજનાકીય લાભ આપવામાં આવશે. ગરીબ કલ્યાણ મેળા થકી છેવાડાના વ્યક્તિઓને એક જ સ્થળ પરથી ઘણાબધા લાભ મળી રહે છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના લાભાર્થીઓને મુખ્યમંત્રીના હસ્તે વિવિધ યોજનાકીય લાભ મળશે.

**મુખ્યમંત્રીના હસ્તે કુલ 11,274 લાભાર્થીઓને સરકારી યોજનાઓનો મળશે લાભ**

# બેરાજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સફાઈકર્મીઓ માટે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું



વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લામાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત કાલાવડ તાલુકાની બેરાજા ગ્રામ પંચાયતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સફાઈકર્મીઓ તથા તેમના પરિવારજનો માટે નિ:શુલ્ક હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું. તથા કેન્દ્રની આસપાસ સફાઈ કરી તમામ લોકો દ્વારા સ્વચ્છતા શપથ ગ્રહણ લેવામાં આવ્યા હતા.

# વઘઈ તાલુકાનાં મુરંબી ગામની સીમમાં મોટરસાયકલ સ્લીપ થઈ જતાં યુવકનું મોત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં બારીપાડાથી મોટામાંળુગાને જોડતા રાજયધોરીમાર્ગનાં મૂરંબી ગામે ખોબીના વળાંકમાંથી વિજયભાઈ યશવંતભાઈ પવાર (ઉ. વ.31 રહે. રાજીવ નગર, ખેરગાવ તા.ડિંડોલી જી.નાશિક મહારાષ્ટ્ર) પોતાના કબજાની પ્લેટીના મોટરસાયકલ રજીસ્ટ્રેશન નંબર MH -15-BS-7180 પર સવાર થઈને જઈ રહ્યા હતા. ત્યારે પૂર ઝડપને ગફલત ભરી રીતે મોટરસાયકલ હંકારી લેતા સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી.અને અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં યુવકને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનુ મોત નીપજ્યું હતુ. બનાવને લઈને સાપુતારા પોલીસ મથકનાં હે.કો.શક્તિસિંહ સરવૈયાએ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



# શુભ મંડળી ગરબા : શરણાઈના સૂરસાથે સૂર્યોદયની પહેલી કિરણ સુધી ગરબાની રમઝટ

(એજન્સી) અમદાવાદ । તા. 25



અમદાવાદીઓ હવે તૈયાર થઈ જાઓ. જેની આપણે સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે, તે નવલી નવરાત્રિને હવે ગણતરીના દિવસો જ બાકી છે. આપણા સાંસ્કૃતિક વારસા અને પરંપરાને અનુરૂપ મંડળી ગરબા લઈને આવી ગયું છે શુભ મંડળી ગરબા. શુભ મંડળી દ્વારા નવરાત્રિના 9 દિવસ એટલે કે 3 ઓક્ટોબરથી 11 ઓક્ટોબર સુધી ઓગણજ વિસ્તારમાં આવેલ ગ્રાન્ડ લક્ષ પાર્ટી પ્લોટ (GRAND LUXXE PARTY PLOT) ખાતે મંડળી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. શરણાઈના સૂરે અને ઢોલના ઢબકારે ગરબા રસિકો સાંજથી સવાર સુધી ગરબાની રમઝટ માણશે. આને અનુલક્ષીને આયોજિત એક કાર્યક્રમમાં 30 જેટલાં ખેલૈયાઓએ શેરી ગરબાની મજા માણી હતી. શુભ મંડળી ગરબાનું આયોજન વિશાલ મીર, નિહાર શાહ, પાર્થ ગમારા, અને જહાન્વી જોશી દ્વારા કરવામાં આવ્યું છે. શુભ મંડળી ગરબાના આયોજક વિશાલએ જણાવ્યું હતું કે, અમારા ગરબા ઈવેન્ટમાં મંડળી ગરબા તો છે જ પણ અમે ખેલૈયાઓએ દરેક રીતે મહત્વ આપવાનો પૂરતો પ્રયત્ન કર્યો છે. તેમની સુરક્ષાથી માંડીને તેઓને ફૂડ માટે બેઠક વ્યવસ્થા પણ કરી છે જેમાં 500 જાણ એકસાથે બેસીને ફૂડ માણી શકશે. આ ઉપરાંત બીજ, પંચમ, સાતમ, આઠમ, નોમ એમ પાંચ દિવસ મહાઆરતીનું પણ આયોજન કર્યું છે. જેમાં ખેલૈયાઓ જ આરતી ઉતારશે અને બધા સાથે મળીને પૂરા ભક્તિભાવ સતાહૈ માઁની આરાધના કરીશું.

# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન દ્વારા રેકોર્ડ બ્રેક રક્તદાન



(એજન્સી) અમદાવાદ । તા. 25

વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે મહા રક્તદાન શિબિર યોજાઈ હતી, જેમાં 1500થી વધારે બ્લડ યુનિટ થેલેસેમિયા મેજર બાળકો તેમજ અન્ય જરૂરિયાતમંદ દર્દીઓ માટે એકત્રિત થયું છે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારના કેમ્પનું આયોજન વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોશિયેશન દર વર્ષે કરતું આવ્યું છે અને તેમાં ઉતરોત્તર બ્લડ યુનિટ ના કલેકશનમાં સતત વધારો થતો જાય છે.

સાલ 2021માં 853 યુનિટ, સાલ 2022માં 1320 યુનિટ અને સાલ 2023માં 1401 યુનિટ વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોશિયેશન દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યું હતું, ચાલુ સાલ 2024માં 1500થી વધુ યુનિટ રક્ત એકત્ર થયું છે. વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોશિયેશનના પ્રમુખ વશિષ્ઠ વઢવાણાના જણાવ્યા પ્રમાણે લગભગ 4500થી વધારે ઉદ્યોગો ધરાવતી આ એસ્ટેટમાંથી સામાજિક જવાબદારીના ભાગ રૂપે વિવિધ કંપની ફેક્ટરીઓ સામાજિક સંસ્થાઓ તેમજ કમિટીના મેમ્બરના સહયોગથી રક્તદાન પ્રવૃત્તિમાં ઉત્તરો ઉત્તર વધારો થતો જોવા મળ્યો છે. વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોશિયેશન તરફથી રક્તદાતાને પ્રેરિત કરવા માટે છેલ્લા એક મહિનાથી અભિયાન ચલાવી રહ્યું છે, જે આટલી મોટી સંખ્યામાં રકતદાન થવા માટે પ્રેરકબળ સાબિત થઈ રહ્યું છે.

# લુણાવાડા દરકોલી તળાવ ખાતે "સ્વચ્છતા હી સેવા' અતંર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન' ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરુપે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" અભિયાનનું આહ્વાન કર્યું છે. જે અંતર્ગત લુણાવાડા નગરપાલિકા અને પી એન પંડ્યા કૉલેજ ના NSS ગ્રુપ ના ૫૦ સ્વયંસેવકો દ્વારા દરકોલી તળાવ ની આજુબાજુ વનસ્પતિજન્ય કચરાનો અને અન્ય પ્લાસ્ટીક વેસ્ટનો સેગ્રીગેશન કરી કચરાનો નિકાલ કરવામા આવ્યો તેમજ મુખ્ય માર્ગ સ્વચ્છ કરવામા આવ્યો સાથે આજુબાજુ ના રહીશોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા.

# પત્રકારોના સર્વાંગી હીત માટે કાર્યરત અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા PRGI (RNI) કચેરીની ઓનલાઇન પ્રોસેસ અંગે રાજકોટ વહીવટી તંત્રમાં પડતી મુશ્કેલી અંગે કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશભાઈ કાલાવડીયાની આગેવાનીમાં શહેરના હોદેદારોએ કલેકટર ને આવેદન પાઠવીને પત્રકારો ને પડતી મુશ્કેલી નિવારવા માંગ કરી હતી.તાજેતરમાં કેન્દ્ર સરકારે અખબારો માટે નવો કાયદો પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ પિરિયોડીકલ એક્ટ -૨૦૨૩ અમલી કર્યો છે.જે મુજબ RNI કચેરીની નામ બદલીને PRGI કરવામાં આવ્યું હતું.આ નવા કાયદા મુજબ અખબારોના રજિસ્ટ્રેશન અને ફેરફાર અંગેની તમામ પ્રકિયા ઓનલાઇન કરવામાં આવી છે.જેના ભાગરૂપે PRGI કચેરીની ગાઈડ લાઈન મુજબ દરેક જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીને પણ ઑનલાઇન પ્રોફાઈલ બનાવીને થયેલી જિલ્લાની સ્થાનિક અરજીઓને એપ્રુવલ આપવાનું હોય છે.પરંતુ, રાજકોટ જિલ્લામાં આ અંગેની કામગીરી સંભાળતા કર્મચારીઓમાં આ કાયદા અંગેની અજાણતાના કારણે અનેક વખત PRGI કચેરીની તાકીદ છતાં હજુ સુધી ઓનલાઈન પ્રોફાઈલ બનાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.જેના કારણે રાજકોટ જિલ્લામાં નવા અખબારો અને જુના અખબારોમાં ફેરફાર કરવા માંગતા અખબર નવેશોને મુશ્કેલી પડી રહી છે. જેથી, આ અંગે તુરંત યોગ્ય કાર્યવાહી કરવા અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા રાજકોટના અધિક નિવાસી કલેકટર ચેતનભાઈ ગાંધીને આવેદન પાઠવીને યોગ્ય કરવા રજૂઆત કરી હતી.આ રજૂઆત સમયે સમિતિના શહેર પ્રભારી ધીરેનભાઈ મકવાણા, મંત્રી રાજુભાઈ બગડાઇ, મનોજભાઈ ગઢવી, બંકીમભાઈ ત્રિવેદી, વિપુલભાઈ દવે સહિતના હોદેદારો જોડાયા હતાં.

# કડાણાના સરકારી માધ્યમિક શાળા દિવડા ખાતે POCSO Act અને સાયબર સેફટી અંગે જાગૃત્તિ સેમીનાર યોજાયો



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી મહીસાગર અને બાળ સુરક્ષા એકમ તથા જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી મહીસાગરના સંયુક્ત ઉપક્રમે મિશન વાત્સલ્ય અને બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત આજ રોજ POCSO Act, ગુડ ટચ બેડ ટચ તથા સાયબર સેફ્ટી અન્વયે જાગૃત્તિ સેમીનારનું આયોજન સેક્રેટરીશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને સીનીયર સિવિલ જજ શ્રી એમ.જી બિહોલાના અધ્યક્ષસ્થાને કડાણા તાલુકાના સરકારી માધ્યમિક શાળા દિવડા ખાતે યોજાયો હતો. સેમીનારમાં સંતરામપુર અને કડાણા તાલુકાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી અને શાળા દીઠ એક મહિલા શિક્ષિકાઓએ સેમીનારમાં ભાગ લીધેલ હતો. સેમિનારમાં સીનીયર સિવિલ જજ અને સેક્રેટરીશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ શ્રી એમ.જી બિહોલા દ્વારા POCSO Act અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા સેમીનાર અન્વયે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ સાથે જ સેમિનારમાં મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી યોજનાઓ, સમાજ સુરક્ષા આધિકારીશ્રી દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને સમાજ સુરક્ષાને લગતી યોજનાઓ, બાળ સુરક્ષા અધિકારી દ્વારા બાળકોના અધિકારો અને બાળ સુરક્ષાની યોજનાઓ તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનથી ઉપસ્થિત પોલીસ અધિકારીશ્રી દ્વારા સાયબર સેફટી, સોશિયલ મીડિયા અવેરનેશ અને શી ટીમ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# સેવા સેતુના કાર્યક્રમમાં લોકોને એક જ સ્થળે સરકારી યોજનાઓના સરળતાથી લાભો મળે છે : અમીષાબેન

વિશાલ જે હરવરા : જામનગર

સમગ્ર રાજ્ય સહિત જામનગર જિલ્લાના લોકોને સરકારની યોજનાઓનો લાભ સરળતાથી અને એક જ સ્થળેથી મળી રહે તે માટે સેવાસેતુ કાર્યક્રમોનું વિવિધ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું છે. જામનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આવકનો દાખલો કઢાવવા માટે આવેલા અમિષાબેન કનખરાએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મને સરળ પ્રક્રિયાથી આવકનો દાખલો કાઢી આપવામાં આવ્યો છે. સરકાર દ્વારા લોકો માટે સારી સુવિધા આપવામાં આવી રહી છે. જામનગરમાં આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવતા લોકોને પણ સગવડતાઓ મળી રહે છે. તે બદલ સંતોષ વ્યક્ત કરી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.



# ધ્રોલ તાલુકાના ખારવા ગામે ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઇન-2.0 અંતર્ગત કાર્યક્રમ યોજાયો



વિશાલ જે હરવરા : જામનગર

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઈન-૨.૦ નું ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ દ્વારા મહેસાણાના વિસનગર ખાતેથી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને જામનગર જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.એચ.ભાયા અને અપીડેમીક મેડીકલ ઓફીસરશ્રી ડો. એસ.આર.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન 2.0 અંતર્ગત જામનગર જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા ધ્રોલ તાલુકાના ખારવા ગામ ખાતે ગણેશ વિદ્યા સંકુલ શાળા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન યુવાનોને તમાકુ મુક્ત પેઢી તરફ દોરવા અને ખાસ કરીને તંદુરસ્ત અને ઉજળા ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવા માટેનું એક મજબૂત પગલું છે. તમાકુ વ્યસનની દુનિયાનું પ્રથમ પગથિયું છે.

# અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત ડોર ટુ ડોર અભિયાન અને ચિત્રકલા સ્પર્ધાનું આયોજન

(એજન્સી) અમદાવાદ । તા. 25

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર "સ્વચ્છતા હી સેવા" 17 સપ્ટેમ્બર થી 02 ઓક્ટોબર, 2024 સુધી "સ્વચ્છતા હી સેવા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શિકા મુજબ રેલ્વે કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે અને અભિયાનમાં તેમની ભાગીદારી પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સ્ટેશનો પર પણ એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા સ્વચ્છતાને લગતી જાહેરાતો સતત કરવામાં આવી રહી છે, જેથી મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી શકાય. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ચાલતા વિવિધ કાર્યક્રમોમાં 24 સપ્ટેમ્બર 2024ના રોજ ડોર ટુ ડોર અભિયાન ચલાવવામાં આવ્યા. આ અભિયાન અંતર્ગત ડિવિઝનના પાલનપુર, મહેસાણા, સાબરમતી, અમદાવાદ, મણિનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો પર અને રેલવે કોલોનીઓમાં વિવિધ વિભાગો દવારા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી સ્વચ્છતાની કાળજી લો, ત્યારે બનશે દેશ મહાન અને અન્ય સૂત્રોચ્ચાર સાથે સ્વચ્છતાના સૂત્રો સાથેના પ્લેકાર્ડ અને બેનરો સાથે ડોર ટુ ડોર ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

OFFICE OF THE DIRECTOR GENERAL ASSAM RIFLES
SHILLONG - 793 010

ASSAM RIFLES MERITORIOUS SPORTSPERSONS RECRUITMENT RALLY 2024

Memo No. I.12016/A Branch (Rect Cell)/2024/431 Dated : 06 Sep 2024

1. Online applications are invited from Indian Nationals Male & Female both as prescribed in detail advertisement to fill up **38 vacancies** in Rifleman/Riflewomen General Duty posts in the Assam Rifles against Meritorious Sportspersons Recruitment Rally.
2. Last date of receipt of applications for all candidates is **27 Oct 2024**. Please login to official website of the Assam Rifles www.assamrifles.gov.in to access the online Application Form. The online SERVER will start functioning from **28 Sep 2024**.
3. **Eligibility Criteria**. Age Limit, Education Qualification, Qualitative Requirements, Relaxation in Age, Physical Standards etc. and other instructions are furnished in detailed advertisement available at official website of the Assam Rifles www.assamrifles.gov.in and Employment News dated **28 Sep 2024**.
4. **How to apply**. Applications will be accepted through online mode only. To apply, fill up the online application by clicking on "**ONLINE APPLICATION**" option and follows the instructions given on the Online Application portal of the website. The online applications portal will remain functional till last date of submission of online Application Form.
5. Candidates to undergo Physical Standard Test (PST), Field Trials in respective sports and Medical Examination at own risk and expense. Injuries including fatal due to the test during recruitment rally and transit will not be compensated in any matter by the Govt or Assam Rifles.
6. Assam Rifles reserves the right to make any changes in the advertisement or cancel it without assigning any reasons.

Sd/- XX XX XX
(Keshav Sharma)
Staff Officer-2 (Recruitment)
for Director General Assam Rifles

# જામનગર તાલુકાના શેખપાટ ગામના પાટીયા પાસેથી સ્કોડા કારમાંથી ઇંગ્લીશ દારૂની બોટલો તથા કાર પકડી પાડતી જામનગર-એલ.સી.બી.

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ સાહેબ (IPS) નાઓએ પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા અંગે સુચના કરેલ હોય, જેથી એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. શ્રી વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ. શ્રી પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પ્રોહી જુગારના કેશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા. દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના અરજણભાઈ કોડીયાતર તથા મયુદિનભાઈ સૈયદ તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા નારણભાઈ વસરાને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર તાલુકાના શેખપાટના પાટીયા પાસે અહી શાલીભદ્રનગર ની આથમણી બાજુ આવેલ ખુલ્લા પ્લોટમા પડેલ સફેદ કલરની સ્કોડા કાર નં-જી.જે.૦૩ ઈ.આર.૦૮૮૮ માથી નાની-મોટી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૦૨ કિ.રૂ.૬૬,૪૦૦/-તથા કાર કિ.રૂ.૪,૦૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ.૪,૬૬,૪૦૦/-ના મુદામાલ સાથે હાજર નહી મળી આવી મજકુર વિરૂધ્ધ પો.કોન્સ. કિશોરભાઈ પરમારએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ.કોન્સ. ક્રિપાલસિંહ જાડેજાએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વડોદરાની MS યુનિ.માં વિદ્યાર્થીનો આપઘાત

## સાયન્સ ફેકલ્ટીમાં ભણતા 18 વર્ષીય સ્ટુડન્ટે ગળેફાંસો ખાધો, સુસાઈડ નોટમાં લખ્યું- કોઈનો વાંક નથી...

(એજન્સી) વડોદરા | તા. 25

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)માં સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા 18 વર્ષીય વિદ્યાર્થીએ હોસ્ટેલમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી છે. વિદ્યાર્થીએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તે હજી જાણી શકાયું નથી. આ બનાવ અંગે ફતેગંજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે તપાસ કરતા સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે જણાવ્યું હતું કે તેણે સુસાઈડ નોટમાં લખ્યું છે કે, કોઈનો વાંક નથી, મેં મારી જાતે આ પગલું ભર્યું છે. આ અંગે પોલીસ હાલમા તપાસ કરી રહી છે.

આ બનાવ અંગે ફતેગંજ પોલીસ મથકમાં વિવેક કરંગિયા (અભ્યાસ હાલ રહે, ડાયમંડ જુબલી હોસ્ટેલ રૂમ નંબર 22, યોગ નિકેતન નિઝામપુરા રોડ ફતેગંજ વડોદરા શહેર, મૂળ રહે ગામ રાણા કંડોરણા તાલુકો રાણાવાવ પોરબંદર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, મૃતક યુવક વનરાજ મુળુભાઈ રાતિયા (ઉં.વ. 18, મૂળ વતન પોરબંદર)એ અગમ્ય કારણોસર ડાયમંડ જુબલી હોસ્ટેલના રૂમ નંબર 22માં પંખા સાથે નાયલોન દોરી વડે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો છે.

આ બનાવ અંગે ફતેગંજ પોલીસને જાણ કરતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહનો કબજો લઈ તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જ્યાં આ 18 વર્ષીય યુવકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે અને ત્યારબાદ તેના મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવશે. આ યુવક મૂળ પોરબંદરનો હોવાનું સામે આવ્યું છે અને ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં હાલ પોલીસ તપાસ કરી રહી છે.

આ અંગે ફતેગંજ પોલીસ મથકનાં પી.આઈ અજયદાન ગઢવીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ બનાવની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આ યુવક એમ.એસ. યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. આ બાબતે પરિવારને જાણ કરાઈ છે અને આત્મહત્યા ક્યાં કારણોસર કરી છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. હાલમા યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

રાજકોટના રેલનગરમાં લીવ ઈન રિલેશનશિપથી રહેતી ત્યક્તા મહિલા અને અપરિણીત યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બ્યુટી પાર્લરમાં કામ કરતી 37 વર્ષની ત્યક્તા તૃપ્તિબેન ભાવેશભાઈ ધ્રાંગધરિયા નામની મહિલાને ઈન્સ્ટાગ્રામ થકી 27 વર્ષનાં અપરિણીત યુવાન અક્ષય શૈલેષભાઈ કલોલિયા સાથે સંપર્ક થયો હતો. દોઢ વર્ષથી બન્ને વચ્ચે પ્રેમસંબંધ હતો. રેલનગરની શ્રીજી રેસિડેન્સીમાં અઠવાડિયા પહેલા જ મકાન ભાડે રાખ્યું હતુ. આ દરમિયાન ગઈકાલે મોડીરાત્રે આ યુવાન ઘરે પહોંચ્યો હતો તો પ્રેમિકાનો મૃતદેહ લટકતો જોઈ હેબતાઈ ગયો હતો અને આથી આ યુવાને મિત્રને વોઈસ કોલથી કહ્યુ કે, પ્રેમિકાએ આપઘાત કર્યો છે, જેથી હું પણ મરી જાઉં છું. બાદમા તે મિત્રે પોલીસને જાણ કરી હતી અને બાદમાં પોલીસ ત્યાં પહોંચી તો જોવા મળ્યું કે, બંને પ્રેમી પંખીડાના મૃતદેહ લટકતા જોવા મળ્યા હતા. બંનેએ આર્થિક સંકડામણ કે અન્ય કોઈ કારણથી આપઘાતનું અંતિમ પગલું ભર્યું છે કે કેમ તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, પરેશભાઈ નામના વ્યક્તિએ પોલીસને ફોન કરી જાણ કરી હતી કે, રેલનગર શ્રીજી રેસિડેન્સી બી- 10માં રહેતો મિત્ર તેની પ્રેમિકા સાથે રહે છે અને મંગળવારે રાત્રે 1 વાગ્યે પ્રેમિકાએ આપઘાત કરી લેતા મિત્રને વોઈસ મેસેજ કરી કહ્યુ કે હું પણ આપઘાત કરી લઉં છું. જેથી પ્રદ્યુમનનગર પોલીસ મથકની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ સમયે બન્નેનો મૃતદેહ લટકતો હોવાનું જોવા મળ્યું હતું. જેથી પોલીસે પંચનામું કરી બન્ને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, તૃપ્તિબેન બ્યુટી પાર્લરનું કામ કરતા હતા. તેના પ્રથમ લગ્ન તેમની જ્ઞાતિના યુવક સાથે 15 વર્ષ પહેલા થયા હતા. જો કે, એ લગ્ન તૂટી ગયા હતા અને આ મહિલાએ 10 વર્ષ પહેલા ગેરેજ સંચાલક ભાવેશભાઈ ધ્રાંગધરિયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

**ન્યૂઝ કોર્નર**

### ઈજનેર પર સિવિલ કોન્ટ્રાક્ટરનો હુમલો: 'તને અધિકારી કોને બનાવેલ છે?'

પાટણ | હારીજ ખાતે આવેલી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનાં અધિક મદદનીશ ઈજનેર કેતનભાઈ આર. પટેલ રે. હાલ. પાટણ, મૂળ રે. અડીયા, તા. હારીજવાળા ઉપર રાધનપુરનાં પાર્થ પંડયા નામનાં પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરે હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ મદદનીશ ઈજનેર કેતનભાઈ પટેલે નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મજુબ, હારીજનાં માંસા વોટર ફિલ્ટર પ્લાન્ટ ઉપર સરદાર સરોવર નિગમ વિભાગનાં અધિકારી આવવાનાં હોવાથી વોટર ફિલ્ટર પ્લાન્ટ પાછળ ચાલતા સ્ટ્રક્ચરનાં કામની હદમાં ફિલ્ટર પ્લાન્ટનું પાણી જાય છે કે કેમ તેની સ્થળ તપાસ કરવાની ઉપરી અધિકારીની સૂચના મુજબ કેતન આર. પટેલ પ્લાન્ટ પર તેની સ્થળ તપાસ કરીને તેઓ ફિલ્ટર પ્લાન્ટ ઉપર બેઠા હતા.

### અબ્રામામાં 'ધંધો કરવો હોય તો દરવર્ષે એક લાખ આપવા પડશે'

વલસાડ | વલસાડ શહેરના અબ્રામાની વૃદાવન સોસાયટીમાં એક ખુલ્લા પ્લોટના માલિકની જમીન ભાડે રાખીને 2 મિત્રોએ 2021માં મારુતિ મોટર્સના નામે ગેરેજની શરૂઆત કરી હતી. જે ગેરેજ વર્ષ 2023માં એક સાપ્તાહિક અખબારના તંત્રીની નજરે આવી જતા ગેરકાયદેસર ગેરેજ હોવાના સમાચાર પોતાના સાપ્તાહિક અખબારમાં પ્રસિદ્ધ કર્યા હતા. ગેરેજ સંચાલકે તેમને સમગ્ર હકીકત જણાવતા રૂ 1 લાખ વાર્ષિક આપવાની ખંડણી સાપ્તાહિક અખબારના તંત્રીએ માંગી હતી. જે બાદ ગેરેજ સંચાલક સાથે રૂ. 50 હજારમાંસમાધાન થયું હતું. વારંવાર ઉઘરાણી કરી રૂપિયાની માંગણી કરતા ગેરેજ સંચાલકે વલસાડ સીટી પોલીસ મથકે સાપ્તાહિક અખબારના તંત્રી વિરુદ્ધ ખંડણી માંગતા હોવાની ફરિયાદ નોંધાવી હતી.નહીંતર હજુ પેપરમાં સમાચાર લખીને નગર પાલિકા ઉપર ગેરેજ તોડવા દબાણ લાવીને ગેરેજનો શેડ તોડવી નાખવાની ધમકી આપી હતી.

## બોટાદ નજીક રેલવે ટ્રેક પર 4 ફૂટનો પાટાનો ટુકડો ઊભો કર્યો, ઓખા-ભાવનગર ટ્રેન અથડાઈ; ડોગ સ્ક્વોડ-ડ્રોન કેમેરાથી તપાસ

# ફરી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ, હજારો જીવ બચ્યા

**બોટાદ | ગુજરાતમાં 4 દિવસ પહેલાં સુરતના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના પ્રયાસનો પર્દાફાશ થયા બાદ આજે ફરી એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો છે. બોટાદના કુંડલી ગામ નજીક મોડી રાત્રે રેલવે ટ્રેક પર 4 ફૂટ ઊંચા પાટાનો ટુકડો કોઈએ ઊભો કરી દીધો. મોડી રાત્રે ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાતા એન્જિન બંધ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ટ્રેન સહીસલામત ટ્રેક પર ઊભી રહી જતા હજારો લોકોના જીવ બચી ગયા હતા. ઘટનાની તપાસમાં ડોગ સ્ક્વોડ-ડ્રોન કેમેરાની પણ મદદ લેવાઈ રહી છે. ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હોવાની આશંકાએ પોલીસ તપાસ કરી રહી છે. રેલવે ટ્રેક પરથી લોખંડના ટુકડા મળ્યા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. હાલ બોટાદ પોલીસ, LCB, SOG સહિતની ટીમ આ બનાવ કઈ રીતે બન્યો તે અંગે તપાસ કરી રહી છે.**





### કાનપુરમાં 14 દિવસમાં ટ્રેનને પાટા પરથી ઉતારવાનું બીજું ષડ્યંત્ર

કાનપુરના પ્રેમપુર સ્ટેશન પર સિલિન્ડર રાખવાની માહિતી મળતાંની સાથે જ વરિષ્ઠ રેલવે અધિકારીઓ, આરપીએફ, જીઆરપી અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, માલગાડી કાનપુરથી પ્રયાગરાજ જઈ રહી હતી. ટ્રેક પર રાખેલું 5 કિલોનું સિલિન્ડર ખાલી હતું. યુપીમાં 38 દિવસમાં ટ્રેન ઉથલાવવાનું આ પાંચમું ષડ્યંત્ર છે. આ પહેલાં 8 સપ્ટેમ્બરે કાનપુરમાં જ કાલિંદી એક્સપ્રેસને ભરેલા સિલિન્ડરને પાટા પરથી ઉતારવાનું ષડ્યંત્ર રચવામાં આવ્યું હતું.

મુઝફ્ફરપુર-પુણે સ્પેશિયલ ટ્રેનના એન્જિનનાં છ પૈડાં પાટા પરથી ઊતરી ગયાં હતાં. પાટા પરથી ઊતરી ગયેલું એન્જિન પુણે-મુઝફ્ફરપુર સ્પેશિયલ ટ્રેન સાથે આવ્યું હતું. પ્લેટફોર્મ 4 પરથી એન્જિનને મુઝફ્ફરપુર-પુણે સ્પેશિયલ ટ્રેન સાથે જોડવાનું હતું. દરમિયાન ભાગલપુર-મુઝફ્ફરપુર ઈન્ટરસિટી જંક્શન પર આવી રહી હતી. જેના કારણે એન્જિનને સિગ્નલ આપવામાં આવ્યું ન હતું અને તેને સિગ્નલ વગર આગળ ખસેડવામાં આવ્યું હતું.

**ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઊભો કર્યો:** આ ઘટના અંગે બોટાદ જિલ્લા SP કે.એફ. બરોડિયાએ જણાવ્યું હતું કે, બોટાદ જિલ્લાના રામપુર પોલીસ સ્ટેશનની હદમાં કુંડલી ગામથી 2 કિલોમીટરના અંતરે વહેલી સવારે પેસેન્જર ટ્રેન નંબર 19210 ઓખા-ભાવનગર ટ્રેન જતી હતી ત્યારે કોઈએ રેલવે ટ્રેકની વચ્ચે આશરે ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઊભો કરી દીધો હતો. જેના લીધે ઓખા-ભાવનગર ટ્રેનનું એન્જિન અથડાતાં ટ્રેન ઊભી રહી ગઈ હતી. ત્યાર બાદ રેલવે પોલીસ અને રેલવે વિભાગ દ્વારા રાણપુર પોલીસને જાણ કરતા હાલ LCB, SOG સહિતની ટીમે આ અંગે તપાસ હાથ ધરી છે.

### દેશમાં બે મહિનામાં 23 રેલ દુર્ઘટના

દેશમાં બે મહિનામાં ટ્રેનને પાટા પરથી ઉતારવાનો આ 23મો પ્રયાસ છે. અગાઉ 20 સપ્ટેમ્બરે સુરતમાં રેલવે ટ્રેકમાં છેડછાડ કરવામાં આવી હતી. એ કેસની તપાસ NIAને સોંપવામાં આવી છે. બીજી તરફ બિહારના મુઝફ્ફરપુર જંક્શન પર શનિવારે રાત્રે મુઝફ્ફરપુર-પુણે સ્પેશિયલ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઊતરી ગયું હતું. સિગ્નલ ન મળતા ટ્રેન આગળ વધવા લાગી ત્યારે આ અકસ્માત થયો હતો. ટ્રેનોને પાટા પરથી ઉતારવાના વધી રહેલા પ્રયાસોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર રેલવે એક્ટમાં સુધારો કરવા જઈ રહી છે.

આ અંગે ટૂંક સમયમાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ અંતર્ગત અકસ્માતનું ષડ્યંત્ર રચવા બદલ રાજદ્રોહનો કેસ નોંધવામાં આવશે. આજીવન કેદથી લઈને મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ પણ હશે.

### ટ્રેન પાટા પરથી ઉતારી દેવાના દોષિતોને આજીવન કેદથી લઈને મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ

રેલવે અધિનિયમની વર્તમાન જોગવાઈઓમાં રેલવે અધિનિયમ-1989ની કલમ 151 હેઠળ જો રેલવે અકસ્માતનું ષડ્યંત્ર સાબિત થાય તો મહત્તમ 10 વર્ષની સજા અને દંડની જોગવાઈ છે. હવે આ કાયદામાં પેટા કલમ ઉમેરીને તેને દેશદ્રોહની શ્રેણીમાં લાવવાની તૈયારીઓ થઈ રહી છે.

ગૃહ મંત્રાલયનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવે ટ્રેક પર બેરિકેડ લગાવવા એ દુર્ઘટનાનું ષડ્યંત્ર છે. જો તેના કારણે અકસ્માત થાય અને જાનમાલનું નુકસાન થાય તો આરોપીઓ સામે સામૂહિક હત્યાની કલમ પણ લગાવી શકાય છે. આ અંતર્ગત આજીવન કેદથી લઈને મૃત્યુદંડ સુધીની જોગવાઈઓ હોઈ શકે છે. આ અંગે કાયદાકીય સલાહ લેવામાં આવી રહી છે. આ સંબંધમાં નવી જોગવાઈઓ ટૂંક સમયમાં સૂચિત થઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, વિરોધ વગેરેને કારણે રેલ ટ્રાફિકને અસર થશે તો નવા બદલાયેલા નિયમો અસરકારક રહેશે નહીં.

### સંવેદનશીલ સ્થળો અને રેલવે એન્જિન પર કેમેરા લગાવવામાં આવશે

રેલવે બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે, ટ્રેક પર બેરિકેડ લગાવવાના કાવતરાનો સામનો કરવા માટે સંવેદનશીલ વિસ્તારોમાંથી પસંદગીની પેસેન્જર ટ્રેનો પસાર કરતા પહેલાં પાઈલટ લોકો ચલાવવામાં આવે છે. આ સાથે રેલવે ટ્રેક પર પોલીસ અને ગેંગમેનની તપાસ વધારી દેવામાં આવી છે.

રેલવે આગામી દિવસોમાં સંવેદનશીલ સ્થળોએ કેમેરા લગાવવાની તૈયારી કરી રહ્યું છે. રેલવે એન્જિન પર પણ કેમેરા લગાવવાની યોજના છે, જેથી રિયલ ટાઈમ મોનિટરિંગ થઈ શકે.

## આખલો આડે ઉતરતાં આઈસર ટીસી સાથે અથડાઈ વાડીમાં પડ્યું

(એજન્સી) આટકોટ | તા. 25



રાજકોટ ભાવનગર હાઈવેને ફોર લેન બનાવ્યા પછી તંત્રને આશા હતી કે અકસ્માતોની વણઝાર અટકશે પરંતુ એવું બન્યું નથી. છાશવારે અહીં વાહનો અથડાવાના કે ગોળાઈમાં વાહનો ખેતર કે વાડીમાં ઉતરી જવાના અનેક બનાવોની વણઝાર શરૂ રહી છે. તાજેતરમાં જ રાજકોટ ભાવનગર હાઈવે પર આટકોટ પાસે રાજ ગેરેજ પાસે વહેલી સવારે આઈસર આડે આખલો ઉતરતાં આઈસરના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતાં આઈસર વાડીના ખૂણા પર આવેલા ટીસી સાથે જોરદાર અથડાયું હતું અને પાસેની વાડીમાં જઈ પડ્યું હતું. જો કે સવારનો સમય હોઈ, ખાસ અવરજવર ન હોવાથી કોઈ જાનહાનિ થવા પામી ન હતી, જો કે પીજીવીસીએલના ટીસીના ભૂક્કા બોલી ગયા હતા અને આઈસર વાડીની દિવાલ પાસે અથડાઈને ઉભુ રહી ગયું હતું. જો કે આ ઘટનાના પગલે તાબડતોબ વીજ પૂરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.

## ભાગીદારીમાં ખાણ રાખવાની લાલચ આપીને ભાણવડની મહિલા સાથે રૂપિયા 13 લાખ જેટલી છેતરપિંડી કરી...

(એજન્સી) દ્વારકા ખંભાળિયા | તા. 25

ભાણવડ તાલુકાના નવાગામ ખાતે રહેતા એક મહિલાને શાળા સંચાલક દ્વારા ભાગીદારીમાં ખાણ રાખવા માટે પૈસાનું રોકાણ કરવા બાબતે વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા 12.91 લાખની છેતરપિંડી કરી ધાક ધમકીઓ આપવા અંગે ધોરણસર ફરિયાદ નોંધાઈ છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાણવડ તાલુકાના નવાગામ વાડી વિસ્તારમાં રહેતા અને આંગણવાડીમાં હેલ્પર તરીકે કામ કરતા મુમતાઝબેન સુલેમાનભાઈ ઘુઘા નામના 38 વર્ષના મહિલાનો પુત્ર આ જ ગામના સાગર ચનાભાઈ છુછરની શાળામાં અભ્યાસ કરતો હતો. જેથી સાગર તથા મુમતાજબેન એકબીજાના પરિચયમાં હતા. આ દરમિયાન સાગરે ફરિયાદી મુમતાજબેનને જામજોધપુર તાલુકાના પરડવા ગામે ખાણમાં ભાગીદારીમાં ખાણમાં પૈસાની લાલચ આપી, તેણીનો વિશ્વાસ કેળવી લીધો હતો. આ પછી તા. 21 સપ્ટેમ્બર 2023 ના સમયગાળા દરમિયાન તેણીની પાસેથી રોકડ તેમજ ગોલ્ડ લોન સ્વરૂપે ટુકડે ટુકડે રોકડ રકમ તથા બેન્ક મારફતે રૂપિયા 12,91,412 મેળવી લઈ આ પછી સુનિયોજિત છેતરપિંડીના ભાગરૂપે ફરિયાદી પાસેથી આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા મેળવી અને કોરા કાગળ પર મુમતાઝબેનની સહીઓ પણ લઈ લીધી હતી.

આ પછી ફરિયાદીએ આરોપી સાગર પાસેથી પોતાના રૂપિયા પરત લેવા માટેની માંગણી કરતા એણે પોતાની પાસે પૈસા ન હોવાનું કહી, તેના એક્સિસ બેન્કના કુલ રૂપિયા 9.10 લાખના બે ચેક તેમજ અન્ય એક આસામી હલીમાબેનનો રૂપિયા પાંચ લાખનો ચેક આપ્યો હતો. જે ફરિયાદી મુમતાઝબેને બેંકમાં જમા કરાવતા આ ચેક રિટર્ન થયા હતા.

આ પછી પણ આરોપી સાગરે ફરિયાદી મહિલાને એમને દેવાના થતા પૈસા બાબતે તેમને વિશ્વાસમાં રાખી અને તેમને આપવાની થતી રકમ ઉઘરાણી કરવા છતાં પરત આપી ન હતી. આટલું જ નહીં, ફરિયાદી મુમતાજબેને પૈસાની ઉઘરાણી કરવા તેમના ઘરે જતા તેમને ધાક ધમકી આપીને કાઢી મૂકી, લાકડાના ધોકા વડે માર મારવાની ધમકી પણ આપી હોવાનું વધુમાં જાહેર થયું છે.

આ સમગ્ર બનાવ અંગે ભાણવડ પોલીસે મુમતાજબેન સુલેમાન ઘુઘાની ફરિયાદ પરથી છૂછર સાગર ચનાભાઈ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ ગુજરાત પોલીસ એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી. એસ.આઈ. કે.કે. મારુ દ્વારા હાથ ધરવામાં આવી છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### તપાસ: દિઘડિયા નજીક બાઈક સાથે યુવાન કેનાલમાં ખાબક્યો

મોરબી | હળવદ તાલુકાના દીઘડીયા ગામ નજીકથી પસાર થતી મોરબી બ્રાન્ચની નર્મદા કેનાલમાં મુળી તાલુકાનાં આંબરડી ગામનો યુવાન આજે વહેલી સવારે બાઈક સહિત કેનાલમાં ખાબક્યો હતો.બનાવને પગલે સ્થાનિક તરવૈયાઓ દોડી ગયા હતા અને ભારે શોધખોળ બાદ યુવાનનો મૃતદેહ અને બાઈકને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. અલ્પેશભાઈ રવજીભાઈ સડાલીયા ઉંમર વર્ષ 35 આજે વહેલી સવારે પાંચેક વાગ્યાની આસપાસ હળવદના દીઘડીયા નજીક જંગલમાંથી પસાર થતી મોરબી બ્રાન્ચની નર્મદા કેનાલ કાંઠેથી બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા.

### આટકોટમાં યુવાન પર કૌટુંબિક ભાઈનો હોકીથી હુમલો

આટકોટ | આટકોટમાં રહેતા યુવાન પર કૌટુંબિક ભાઈએ હોકી વડે હુમલો કર્યો હતો, જેમાં યુવાનને ઈજા પહોંચતા પ્રથમ આટકોટ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવાનના મામા પાસેથી તેના કાકાએ કાર લીધી હતી તેના હપ્તા ન ભરતા હોય આ કાર પરત લઈ લીધી હોય જેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. આટકોટના હુસેની ચોક પાસે રહેતા સાકીર ઈબ્રાહીમભાઈ સંધી નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અરશદ સિકંદર સંધીનું નામ આપ્યું હતું.

## દેવભૂમિ દ્વારકાના ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર 3 હજારની લાંચ લેતા ઝડપાયો

(એજન્સી) દ્વારકા ખંભાળિયા | તા. 25

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રહેતા એક આસામી દ્વારા પોતાનું ડબલ થયેલું પાનકાર્ડ રદ કરાવવા જતા આ અંગે દ્વારકાના ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર દ્વારા રૂ. 10,000ની માંગણી કર્યા બાદ લેતી-દેતીમાં રૂપિયા 3,000ની રોકડ રકમની લાંચ લેતા એ.સી.બી. પોલીસે આ અધિકારીને ઝડપી લઈ ગુનો નોંધ્યો છે.

સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દ્વારકા જિલ્લામાં રહેતા એક આસામીએ અગાઉ કઢાવેલું પાનકાર્ડ ખોવાઈ જતા તેમણે ઓનલાઈન માધ્યમથી બીજું પાનકાર્ડ કઢાવ્યું હતું. આ પછી તેમને પોતાનું જૂનું પાનકાર્ડ મળી આવ્યું હતું. તેમની પાસે થઈ ગયેલા બે પાનકાર્ડ પૈકી પોતાનું નવું પાનકાર્ડ રદ કરવા માટે તેમણે દ્વારકા ખાતે આવેલી ઈન્કમટેક્સ કચેરીનો સંપર્ક કર્યો હતો. અહીં ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સુનિલકુમાર અરવિંદકુમાર મીના (ઉ.વ. 30)એ તેમની પાસે આવેલા આસામીને ડબલ પાનકાર્ડ ધરાવવા બદલ પેનલ્ટી તેમજ જેલની સજા થઈ શકે તેમ જણાવ્યું હતું. સામા પક્ષે ફરિયાદી આસામીએ પોતાને આવી કોઈ નોટિસ મળેલ નથી અને પોતે સામેથી બીજું પાનકાર્ડ રદ કરાવવા આવ્યા છે તેમ જણાવ્યું હતું. તેમ છતાં પણ ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર મીનાએ રૂ. 10,000ની પેનલ્ટી થશે તે ભરવી ન હોય તો અડધા રૂપિયા 5,000 વહીવટ પેટે આપી દેવા જણાવ્યું હતું. આથી ફરિયાદીએ આનાકાની કર્યા બાદ રૂ. 3,000માં લેતી-દેતી કરવાનું નક્કી થયું હતું. આ પછી ફરિયાદી આસામીએ એન્ટી કરપ્શન બ્યુરો કચેરીનો સંપર્ક કર્યો હતો. જેને અનુલક્ષીને રાજકોટ એ.સી.બી. વિભાગના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના માર્ગદર્શન હેઠળ જામનગર - દ્વારકા જિલ્લાના ઈન્ચાર્જ અધિકારી પી.આઈ. આર.એન. વિરાણી દ્વારા ગુનાહિત ગેરવર્તણુક કરવા સબબ એ.સી.બી. પોલીસે આજરોજ ધોરણસર કાર્યવાહી કરી હતી.

## વાપી GIDC વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાંથી સિગારેટના પેકેટની ચોરી, પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી...

(એજન્સી) વલસાડ | તા. 25

વલસાડના વાપીના GIDC વિસ્તારમાં આવેલા સિગારેટના એક ગોડાઉનમાંથી અજાણ્યા શખ્સો રાત્રિના સમેય સિગારેટના પેકેટની ચોરી કરી જતા ગોડાઉન માલિક દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થતા પોલીસ દ્વારા સીસીટીવીના આધારે અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

વલસાડ જિલ્લાના વાપી GIDC વિસ્તારમાં આવેતા મામૂ ચા સેન્ટર સામે આવેલા રોયલ ચેમ્બરમાં આવેલી દુકાન નંબર 3, 14, 15માં આવેલા જે .પી .પટેલ એન્ડ સન્સ નામથી ગોડાઉન આવ્યું છે. 22 સપ્ટેમ્બરની રાત્રી દરમ્યાન અજાણ્યા ચોર ઈસમોએ ગોડાઉનના શટરનો નકુચો કોઈ સાધન વડે તોડી ગોડાઉનમાં ગેરકાયદેઆર રીતે પ્રવેશી જે. પી. પટેલ એન્ડ સન્સના ગોડાઉનમાં મુકેલી સિગરેટના જથ્થામાંથી ચોરી કરી હતી.



બીજા દિવસે રવિવાર હોવાથી ગોડાઉન નજીક આવેલી જે. પી. પટેલ એન્ડ સન્સની ઓફિસમાં કામ કરી ગોડાઉન સંચાલક શશીકાંત કમલેશભાઈ પટેલ ગયા હતા. સોમવારે સવારે મુંબઈ ખાતે કામ અર્થે જઈ રહ્યા હતા. જે દરમ્યાન જે. પી. પટેલ એન્ડ સન્સના ગોડાઉનમાં કામ કરતા કર્મચારી સવારે ગોડાઉન ખોલવા આવ્યા ત્યારે શટરનો નકુચો તૂટેલી હાલતમાં જોઈને તાત્કાલિક શશીકાંત પટેલને ઘટનાની જાણ કરી હતી. શશીકાંત પટેલે તાત્કાલિક મુંબઈનો પ્રવાસ અટકાવી પરત વાપી આવી પહોંચ્યા હતા. ગોડાઉનમાં જઈને ચેક કરતા ITC કંપનીની અલગ અલગ બ્રાન્ડની સિગરેટના પેકેટ ભરેલા થેલાઓ ઓછા જણાઈ આવ્યા હતા. ઘટના અંગે સ્થાનિક લોકો અને અગ્રણીઓ તેમજ વાપી GIDC પોલીસનો ટીમને ઘટનાની જાણ થતાં વાપી GIDC પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ચેક કરતા શટરનું તાળું કોઈ સાધન વડે તોડી ચોરી કરી ગયા હોવાનું જણાય આવ્યું હતું. ગોડાઉનમાં કેમેરા અને શોપિંગ સેન્ટરમાં લાગેલા CCTV ફૂટેજ મેળવ્યા હતા. વાપી GIDC પોલીસ મથકે શશીકાંત કમલેશભાઈ પટેલે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વાપી GIDC પોલીસની ટીમે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો તા.૨૭ સપ્ટેમ્બરના રોજ હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાશે

પ્રદિપસિંહ જી રાઠોર | જામનગર

ગુજરાતમાં જરૂરિયાત મંદ લોકો સુધી સરકારની સીધી સહાય પહોંચે અને ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની ભૂમિકા નાબૂદ થાય તેવા હેતુસર ગરીબ કલ્યાણ મેળાનું સમગ્ર રાજ્યમાં આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે જામનગર જિલ્લામાં આગામી તા.૨૭મી સપ્ટેમ્બરના રોજ હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવશે. જેના સૂચારું આયોજન માટે જામનગર જિલ્લા કલેક્ટરશ્રી બી. કે. પંડયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજવામાં આવી હતી. કેબિનેટમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજનારા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ, સ્ટેજ પરથી લાભાર્થીઓને કીટ વિતરણ, વિવિધ વિભાગોના સ્ટોલ, લભાર્થીઓના પ્રતિભાવોનો સમાવેશ કરવામાં આવશે. આ બેઠકમાં સબંધિત વિભાગના અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલી જવાબદારી નિભાવવા, લાભાર્થીઓને જરૂરી સુવિધાઓ મળી રહે, લાભાર્થીઓને કાર્યક્રમ સ્થળે લઈ આવવા અને લઈ જવાની વ્યવસ્થાઓ, બેઠક વ્યવસ્થા, કીટ વિતરણ, પાર્કિંગની સુવિધા, પીવાના પાણીની સુવિધા, સલામતી અને સુરક્ષા જાળવવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડાશ્રી પ્રેમસુખ ડેલું, અધિક નિવાસી કલેક્ટરશ્રી બી.એન.ખેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિમલ ગઢવી, પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યુઝ ફ્લેશ

### સવારે ઝરમર વરસાદ, દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું

ભાવનગર | નૈઋત્યનું ચોમાસું ગુજરાતના કેટલાક ભાગોમાં પાછું ખેંચાયું છે અને તેના લીધે હવે ગોહિલવાડમાં મેઘરાજાનો છેલ્લો રાઉન્ડ આવવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૦ દિવસ દરમિયાન ભાવનગરમાં ભાદરવાની ગરમીનો અનુભવ થયા બાદ ગત રવિવાર પછી આજે ભાવનગરમાં સવારે તથા સિહોર અને પાલિતાણામાં ઝરમર વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગ દ્વારા આવતી કાલ અને પરમ દિવસે યેલો અને શુક્રવારે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગોહિલવાડમાં મેઘરાજાનો છેલ્લો રાઉન્ડ આવવાની શક્યતા છે. હવામાન વિભાગે રાજ્યમાં 5ઓક્ટોબર સુધી ચોમાસુ રહેશે તેવું જણાવેલ છે.

### યાત્રાએ ગયેલા ભાવનગરના પ્રૌઢનું બદ્રીનાથમાં હૃદયરોગના હુમલાથી મોત

ભાવનગર | શહેરના ઘોઘાસર્કલ વિસ્તારમાં રહેતા અને સિંધી સમાજમાં સક્રિય પ્રૌઢનું બદ્રીનાથધામની યાત્રા દરમિયાન આજે સવારે તેમનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. સદ્દ્ગતના નિધનના સમાચાર વાયુવેગે સિંધી સમાજમાં પ્રસરતાં પરિવાર સહિત સમગ્ર સમાજમાં શોક છવાયો હતો. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ ભાવનગર શહેરના ઘોઘાસર્કલ યુનિયન બેંકની સામે રહેતાં અને અનાજ દળવાની ઘંટી ચલાવતા અને હાલ નિવૃત્ત જીવન ગાળતા સુનિલભાઈ લક્ષ્મણદાસ નરવાણી (ઉ.વ.૬૩)તેમના પરિવારજનો સાથે ૧૫ દિવસ પહેલા વારાણસી ગયા હતા. જ્યાંથી પરિવાર પરત ભાવનગર ફર્યો હતો.

### ચિત્રા જીઆઈડીસીના તમામ રોડ અત્યંત બિસ્માર હાલતમાં

ભાવનગર | ચિત્રા જીઆઈડીસીના તમામ રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે. વાહન ન ચલાવી શકાય તેવા મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. આથી આ અંગે યોગ્ય કરવા ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિઠ્ઠલવાડી ઉદ્યોગનગર સ્થિત ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના પ્રાદેશિક મેનેજરને રજૂઆત કરવામાં આવેલ છે.આ રજૂઆતમાં જણાવાયું છે કે, સંસ્થાના ચિત્રા ઔદ્યોગિક વસાહતો ખાતેના સભ્ય એકમો પાસેથી મળેલ રજૂઆત મુજબ સમગ્ર જી.આઈ.ડી.સી.ના તમામ રોડ ખૂબ જ ખરાબ અને બિસ્માર થઈ ગયા છે. રોડ પર વાહનો ચલાવી ન શકાય તેવા મોટા અને ઊંડા ખાડાઓ પડી ગયેલ છે. અને ચિત્રાના ઉદ્યોગકારો તેમજ કામદારો ખૂબ જ મુશ્કેલી અને અનુભવી રહ્યા છે. વસાહત મોટી હોવાના કારણે વાહન વ્યવહાર પણ ખૂબ મોટા પ્રમાણમાં થતો હોય છે અને તેવા સંજોગોમાં આવા ખરાબ રોડનો ત્રાસ જીઆઈડીસી વસાહતમાં આવનાર તમામ લોકો અનુભવે છે.

### જનજાગૃતિ રેલી ફુવારા ચોકથી નીકળી તમાકુ નિયંત્રણના નારા સાથે અર્બન હોસ્પિટલ ખાતે સમાપન થઈ

## જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલે તમાકુ નિયંત્રણ જનજાગૃતિ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ના અમલીકરણ માટે તા.૨૪ સપ્ટેમ્બર-૨૦૨૪ થી તા.૨૩ નવેમ્બર-૨૦૨૪ ને તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ (Tobacco Free Youth Campaign 2.0) તરીકે ઉજવવા અને તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા જન જાગૃતિ લાવવા પાંચ વ્યૂહરચના દ્વારા મહીસાગર જિલ્લામાં વિવિધ કામગીરી હાથ ધરવામાં આવશે.જે અંતર્ગત આજ રોજ લુણાવાડા ફુવારા ચોક આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલે તમાકુ નિયંત્રણ જનજાગૃતિ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ રેલી ફુવારા ચોકથી નીકળી તમાકુ નિયંત્રણના નારા સાથે અર્બન હોસ્પિટલ ખાતે સમાપન થઈ હતી. ઉપસ્થિત સર્વે લોકોએ નો તમાકુ પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સી આર પટેલ, જનરલ હોસ્પિટલ અધિક્ષકશ્રી જે કે પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સી આર પટેલિયા સહિત આરોગ્ય અધિકારીશ્રીઓ, સ્ટાફ, શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

### મહીસાગર જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૨૭ સપ્ટેમ્બરે પી એન પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે યોજાશે

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં આગામી ૨૭ સપ્ટેમ્બરના રોજ પી એન પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા ના સુચારુ આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલના અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમા જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના આયોજન સંદર્ભે સંબંધિત કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અને કામગીરી તથા કાર્યક્રમને લગતી તમામ વ્યવસ્થાઓનું આયોજન સુચારું રીતે થાય તે માટે અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળે પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક નિયમન, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સહિતના મુદ્દાઓ અનુસંધાને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી સી વી લટા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મૈત્રીબેન, લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નરેશ મુનિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સી આર પટેલ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાયો



દિપક રાવલ | દાહોદ

ઝાલોદ મામલતદાર કચેરી ખાતે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમ વર્ગ ૧ ના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કલેક્ટરે ઝાલોદ ખાતેની મામલતદાર કચેરીએ અરજદારના પ્રશ્નો સાંભળ્યા હતા. આ પ્રશ્નોનો પણ કલેકટરશ્રી દ્વારા સુખદ ઉકેલ લાવવામા આવ્યો હતો. જેમાં અરજદારોએ બસ સ્ટોપ ફાળવણી, ભારે વરસાદને કારણે થયેલ નુકશાન, પ્રધાન મંત્રી આવાસ યોજના, જમીન સહિત અન્ય પ્રશ્નોની રજૂઆત કરી હતી. કલેકટર યોગેશ નિરગુડે એ અરજદારના પ્રશ્નોને સાંભળ્યા બાદ આ બાબતે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપ્યા હતા.

અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ મળતા તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમ માટે સરકારને ધન્યવાદ પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ "સ્વાગત" ની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી.

આ સાથે જિલ્લા કલેકટર શ્રી યોગેશ નિરગુડે એ મામલતદાર કચેરી એ વિવિધ શાખાનું નિરીક્ષણ કર્યું હતું ટાંડી ગ્રામ પંચાયત ,ટાંડી પ્રાથમિક શાળાની મુલાકાત અને ટાંડી આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરીને જરૂરી સૂચનો કર્યા હતા.

આ વેળા એ ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે.ભાટિયા, ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર,ઝાલોદ તાલુકા વિકાસ અધિકારી કે.એચ.ગઢવી,નાયબ મામલતદાર , લીમડી સર્કલ ઓફીસર, તલાટી અને સરપંચ, આંગણવાડી કાર્યકર બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



## ભાવનગર મનપાના ફૂડ વિભાગે એક માસમાં ખાદ્યપદાર્થના 37 નમૂના લીધા

(એજન્સી) ભાવનગર | તા.25

ભાવનગર શહેરમાં ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતી હોય છે, જેના ભાગરૂપે છેલ્લા એક માસમાં ખાદ્યપદાર્થના ૩૭ નમુના લેવામાં આવ્યા હતાં. શ્રાધ્ધ પર્વના પગલે દુધ અને દુધની બનાવટના નમુના તેમજ ગુજરાત રાજ્ય પુરવઠા નિગમના ગોડાઉનમાંથી ખાદ્યપદાર્થના નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં. મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ચાલુ સપ્ટેમ્બર માસમાં વેપારી પેઢીઓને ત્યાં તપાસ કરી ખાદ્યપદાર્થના ૩૭ નમુના લીધા હતા, જેમાં શ્રાધ્ધ પર્વના પગલે દુધ અને દુધની બનાવટોના કુલ ૩૦ નમુના લેવામાં આવ્યા હતા, જ્યારે ગુજરાત રાજ્ય પુરવઠા નિગમના ચિત્રા અને નારી રોડના ગોડાઉનમાંથી અનાજ, કઠોળ, ખાદ્યતેલ વગેરેના કુલ ૭ નમુના લેવામાં આવ્યા હતાં. ખાદ્યપદાર્થના નમૂનાઓ લઈ તપાસ અર્થે સરકારી પ્રયોગશાળામાં મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



## નડિયાદની સુલતાન પાર્ક સોસાયટીમાં 10 દિવસથી ગટરો ઉભરાતા હાલાકી

(એજન્સી) નડિયાદ | તા.25

નડિયાદ નગરપાલિકાના વોર્ડ નં.-૬માં આવેલા મરીડા રોડ પર સુલતાન પાર્ક, અબુ બકર, શબનમ પાર્ક, યાસીન પાર્ક સહિતની ૧૦ સોસાયટીઓમાં પાકા રસ્તા, સ્ટ્રીટલાઈટ, ગટરના પાણીનો નિકાલ જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર સુવિધાઓ આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે. હાલમાં સોસાયટીના મુખ્ય રસ્તા પર છેલ્લા ૧૦ દિવસ ઉપરાંતથી ગટર ઉભરાય છે. વરસાદના પાણીની જેમ ગંદુ પાણી રસ્તા પર વહે છે. જેથી સોસાયટીના રહીશો ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. ડ્રેનેજ લાઈન વરસો જૂની હોવાના પરિણામે ગટર ઉભરાવાની સમસ્યા કાયમી બની છે. નડિયાદ પાલિકાના વોર્ડ નં.-૬માં ઉબડખાબડ રસ્તાના લીધે રિક્ષા, એમ્બ્યૂલન્સ જેવા વાહનો સોસાયટીમાં જઈ શકતા નથી. વોર્ડ નં.-૬ની ગ્રાન્ટમાંથી કામો કરવામાં પાલિકા તંત્ર અન્યાય કરી રહી હોવાનો સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે.



## 'નલ સે જલ' યોજના હેઠળ ખરીદેલી લાખોની પાઈપ ભંગાર બની

(એજન્સી) આણંદ | તા.25

આણંદ નગરપાલિકાએ 10 વર્ષ અગાઉ 'નલ સે જલ' યોજના હેઠળ ટીપી આઠમાં પાણીની લાઈન નાખવા માટે લાખોના ખર્ચે પાઈપલાઈન લીધી હતી. બાદમાં આ કામગીરીને બંધ કરી દઈ પાલિકાએ પાઈપલાઈનોને ટાઉનહોલની ખુલ્લી જગ્યામાં મૂકી દીધી હતી. જેથી લાખોની પાઈપલાઈન હાલ ભંગારમાં ફેરવાઈ છે. આણંદ નગરપાલિકાની ટીપી આઠમાં આવેલા ઉમા ભવન, પાલિકા કર્મચારીઓના આવાસ, જીટોડિયા સોસાયટી વિસ્તાર સહિતના બોરસદ ચોકડી વિસ્તારમાં નલ સે જલ યોજના હેઠળ પીવાના પાણી માટે 10 વર્ષ પહેલા પાઈપલાઈન લેવામાં આવી હતી. લાખોના ખર્ચે લીધેલી પાઈપલાઈને નાખવાનું કામ કરવાની તૈયારીઓ કરાઈ હતી. તે સમયે પાઈપનો ગેજ નાનો હોવાથી આખા વિસ્તારમાં પુરતું પાણી અને ફોર્સથી પાણી નહીં મળે તેવી પાલિકામાં રજૂઆતો કરાઈ હતી. ત્યારે પાલિકાએ પાઈપ નાખવાની કામગીરી બંધ કરી દીધી હતી અને લાખોની કિંમતની પાઈપોને આણંદ ટાઉનહોલની ખુલ્લી જગ્યામાં મૂકી દેવામાં આવી હતી.



## "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત વિવિધ પ્રવુતિ થકી સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો પ્રયાસ

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લામાં તા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલ "સ્વચ્છતા હી સેવા (SHS)" અભિયાનના વિવિધ કાર્યક્રમો થકી સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કચરા નિવારણ, સામુહિક સ્વચ્છતા અને જનજાગૃતિ સાથે જનસહભાગિતાને પ્રોત્સાહિત કરવાનો છે. જિલ્લાના શહેરોના મુખ્ય સ્પોટથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી તમામ જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, ધાર્મિક સ્થળો, બજારો, નદી, તળાવ આવી તમામ જગ્યાઓએ અભિયાન દરમિયાન સફાઈ કરવામાં આવનારી છે. જે અંતર્ગત આજે લુણાવાડા ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત માનવ સાંકળ રચીને સૌને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટેનો સંદેશો આપ્યો હતો. જેમાં એસ કે હાઈસ્કુલ શાળાના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો, નગરપાલીકા કર્મચારીઓ ઉપસ્થિત રહી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

## અરવલ્લીમાં જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો 27 સપ્ટેમ્બરે મોડાસાના મોદી ગ્રાઉન્ડ ખાતે યોજાશે

રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લામાં આગામી ૨૭ સપ્ટેમ્બરના રોજ મોડાસાના મોદી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાના સુચારુ આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેન કેડિયાની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના જરૂરિયાતમંદ નાગરિકોને સરકારશ્રીની અનેક જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સુલભ બને અને લાભાર્થીઓને એક જ સ્થળ પરથી આ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી આગામી તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ મોડાસાના મોદી ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. આ કાર્યક્રમમાં અનેક સરકારી યોજનાઓ અન્વયે સ્થળ પરથી જ લાભ-સહાયનું વિતરણ કરાશે. કાર્યક્રમ સુચારૂ રૂપે યોજાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં અધિકારીશ્રીઓની બેઠક મળી હતી. બેઠકમા જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના આયોજન સંદર્ભે સંબંધિત કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અને કામગીરી તથા કાર્યક્રમને લગતી તમામ વ્યવસ્થાઓનું આયોજન સુચારું રીતે થાય તે માટે અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળે પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા, વિવિધ યોજનાકીય સ્ટોલ્સ, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક નિયમન, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સહિતના મુદ્દાઓ અનુસંધાને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેશ કુચારા, પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તાલીમ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ.21 ઓક્ટોબર સુધીમાં જરૂરી દસ્તાવેજો આપવાના રહેશે

## પોલીસદળમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે ગુજરાત સરકાર દ્વારા નિવાસી તાલીમ વર્ગોનું આયોજન

વિશાલ જે હરવરા : જામનગર

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન પોલીસ દળ/આર્મી/એરફોર્સ/નેવી/ અર્ધલશ્કરી દળો તથા પેરા મિલીટ્રી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતગર્ત આગામી સમયમાં પોલીસદળમાં થનાર ભરતી માટે યુવાનો પોલીસ ભરતીમાં પાસ થઈ તેમના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટુંક સમયમાં કરવામાં આવશે. આ તાલીમમાં જોડાવવાં ઈચ્છુક જામનગર જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી-જામનગરને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધારકાર્ડ, ૦૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૨૧/૧૦/૨૦૨૪ સુધીમાં આપવાના રહેશે. આ તાલીમવર્ગ જામનગર ખાતે નિ:શુલ્ક(રહેવા-જમવાનો ખર્ચ સરકારશ્રી દ્વારા ભોગવવામાં આવશે અને ૧૦૦/- રુપિયા સ્ટાઈપેંડ પ્રતિ દિન આપવામાં આવશે.) યોજવામાં આવશે આથી ૩૦ દિવસ રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે. તાલીમમાં જોડાવવા માટેની શૈક્ષણિક લાયકાત જેમાં ધો-૧૦ અથવા ધો.૧૨માં કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ હોવા જોઈએ., ઉંમરઃ- ૧૮ થી ૨૮ વર્ષ, તાલીમ વર્ગનો સમયગાળો ૩૦ દિવસ, શારીરિક યોગ્યતાના માપદંડો જેમાં ઉંચાઈ- ૧૬૨ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ, છાતી- ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી. હોવા જોઈએ. તાલીમનો અભ્યાસક્રમ જેમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ,વજન,છાતી તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ અને લેખિત તાલીમ આપવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. તેમ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી-જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### થારે બાઈકને અડફેટે લીધી, કારમાંથી ઉતરી 5 નબીરાનો પિતા-બે પુત્રો ઉપર હુમલો

ભાવનગર : શહેરના કાળિયાબીડ, ભગવતી સર્કલ નજીક ગત મોડીરાત્રે પૌત્રને લઈને બાઈક પર જઈ રહેલા પ્રૌઢને પાછળથી થાર ફોરવ્હીલના ચાલકે અડફેટે લઈ પછાડી દિધા હતા. જો કે, કારમાં રહેલાં પાંચ નબીરાઓએ બાઈકચાલક પ્રૌઢની મદદ કરવાના બદલે તેમની સાથે તકરાર શરૂ કરી દિધી હતી. તેવામાં સ્થળ પર આવેલાં પ્રૌઢના બન્ને પુત્રો સાથે પણ તકરાર વધતાં પાંચેય શખસોએ પ્રૌઢ અને તેમના બન્ને બન્ને પુત્રો સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો. તો, પ્રૌઢના પુત્રના ખિસ્સામાંથી રૂ.૫૦ હજાર રોકડા કાઢી લીધા હતા. બનાવના પગલે મોડીરાત્રે વિસ્તારમાં ટોળાં એકઠા થયા હતા. ભાવનગર શહેરના છેવાડાના વિસ્તાર એવાં કાળિયાબીડ, ભગવતી સર્કલ નજીક રાત્રિના સુમારે વાહનો પર બેસી અડીંગો જમાવી ટોળાં દ્વારા બેઠકો જામતી હોવાની વ્યાપક ફરિયાદો પોલીસને મળી છે પરંતુ, સગાવાદ અને લાગવગમાં તણાયેલી પોલીસ દ્વારા આ વિસ્તારમાંથી આવારા અને ખોટી રીતે કબ્જો જમાવી બેસતાં તત્વો સામે કોઈ કાર્યવાહી કરતી નથી. જેના કારણે આવારા તત્વોને જાણે કે મોકળું મેદાન મળી ગયું હોય તેમ અહીં તકરાર, ઝઘડાના બનાવોની ફરિયાદો રોજિંદી ઘટના બની છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.



**મિથુન (ક,છ,ઘ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.



**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.



**સિંહ (મ,ટ)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.



**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.



**તુલા (ર,ત)**

તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.



**ધન (ભ,ધ,ફ)**

આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**

તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**

આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# ભારત અંગે IMF-વર્લ્ડ બેન્ક બાદ હવે મૂડીઝે આપી ગૂડ ન્યૂઝ, GDP ગ્રોથમાં દેખાશે હરણફાળ

(એજન્સી) મુંબઈ | તા 25




વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરતી અર્થવ્યવસ્થા સાથે આગળ વધી રહ્યું છે. દેશના જીડીપી ગ્રોથની વેગવાન ગતિ પર ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વર્લ્ડ બેન્ક સહિતની તમામ ગ્લોબલ એજન્સીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યા બાદ વધુ એક રેટિંગ એજન્સીએ પણ સકારાત્મક અંદાજ આપ્યો છે. મૂડીઝે કેલેન્ડર વર્ષ 2024માં ભારતનો જીડીપી ગ્રોથ 7.1 ટકાના દરે વધવાનો અંદાજ આપ્યો છે. અગાઉ મૂડીઝે 6.8 ટકાનો અંદાજ આપ્યો હતો. એશિયા-પેસિફિક આઉટલૂકમાં ગ્લોબલ ક્રેડિટ રેટિંગ એજન્સીએ 2024-25 માટે જીડીપી ગ્રોથ અંદાજ 6.5 ટકા પર સ્થિર રાખ્યો છે. જ્યારે 2025-26માં ભારતની અર્થવ્યવસ્થા 6.6 ટકાના દરે વધવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે. મૂડીઝ એનાલિટિક્સના રિપોર્ટમાં દેશના ફુગાવોનો ઉલ્લેખ થયો છે. જેમાં મોંઘવારી અંદાજ અગાઉ 5 ટકા નિર્ધારિત કર્યો હતો. જે ઘટાડી 4.7 ટકા કર્યો છે. જુલાઈ અને ઓગસ્ટમાં રિટેલ મોંઘવારી આરબીઆઈના નિર્ધારિત 4 ટકાના દરથી ઓછી રહેશે. જ્યારે 2025-26માં ફુગાવો 4.5 ટકા અને 4.1 ટકાની રેન્જમાં રહેવાની સંભાવના છે. વર્લ્ડ બેન્ક, આઈએમએફ, હવે મૂડીઝ સહિત મોટાભાગની ગ્લોબલ રેટિંગ એજન્સીઓએ ભારતની અર્થવ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ દર્શાવ્યો છે. વર્લ્ડ બેન્કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફોકસ, રિયલ એસ્ટેટમાં સ્થાનિક રોકાણમાં વધારો અને ચોમાસું સારૂ રહેતાં નાણાકીય વર્ષ 2024-25માં જીડીપી ગ્રોથ અંદાજ 6.6 ટકાથી વધારી 7 ટકા કર્યો હતો. આઈએમએફએ જીડીપી ગ્રોથ અંદાજમાં 20 બેઝિસ પોઈન્ટનો સુધારો કરતાં 7 ટકા કર્યો છે. એસએન્ડપી ગ્લોબલે પણ જીડીપી ગ્રોથ અંદાજ 7 ટકા રહેવાનો આશાવાદ દર્શાવતાં ઓક્ટોબરમાં વ્યાજના દરો ઘટવાની શક્યતા કહી છે.

## JSW MG મોટર ઈન્ડિયાએ તેની સ્ટોર્મ સિરીઝનું સ્પેશિયલ એડિશન લોન્ચ કર્યું

(એજન્સી) ગુરુગ્રામ | તા 25



JSW MG મોટર ઈન્ડિયાએ આજે MG હેક્ટરના વિશેષ પ્રોડક્ટ, ભારતની પ્રથમ ઇન્ટરનેટ SUV, સ્નોસ્ટોર્મ, અને એસ્ટર-ઈન્ડિયાની સૌથી અદ્યતન SUV, બ્લેકસ્ટોર્મ 2024 લિમિટેડ એડિશન ના લોન્ચની જાહેરાત કરી. તેના આકર્ષક એક્સટીરિયર્સ અને વૈભવી ઈન્ટીરિયર્સ સાથે, હેક્ટર સ્નોસ્ટોર્મ એ આકર્ષક, મજબૂત અને ટેક-સમૃદ્ધ વાહન ખરીદવા માંગતા SUV ઉત્સાહીઓ માટે એક યોગ્ય વિકલ્પ છે. એસ્ટર બ્લેકસ્ટોર્મના બ્લેક થીમ આધારિત એક્સટીરિયર સહીત પ્રીમિયમ ઈન્ટિરિયર્સ, બોલ્ડ, અત્યાધુનિક અને સ્ટાઈલિશ એસયુવી ખરીદવા માંગતા ગ્રાહકો માટે એક આદર્શ વિકલ્પ છે. 5, 6 અને 7-સીટર કન્ફિગરેશનમાં ઉપલબ્ધ, MG હેક્ટર સ્નોસ્ટોર્મની કિંમત રૂ. 21,52,800/- લાખ (એક્સ-શોરૂમ)થી શરૂ થાય છે અને એસ્ટર બ્લેકસ્ટોર્મ 2024 લિમિટેડ એડિશન રૂ. 13,44,800/- લાખ (એક્સ-શોરૂમ) ની કિંમતે શરુ થાય છે. આ લોન્ચ અંગે ટિપ્પણી કરતા, JSW MG મોટર ઈન્ડિયાના ચીફ કોમર્શિયલ ઓફિસર સતીન્દર સિંહ બાજવાએ કહ્યું કે, "અમે હેક્ટર સ્નોસ્ટોર્મ અને એસ્ટર બ્લેકસ્ટોર્મ એડિશનના લોન્ચથી ખુબ જ ઉત્સાહિત છીએ. આ વિશેષ એડિશન બજારની આંતરદૃષ્ટિ અને ગ્રાહકોની પસંદગીઓ મુજબ તેમને વિવિધ વિકલ્પો સાથે આકર્ષક અને નવીન ઉત્પાદનો પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સ્નોસ્ટોર્મ એડિશન ભારતમાં હેક્ટરની પાંચ વર્ષની સફળ યાત્રા દર્શાવે છે. જ્યારે એસ્ટર બ્લેકસ્ટોર્મ ડ્રાઈવિંગનો અનન્ય અને અદભુત અનુભવ પ્રદાન કરવા અને ભારતની સૌથી અદ્યતન એસયુવી લોન્ચ કરીને આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન કરવાનું અમારું સમર્પણ દર્શાવે છે. હેક્ટર સ્નોસ્ટોર્મને તેના આકર્ષક ટુ-ટોન ઍસ્કટીરિયર્સ સાથે ગ્રાહકોને મોહિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે આકર્ષક વાઈટ બોડી સાથે એક મનમોહક બ્લેક રૂફ ધરાવે છે, જેનાથી તેનો દેખાવ અદભૂત અને મનમોહક લાગે છે.

**NEWS BRIEF**

### રોકાણકારો પૈસા તૈયાર રાખજો, આવી રહ્યો છે Swiggyનો IPO!

મુંબઈ | જો તમે ફૂડ ડિલિવરી કંપની સ્વિગીના IPOની રાહ જોઈ રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. ખરેખર, સ્વિગીના આઈપીઓને સેબીની મંજૂરી મળી ગઈ છે. તમને જણાવી દઈએ કે Prosus અને SoftBank સમર્થિત કંપની Swiggy એ IPO લોન્ચ કરવા માટે ગોપનીય રીતે ડ્રાફ્ટ ફાઈલિંગ કર્યું હતું. હવે સેબીની મંજૂરી બાદ IPO લાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. કંપની શેરબજારમાં Zomato ને ટક્કર આપવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ ખાનગી રીતે ફાઈલિંગ માર્ગ હેઠળ આ મંજૂરી પછી, બે અપડેટેડ DRHP (ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ) ફાઇલ કરવામાં આવશે, એક સેબીની ટિપ્પણીઓનો જવાબ આપશે અને બીજો 21 દિવસ માટે જાહેર ટિપ્પણીઓ માંગશે. તે પછી જ આરએચપી (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ) ફાઇલ કરવામાં આવશે. અન્ય એક સૂત્રએ જણાવ્યું હતું કે IPO લોન્ચ કરવા અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ નવેમ્બરમાં લોન્ચ થઈ શકે છે. તે જ સમયે, એન્કર રોકાણકારો સાથે હવે ચર્ચા શરૂ થશે. તમને જણાવી દઈએ કે સેબીએ નવેમ્બર 2022માં ગોપનીય ફાઈલિંગનો કોન્સેપ્ટ રજૂ કર્યો હતો. ડાયરેક્ટ-ટુ-હોમ પ્લેટફોર્મ ટાટા પ્લે (અગાઉનું ટાટા સ્કાય), તેના IPO માટે સેબીમાં ગોપનીય કાગળો ફાઈલ કરનાર પ્રથમ પેઢી હતી. જોકે, કંપનીએ તેની લિસ્ટિંગ યોજનાઓ રદ કરી દીધી છે.

### સેન્સેક્સ 85,236 અને નિફ્ટી 26,032ની ઊંચી સપાટીએ, IT અને એનર્જી શેર્સમાં તેજી

મુંબઈ | શેરબજારે આજે એટલે કે 25મી સપ્ટેમ્બરે સતત છઠ્ઠા દિવસે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ 85,247 અને નિફ્ટી 26,032ને સ્પર્શ્યો હતો. આ પછી સેન્સેક્સ 255 પોઈન્ટના વધારા સાથે 85,169 ના સ્તર પર બંધ થયો. નિફ્ટી પણ 63 પોઈન્ટ વધીને 26,004ની સપાટીએ બંધ રહ્યો હતો. ઓટો, આઈટી, એનર્જી અને બેન્કિંગ શેર્સમાં વધારો જોવા મળ્યો છે. પાવરગ્રીડનો શેર આજે રૂ. 14.15 (4.04%) વધીને રૂ. 364.20 પર બંધ રહ્યો હતો. તે નિફ્ટી 50 નો ટોપ ગેઈનર હતો. મોટાભાગના એશિયન બજારોમાં આજે તેજી છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.65% અને કોરિયાનો કોસ્પી 0.089% ડાઉન છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.82% ઉપર છે. 24 સપ્ટેમ્બરે યુએસ માર્કેટનો ડાઉ જોન્સ 0.20%ના વધારા સાથે 42,208 પર બંધ થયો હતો. Nasdaq 0.56% વધીને 18,074 પર અને S&P 500 0.25% વધીને 5,732 પર છે. KRN હીટ એક્સ્ચેન્જર અને રેફ્રિજરેશન લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર (IPO) આજે ખુલશે. રોકાણકારો આ IPO માટે 27 સપ્ટેમ્બર સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 3 ઓક્ટોબરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

### નવરાત્રિમાં બોનસ શેર અને સ્ટોક સ્પ્લિટની કરશે જાહેરાત

મુંબઈ | આ શેર 24 સપ્ટેમ્બરના રોજ 10% વધીને રૂ. 242.10ની ઈન્ટ્રાડે હાઈએ પહોંચ્યો હતો. શેરના આ વધારા પાછળ એક મોટી જાહેરાત છે. કંપનીએ કહ્યું છે કે તે 3 ઓક્ટોબર, 2024 ના રોજ બોનસ ઈશ્યૂ સાથે તેના ઈક્વિટી શેરના વિભાજન પર વિચાર કરશે. તમને જણાવી દઈએ કે શારદીય નવરાત્રી પણ 3જી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે. જો કે હજુ સુધી આ માટેની રેકોર્ડ ડેટ જાહેર કરવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે આ બીજી વખત છે, જ્યારે કંપની સ્ટોક સ્પ્લિટ કરશે અને તેના શેરધારકોને બોનસ શેર આપશે. ગયા વર્ષે, કંપનીએ 1:1 રેશિયોમાં શેરના બોનસ ઈશ્યૂની જાહેરાત કરી હતી. આમાં શેરધારકોને રેકોર્ડ ડેટ સુધીના દરેક શેર માટે એક મફત શેર મળ્યો હતો. વર્ષ 2021માં, કંપનીએ 10 રૂપિયાની ફેસ વેલ્યુ સાથેના એક શેરને 2 રૂપિયાના ફેસ વેલ્યુના શેરમાં વિભાજિત કરવાની પણ મંજૂરી આપી હતી. શેરના વિભાજનને સામાન્ય રીતે કંપની માટે તેના બાકી શેરો વધારવાનો એક માર્ગ માનવામાં આવે છે અને તેના શેરધારકો માટે સ્ટોકને વધુ પોસાય તેમ બનાવીને ટ્રેડિંગ લિક્વિડિટીમાં પણ સુધારો કરે છે.તમને જણાવી દઈએ કે માત્ર તે જ રોકાણકારો બોનસ શેર અથવા સ્ટોક સ્પ્લિટ માટે પાત્ર હશે જેઓ એક્સ-ડેટ પહેલા સ્ટોક ખરીદે છે.

## એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ હવે બન્યું બધું લાભદાયી: કમિશનમાં વધારો, લાઈવ શોપિંગ અને બીજું ઘણું બધું

(એજન્સી) બેંગ્લોર | તા. 25

Amazon. in એ આજે એમેઝોન સાથે જોડાયેલા તેના 50,000 થી વધુ ઈન્ફ્લ્યુએન્સર્સ માટે મુખ્ય શ્રેણીઓ પર કમિશનના માનક દરોમાં નોંધપાત્ર વધારાની જાહેરાત કરી છે, જેનાથી અત્યંત અપેક્ષિત એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ (AGIF) શરુ થયા પહેલા જ તે સફળ બની જશે. 27 સપ્ટેમ્બર, 2024 થી, પ્રાઈમ સભ્યો વિશિષ્ટ ડીલ્સ અને ડિસ્કાઉન્ટ, 24-કલાક પહેલા ઍક્સેસ કરી શકશે. કમિશનમાં પરિવર્તનનો લાભ લારીને એમેઝોન સાથે કામ કરતા સક્રિય ઈન્ફ્લ્યુએન્સર્સ, ફેશન, બ્યુટી અને પર્સનલ કેર એપ્લાયન્સિસ, હોમ, કિચન, ટોય્ઝ, બુક્સ જેવા વિવિધ પ્રોડક્ટ્સ પર 1.5x થી 2x સુધીની નોંધપાત્ર કમાણી કરી શકશે. આનાથી ક્રિએટર્સને પીક શોપિંગ સીઝન દરમિયાન વધુ કમાણી કરવાની અને AGIF દરમિયાન ગ્રાહકની વધેલી માંગનો લાભ ઉઠાવવાની તક મળશે. કમિશનના માનક દરોમાં સૌથી વધુ વધારો, એપેરલ્સ, એસેસરીઝ, બ્યુટી અને પર્સનલ કેર એપ્લાયન્સિસ (12% સુધી), હોમ, કિચન, લૉન અને ગાર્ડન, ફર્નિચર,



રમતગમત (10% સુધી) અને ટોય્ઝ અને બુક્સ (9% સુધી) જેવી મુખ્ય શ્રેણીઓમાં જોવા મળશે. એમેઝોનના ભારત અને ઈમર્જિંગ માર્કેટ્સના શોપિંગ ઈનિશિયેટિવ્સના ડિરેક્ટર ઝાહિદ ખાને જણાવ્યું હતું કે 'એમેઝોન ઈન્ડિયા ખાતે, અમે ક્રિએટર્સને સમર્થન આપવા અને સફળતા હાંસલ કરવા માટે તેમને સશક્ત બનાવવા માટે સમર્પિત છીએ. મુખ્ય શ્રેણીઓના પ્રોડક્ટ્સના કમિશનના દરોમાં નોંધપાત્ર વધારો કરીને અને ક્રિએટર યુનિવર્સિટી અને ક્રિએટર કનેક્ટ જેવા પ્રોગ્રામ્સ દ્વારા વધારાની તકો પ્રદાન કરીને, અમે ક્રિએટર્સને આ ફેસ્ટિવ સિઝન દરમિયાન અને તે પછી પણ વિકાસ માટે જરૂરી સાધનો અને પ્રોત્સાહનો પ્રદાન કરી રહ્યાં છીએ. અમારું માનવું છે કે આ ઉન્નત સમર્થનથી માત્ર ક્રિએટર્સને લાભ નહીં થાય પરંતુ તે સાથે અમારા ગ્રાહકોનો શોપિંગનો અનુભવ વધુ આકર્ષક અને લાભદાયી બનશે.

## વર્ષ 2023 માં બીએસઈ ટેક માં સુધારો થયો, વર્ષ 2024 માં, 25.3% ના મળતર સાથે ગતિ ચાલુ રાખી છે: મોતીલાલ ઓસવાલ દ્વારા એએમસી અભ્યાસ

(એજન્સી) મુંબઈ | તા. 25

મોતીલાલ ઓસવાલ એએમસી દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં, બીએસઈ ટેક ઈન્ડેક્સે હાલના દિવસોમાં સુધારો દર્શાવ્યું છે, જે કેલેન્ડર વર્ષ 2024ના પ્રથમ 8 મહિનામાં 25.3% મળતર આપે છે. છેલ્લા એક વર્ષમાં, બીએસઈ ટેકએ 30મી ઓગસ્ટ 2023 થી 30મી ઓગસ્ટ 2024 સુધી 42.12% મળતર આપ્યું છે. આ જ સમયગાળા દરમિયાન, નિફ્ટી 50, નિફ્ટી 500 અને નિફ્ટી આઈટીએ અનુક્રમે 31.07%, 40.24% અને 37.29% મળતર આપ્યું છે. બીએસઈ ટેક ઈન્ડેક્સ છેલ્લા પાંચ વર્ષમાં સતત મળતર આપી રહ્યું છે. ઈન્ડેક્સએ માત્ર કેલેન્ડર વર્ષ 2022માં જ નબળો દેખાવ કર્યો હતો, જ્યારે કોવિડ પછી વૈશ્વિક-આર્થિકમાં સુધાર થયો હતો, પ્રથમ ત્રિમાસિક ગાળામાં યુએસ જીડીપીમાં ઘટાડો, અને ટેક સેક્ટરના શેરોના ખરાબ પ્રદર્શને ઈન્ડેક્સને અસર કરી હતી. 2023 માં, ઈન્ડેક્સએ 18.8% મળતર આપ્યું છે. જ્યારે 2020 માં તેણે 43.8% મળતર આપ્યું હતું અને 2021 માં તેણે 49.7% મળતર આપ્યું હતું. અભ્યાસ એ પણ દર્શાવે છે કે માર્ચ 2024 થી ઓગસ્ટ 2024 સુધી, બીએસઈ ટેકએ 23.91% નું મળતર આપ્યું છે, ત્યારબાદ નિફ્ટી આઈટીએ 22.61% નું મળતર આપ્યું છે. નિફ્ટી 50 અને નિફ્ટી 500નું મળતર અનુક્રમે 13.03% અને 17.18% આપ્યું હતું.

## પ્રવેગ લિમિટેડે ધોરડોમાં ભૂંગાના ઈકો-ફ્રેન્ડલી મેનેજમેન્ટ માટે ગુજરાતના પ્રવાસન નિગમ તરફથી મુખ્ય કોન્ટ્રાક્ટ મેળવ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 25

ભારતની અગ્રણી પર્યાવરણ પ્રત્યે જવાબદાર લક્ઝરી રિસોર્ટ કંપની પ્રવેગ લિમિટેડને ગુજરાતના પ્રવાસન નિગમ દ્વારા ધોરડોમાં 30 ભૂંગાની કામગીરી,જાળવણી અને સંચાલન માટે મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ વૃદ્ધિ સાંસ્કૃતિક રીતે અધિકૃત અને ટકાઉ આતિથ્ય ઉકેલો રજૂ કરવાની કંપનીની વ્યૂહરચનાને અનુરૂપ છે.કચ્છ પ્રદેશની ઓળખ એવા પરંપરાગત માટીના ઝૂંપડા ભૂંગામહેમાનોના અનુભવોને વધારતા પર્યાવરણ-અનુકૂળ પ્રવાસનનું પ્રતિક છે. આ 5 વર્ષનો કોન્ટ્રાક્ટ કંપનીની રોકાણ સવલતની રજૂઆતને વિસ્તૃત કરશે,તથા તેના લક્ઝરી ટેન્ટના હાલના પોર્ટફોલિયોને પૂરક બનાવશે. આ ભૂંગા,તેના વિશિષ્ટ સ્થાપત્ય અને પર્યાવરણ-અનુકૂળ બાંધકામ સાથે,ટકાઉ પ્રવાસન માટે કંપનીની પ્રતિબદ્ધતાને સમર્થન આપે છે. આ વિસ્તરણથી ઓક્યુપન્સી રેટમાં વધારો થવાની અને પ્રી-સેલ્સ મજબૂત થવાની ધારણા છે,જેનાથી ઉચ્ચ સ્તરના આતિથ્ય માટે કંપનીની પ્રતિષ્ઠા મજબૂત બનશે. આ કોન્ટ્રાક્ટ સરકારી સંસ્થાઓ સાથે કંપનીના સહયોગને પણ મજબૂત બનાવે છેતથા હોસ્પિટાલિટી સેક્ટરમાં નવીનતા માટે નવી તકો પૂરી પાડે છે. આ ભૂંગાનું સંચાલન ભવિષ્યના પ્રોજેક્ટ માટેના માર્ગો ખોલે છેઅને આ કોન્ટ્રાક્ટમાંથી સ્થિર આવકનો પ્રવાહ રોકાણ પર નક્કર વળતરની ખાતરી આપે છે. આ કોન્ટ્રાક્ટ મેળવીને,કંપની પ્રીમિયમ,બિન-કાયમી સવલતોનું સંચાલન કરવામાં તેની કુશળતા દર્શાવે છે,પર્યાવરણ- જવાબદાર પ્રવાસનમાં વૃદ્ધિ માટે પોતાને તૈયાર કરે છે.

## GST હેઠળ નોંધાયેલ લગભગ 10,700 નકલી કંપનીઓનો પર્દાફાશ

(એજન્સી) મુંબઈ | તા 25

જીએસટી હેઠળ નોંધાયેલ લગભગ ૧૦,૭૦૦ નકલી કંપનીઓની નોંધણીઓ શોધી કાઢવામાં આવી છે, જેમાં રૂ. ૧૦,૧૭૯ કરોડની કરચોરી સામેલ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સના સભ્ય શશાંક પ્રિયાએ જણાવ્યું હતું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) રજીસ્ટ્રેશન માટે આધાર ઓથેન્ટિકેશન પહેલાથી જ ૧૨ રાજ્યોમાં અમલમાં છે અને ૪ ઓક્ટોબર સુધીમાં વધુ ચાર રાજ્યોમાં લંબાવવામાં આવશે. આખરે મધ્યપ્રદેશ, રાજસ્થાન, આસામ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત ૨૦ રાજ્યો આધાર ઓથેન્ટિકેશન શરૂ કરશે. 'એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા' (એસોચેમ)ની એક ઈવેન્ટમાં બોલતા શશાંક પ્રિયાએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં કર સત્તાવાળાઓ નવા કરદાતાઓ પર તેમના જોખમ




'પ્રોફાઈલ'ના આધારે કેટલાક નિયંત્રણો લાદવામાં પણ સક્ષમ હશે. જાણકાર સુત્રોએ જણાવ્યું હતું કે સરકાર નકલી જીએસટી નોંધણીઓને તપાસવા માટે લક્ષ્યાંકિત પગલાં લઈ રહી છે અને વધુ ભૌતિક ચકાસણી કરવામાં આવી રહી છે. ૧૬ ઓગસ્ટથી શરૂ થયેલ નકલી નોંધણી વિરુદ્ધનું બીજું અખિલ ભારતીય અભિયાન ૧૫ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.કર અધિકારીઓએ ૬૭,૯૭૦ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ આઈડેન્ટિફિકેશન નંબર (GSTIN) ઓળખી કાઢ્યા છે. તેમાંથી ૫૯ ટકા અથવા ૩૯,૯૬૫ નંબર ૨૨ સપ્ટેમ્બર સુધી ચકાસવામાં આવ્યા છે. આમાંથી ૨૭ ટકા સંસ્થાઓ મળી આવી છે જે અસ્તિત્વમાં નથી. આ ટકાવારી લગભગ અગાઉની ઝુંબેશ જેટલી જ છે. અમે રૂ. ૧૦,૧૭૯ કરોડની કરચોરી શોધી કાઢી છે.

## બરોડા બીએનપી પરિબા મ્યુચ્યુઅલ ફંડે બરોડા બીએનપી પરિબા નિફ્ટી 200 મોમેન્ટમ 30 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા. 25

બરોડા બીએનપી પરિબા મ્યુચ્યુઅલ ફંડે ઈનોવેટીવ નવી ફંડ ઓફર બરોડા બીએનપી પરિબા નિફ્ટી200 મોમેન્ટમ 30 ઈન્ડેક્સ ફંડ શરૂ કરી છે. આ સ્કીમ 25 સપ્ટેમ્બર 2024ના રોજ ખુલીને નવ ઓક્ટોબર 2024ના રોજ બંધ થશે. આ સ્કીમ મોમેન્ટમ ઈન્વેસ્ટિંગની શક્તિનો લાભ લઈને નિફ્ટી 200 ટોટલ રિટર્ન ઈન્ડેક્સમાંથી ટોચના 30 મોમેન્ટમ શેરમાં રોકાણ દ્વારા રોકાણકારોને સ્માર્ટ, પેસિવ વ્યૂહરચના ઓફર કરે છે. બરોડા બીએનપી પરિબા નિફ્ટી200 મોમેન્ટમ 30 ઈન્ડેક્સ ફંડ રોકાણકારોને તેમના પોર્ટફોલિયોમાં મોમેન્ટમ ઉમેરવાની તક આપવા માંગે છે. ફંડની મોમેન્ટમ-આધારિત વ્યૂહરચનાનો હેતુ પાછળથી વેગ ધરવતા હોય તેવા શેરોને લક્ષ્ય બનાવવાનો છે, આ માટે એવી ધારણા રાખવામાં આવી છે કે જે શેરપહેલેથી જ સારું પ્રદર્શન કરી રહ્યાં છે તેઓ ભવિષ્યમાં તેમ કરવાનું જાળવી રાખશે. NIFTY 200માંની જ કંપનીઓ (માર્કેટ કેપિટલાઈઝેશન દ્વારા સૌથી મોટી 200 કંપનીઓ) સુધી જ યુનિવર્સ મર્યાદિત હોવા સાથે, ફંડનો ઉદ્દેશ્ય નાની કંપનીઓના સંપર્કને ટાળીને જોખમ ઘટાડવાનો છે જે વધુ અસ્થિર હોય છે અને તેને કારણે જોખમી હોય છે. 'અમારું બરોડા બીએનપી પરિબા નિફ્ટી200 મોમેન્ટમ 30 ઈન્ડેક્સ ફંડ બંને વિશ્વ - પેસિવ રોકાણની ખર્ચ-કાર્યક્ષમતા અને પરિબળ આધારિત રોકાણનો લાભ લઈને આઉટપરફોર્મન્સની સંભાવનામાં મળતા શ્રેષ્ઠ વળતર ઓફર કરવા માગે છે ,' એમ બરોડા બીએનપી પરિબા એએમસીના સીઈઓ સુરેશ સોની કહે છે.

## ચીનમાં નવા સ્ટીમ્યુલસના પગલે સોનું, ચાંદી, કોપર, ક્રૂડ તથા પ્લેટીનમ ઉછળ્યા

(એજન્સી) મુંબઈ | તા. 25

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં તેજી આગળ વધી હતી જ્યારે ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ વધી ઉંચામાં ઔંશના ૨૬૪૦થી ૨૬૪૧ ડોલર સુધી પહોંચી જતાં વલે રેકોર્ડ થયાના સમાચાર હતા. ચીનની સરકારે કથળેલા અર્થતંત્રને પીઠબળ આપવા નવા-નવા સ્ટીમ્યુલસ પેકેજની જાહેર કરતાં વૈશ્વિક વિવિધ કોમોડિટીઝના ભાવ પર તેજીની અસર આજે જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોના ઉપરાંત ચાંદી, કોપર, ક્રૂડતેલ તથા પ્લેટીનમના ભાવ પણ ઉંચા જતા જોવા મળ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણાના બજારોમાં પણ ભાવ ઉંચકાયા હતા. જો કે નવી માગ ધીમી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૩૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૭૧૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૭૩૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૮૮ હજારના મથાળે જળવાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૬૨૪થી ૨૬૨૫ વાળા ઉંચામાં ૨૬૪૦થી ૨૬૪૧ થઈ૨૬૨૯થી ૨૬૩૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૦.૭૮થી ૩૦.૭૯ વાળા વધી ૩૧.૧૮ થઈ ૩૦.૮૬ થી ૩૦.૮૭ ડોલર રહ્યા હતા. પ્લેટીમના ભાવ ઔંશના ૯૬૩ વાળા વધી ૯૭૯ થઈ ૯૭૬થી ૯૭૭ ડોલર




રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૨.૭૪ ટકા ઉછળ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ અઢી ટકા ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના વધી ૭૫.૮૭ થઈ ૭૫.૩૪ ડોલર તથા યુએસ ક્રૂડનાભાવ ઉંચામાં ૭૨.૩૬ થઈ ૭૨.૦૦ ડોલર રહ્યા હતા. જો કે પેલેડીયમના ભાવ ઔંશના નીચામાં ૧૦૩૫ તથા ઉંચામાં ૧૦૬૯ થઈ ૧૦૫૩થી ૧૦૫૪ ડોલર આસપાસ જળવાઈ રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૪૧૬૯ વાળા રૂ.૭૪૪૬૫ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ ૭૪૪૬૭ વાળા રૂ.૭૪૭૬૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૭૭૫૬ વાળા રૂ.૮૮૪૦૨ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. ચીનના સ્ટીમ્યુલસ ઉપરાંત મધ્ય-પૂર્વના દેશમાં તંગદીલી તથા વાવાઝોડાની આગાહીની અસર ક્રૂડતેલના ભાવ પર તેજીની જોવા મળી હતી.

## પૉપ ટુ 5G: 48MP સોની AI કેમેરા સાથે રંગીન અને વાઇબ્રન્ટ ટેક્નો પૉપ 9 5G ડેબ્યુ કરે છે

(એજન્સી) અમદાવાદ | તા. 25

ભારતનો ઈન્ટેલિજન્ટ ટેક્નોલોજી પ્રોવાઈડર, ટેક્નો, નવા પૉપ 9 સાથે સેગમેન્ટને હલાવવા માટે તૈયાર છે, જે વપરાશકર્તાઓને 'પૉપ ટુ 5G' માટે આમંત્રણ આપે છે. ટેક્નોની પૉપ સિરીઝ તે લોકો માટે ઉર્જાનો વિસ્ફોટ છે જેઓ પોતાની શરતો પર જીવન જીવે છે. લોન્ચને સંબોધતા, ટેક્નો મોબાઈલ ઈન્ડિયાના CEO, અરિજીત તલાપત્રાએ જણાવ્યું હતું કે, "તેની શરૂઆતથી, ટેક્નો લોકો માટે સ્માર્ટ સોલ્યુશન્સને સુલભ બનાવવા માટે સમર્પિત છે. આગામી પૉપ 9 5G સાથે, અમે ફક્ત સેગમેન્ટમાં 5G રજૂ કરી રહ્યા નથી, પરંતુ સુલભ કિંમતે પ્રીમિયમ સુવિધાઓ પણ ઓફર કરી રહ્યા છીએ. સેગમેન્ટમાં પ્રથમ 48MP સોની AI કેમેરા અને સરળ 120Hz ડિસ્પ્લેનો ગર્વ લેવો. પૉપ સિરીઝ ખાસ કરીને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, વાઈબ્રેન્ટ ડિઝાઈન અને આકર્ષક રંગ વિકલ્પો ઓફર કરે છે જે તેમની ગતિશીલ જીવનશૈલીને પ્રતિબિંબિત કરે છે, ખાતરી કરે છે કે તેઓ કનેક્ટેડ રહેતી વખતે સ્ટેન્ડ આઉટ કરે છે.

## ઈન્ડોસ્પેસ RGLના વિસ્તરણને સત્તા આપે છે ગુજરાતના બાવલામાં 30,000 ચોરસ ફૂટ ટકાઉ વેરહાઉસ લીઝ

(એજન્સી) અમદાવાદ | તા. 25

રોબિન્સન્સ ગ્લોબલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ (RGL), ભારતના પ્રીમિયર 3PL (થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ) પ્રદાતાઓમાંના એક, બાવલામાં 30,000 ચોરસ ફૂટ ટકાઉ ગ્રેડ-એ વેરહાઉસ ભાડે આપવા માટે ઈન્ડોસ્પેસ સાથે કરાર કર્યો છે. ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલો ઔદ્યોગિક વિસ્તાર. પાંચ વર્ષ માટેની આ લીઝ RGLની વિસ્તરણ યોજનામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આ પાર્ક સમગ્ર ભારતમાં 10 લાખ ચોરસ ફૂટ વેરહાઉસિંગ જગ્યાના RGLના પદચિહ્નમાં ઉમેરે છે. બાવલાના સમૃદ્ધ ઔદ્યોગિક હબમાં આવેલું, આ વેરહાઉસ અત્યાધુનિક ટેકનોલોજી અને ટકાઉ પ્રેક્ટિસથી સજ્જ છે, આ સુવિધા FMCG, ઓટોમોટિવ, રિટેલ, ઈ-કોમર્સ, એડટેક અને વધુ સહિતના તમામ ક્ષેત્રોમાં ગ્રાહકો માટે ઑપ્ટિમાઈઝ ઑપરેશન માટે પ્રાઈમ છે. તે પર્યાવરણીય જવાબદારી સાથે ટોપ-ટાયર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એકીકૃત કરવા માટે RGLની ડ્રાઈવને અન્ડરસ્કોર કરે છે.આરજીએલના સીઈઓ શ્રી આદિત્ય વઝિરાનીએ આ વિકાસ અંગે તેમની ઉત્તેજના વ્યક્ત કરી, ટિપ્પણી કરી, "આ ટકાઉ ગ્રેડ A વેરહાઉસનો ઉમેરો ગુજરાત અને ભારતના પશ્ચિમ કિનારે અમારી ઓપરેશનલ ક્ષમતાઓને વધારે છે. તે અમને અમારા ગ્રાહકોની વધતી જતી માંગને ચોકસાઈ અને વિશ્વસનીયતા સાથે પૂરી કરવા દે છે. આ રોકાણ સર્વશ્રેષ્ઠ-વર્ગની લોજિસ્ટિક્સ સેવાઓ પ્રદાન કરવા અને અમારા ગ્રાહકોને અમે જે કરીએ છીએ તેના હૃદયમાં રહે તેની ખાતરી કરવા માટે અમારી અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.' વઝિરાનીએ RGLના લાંબા ગાળાના લક્ષ્યો સાથે સંરેખિત કરવામાં નવી સુવિધાના મહત્વને પણ પ્રકાશિત કર્યું: 'અમે માનીએ છીએ અમારી સેવાઓમાં વધારો કરવા માટે બોલ્ડ રોકાણો કરવા માટે, અને આ વેરહાઉસ અમારા B2B અને B2C બંને ક્લાયન્ટ્સ માટે એક ગેમ-ચેન્જર હશે, તે બધું કાર્યક્ષમતા અને ટકાઉપણું સાથે મૂલ્ય પ્રદાન કરવા વિશે છે, જે આરજીએલની શરૂઆતથી હંમેશા પ્રાથમિકતા છે. કંડલા અને મુન્દ્રા (300-350 કિમી) ના મુખ્ય બંદરો સુધી સુલભતા, તેને રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા પડોશી રાજ્યોના વપરાશ બજારો સાથે મલ્ટિ-મોડલ પરિવહન દ્વારા સારી રીતે જોડવામાં આવે છે.

'અમે બાવલામાં તેમના માઈલસ્ટોન પ્રોજેક્ટ માટે રોબિન્સન્સ ગ્લોબલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ (RGL) સાથે ભાગીદારી કરીને ખુશ છીએ. અત્યાધુનિક, ટકાઉ ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા માટે ઈન્ડોસ્પેસની પ્રતિબદ્ધતા વિસ્તરણ અને ઓપરેશનલ શ્રેષ્ઠતા માટે RGLની દ્રષ્ટિ સાથે સંપૂર્ણ રીતે જોડાયેલી છે. આ ભાગીદારી માત્ર ગુજરાતમાં ઈન્ડોસ્પેસની હાજરીને મજબૂત બનાવે છે પરંતુ વિશ્વ-કક્ષાના, પર્યાવરણીય રીતે જવાબદાર વેરહાઉસિંગ સોલ્યુશન્સ સાથે ભારતભરના વ્યવસાયોને સમર્થન આપવાના અમારા ચાલુ મિશનને પણ રેખાંકિત કરે છે, અમે ભારતમાં લોજિસ્ટિક્સ લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાયિત કરવા તરફ RGLને સશક્ત બનાવવા માટે આતુર છીએ, "રાજેશે જણાવ્યું હતું. જગ્ગી, વાઈસ ચેરમેન, રિયલ એસ્ટેટ, ધ એવર્સ્ટોન ગ્રુપ.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, ભાદરવા વદ-08

# નવી શ્વેત ક્રાંતિનાં મંડાણ

દૂધ ઉત્પાદન ક્ષેત્રે સુધારા માટે કેન્દ્ર સરકારે મોટી પહેલ કરી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે શ્વેત ક્રાંતિના બીજા ચરણની યોજના જાહેર કરી છે, જેનું મુખ્ય લ-ય મહિલા ખેડૂતોનું સશક્તીકરણ અને રોજગારના અવસર પેદા કરવાનું છે. આ કાર્યક્રમમાં ચાર મુખ્ય પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે - મહિલા ખેડૂતોને સશક્ત બનાવવી, સ્થાનિક સ્તર પર દૂધ ઉત્પાદન વધારવું, ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવું તથા દૂધ ઉત્પાદનોની નિકાસ વધારવી. અમિત શાહે રેખાંકિત કર્યું કે દૂધ ઉત્પાદન ક્ષેત્રે સૌથી વધુ મહિલાઓ કાર્યરત છે. આ મહિલાઓ માત્ર ગુજરાતમાં જ ૬૦ હજાર કરોડ રૂપિયાનો કારોબાર પેદા કરે છે. શ્વેત ક્રાંતિના બીજા ચરણમાં આગામી પાંચ વર્ષોમાં દૂધ સહકારી સંસ્થાઓ દ્વારા દૂધ ખરીદીમાં ૫૦ ટકાના વધારાનું લ-ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારત દુનિયાનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે. ૨૦૨૨-૨૩માં દેશમાં ૨૩૦.૫૮ મિલિયન ટન દૂધનું ઉત્પાદન થયું હતું. વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દૂધ ક્ષેત્રની કમાણીમાં ૧૩-૧૪ ટકાના ઉત્સાહજનક વૃદ્ધિની આશા છે. આ ક્ષેત્રમાં માંગમાં મજબૂતી બનેલી છે અને દૂધના પૂરવઠામાં પણ બહેતરી જોવા મળે છે. જે પ્રકારે પાંચ દાયકા પહેલાં 'ઓપરેશન ફ્લડ'નો આધાર સહકારિતા સંસ્થાઓ બની હતી અને દેશમાં શ્વેત ક્રાંતિ આવી હતી, એ જ પ્રકારે નવી યોજનામાં પણ આ સંસ્થાઓની મુખ્ય ભૂમિકા રહેશે. 'ઓપરેશન ફ્લડ'ની શરૂઆત ૧૯૭૦માં કરવામાં આવી હતી, જેણે દૂધ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન કર્યું હતું. દૂધની માંગ અને પૂરવઠામાં વૃદ્ધિને ગતિ આપવા માટે દૂધ ખરીદીનો દાયરો વધારવા, દૂધ પ્રસંસ્કરણ ક્ષમતામાં વધારો અને વિતરણ નેટવર્કને વિસ્તાર આપવા માટે રોકાણ અને મૂડી ઉપલબ્ધતાને બહેતર બનાવવાની જરૂર છે. આ મામલે અમિત શાહ દ્વારા પશુપાલકો માટે રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવા તથા ડેરી સહકારિતા સોસાયટીઓમાં એટીએમ મશીનની સુવિધા આપવાની જાહેરાતથી ભારે મદદ મળી શકે છે. સાથે જ ૬૭,૯૩૦ પેક્સ સોસાયટીઓનું કમ્પ્યૂટરાઈઝેશન પણ થશે. એક લાખ નવી અને જૂની સહકારી સંસ્થાઓની રચના વધુ મજબૂત કરવી આ યોજનાનું એક ઉલ્લેખનીય પાસું છે. રાષ્ટ્રીય દૂધ વિકાસ બોર્ડ શરૂઆતમાં એખ હજાર બહુઉદ્દેશીય પેક્સને પ્રતિ સોસાયટી ૪૦ હજાર રૂપિયા ઉપલબ્ધ કરાવશે જેથી તેમને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે દૂધ માર્ગો સાતે જોડી શકાય. આ પ્રયાસોથી નાણાંની ઉપલબ્ધતા પણ વદશે અને વધુને વધુ ખેડૂતોને સહકારી સંરચના સાથે જોડી પણ શકાશે. સ્વાભાવિક રૂપે તેનાથી મહિલા ખેડૂતોની આવક વધશે અને ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારની તકો ઊભી થશે. આશા છે કે લગભગ ૧૩ કરોડ ખેડૂત સીધી રીતે એનાથી લાભાન્વિત થશે.

### નિકાલનો નહીં પરંતુ ઉકેલનો અભિગમ એટલે સેવાસેતુ કાર્યક્રમ

# થરાદ ખાતે બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા 4,389 રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરાયો

માહિતી બ્યુરો | પાલનપુર

સરકારશ્રી દ્વારા તા.૧૭ સપ્ટેમ્બરથી સેવા સેતુના ૧૦મા તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં સરકારના ૧૩ વિભાગોની વિવિધ ૫૫ જેટલી સુવિધાઓનો સીધો લાભ નાગરિકોને એક જ સ્થળે આપવામાં આવી રહ્યો છે.આ કાર્યક્રમ આગામી તા.૩૧ ઓક્ટોબર સુધી ચલાવવાનો છે ત્યારે થરાદ નગરપાલિકા વિસ્તાર અંતર્ગત છત્રપતિ શિવાજી નગર સેવા સદન ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સરકારશ્રીની અલગ અલગ કુલ ૫૫ જેટલી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે. થરાદ ખાતેથી બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા એક જ સ્થળ પરથી કુલ ૪,૩૮૯ રજૂઆતોનો હકારાત્મક



નિકાલ કરાયો હતો. બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ ઉપસ્થિત રહીને સરકારી સેવાઓનો લાભ મેળવ્યો હતો. જેમાં રેશનકાર્ડ ઈ કે.વાય.સી, આધારકાર્ડની કામગીરી, આરોગ્ય ચકાસણી,દવાઓનું વિતરણ, એન.એફ.એસ.એ સહાયના કાર્ડ વિતરણ,વિધવા સહાયના હુકમ, સાત/બાર ૮અ જમીનના પ્રમાણપત્રો, વ્યવસાય વેરો, જન્મ મરણના પ્રમાણપત્ર, મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ, આવકના દાખલા, નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર, જાતી પ્રમાણપત્ર સહિત અનેક યોજનાઓનો લાભ લાભાર્થીઓને આપવામાં આવ્યો હતો.આ સાથે આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા સગર્ભા/ધાત્રી માતાઓને કીટ વિતરણ કરાયું હતું.

સેવાસેતુ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાજ્ય સરકારની સેવાઓ અને યોજનાઓ સીધી નાગરિકોને પૂરી પાડીને સુશાસનને વધારવાનો છે ત્યારે અલગ અલગ યોજનાઓનો લાભ લાભાર્થીઓને ઘર આંગણે જ મળતા તેમણે સરકારશ્રી અને બનાસકાંઠા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભેંસ બીજાના ખેતરમાં ઘુસી જતા માર મારનાર શખ્સ સામે એટ્રોસિટી દાખલ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના બુંજેઠા ગામની સીમમાં ભેંસ ઘુસી જતા ખેતર માલિકે ઢોર ધરાવનાર વ્યક્તિને માર મારી જતિવિષયક શબ્દો બોલતા એટ્રોસિટીનો ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર વ્રજકુમાર રણછોડભાઈ તડવી ઉ.વ આ.૧૯, રહે. ભાવપુરા (બુજેઠા) તા. તિલકવાડા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેઓ અનુસુચિત આદિજાતિના સભ્ય હોય અને માર મારનાર ઉજળીયાત કોમના હોય વ્રજકુમર પોતાની ગાયો-ભેંસો ચારવવા માટે બુજેઠા સીમમાં નાગજીભાઈ માવસિંહભાઈ કોઠીયાના ઘોડાવાળુ પડતર ખેતરમા ચરાવવા માટે ગયેલા તે વખતે એક ભેંસ બાજુમાં અડીને આવેલ રાજેન્દ્રસિંહ ભારતસિંહ કોઠીયા રહે.બુંજેઠા તા. તિલકવાડા જી.નર્મદાની બીડમાં જતી રહેતા તેઓ ધારીયુ લઈને આવી "આ તારા બાપનું ખેતર છે? તું કોણે પુછીને અહીયા ઢોરો ચારે છે આગલા દિવસે પણ તુ જ મારા બીડમાં ઢોરો ચારી ગયેલો છે" તેમ જણાવી વ્રજકુમાર ને ધારીયાના લાકડાના ડંડાનો પાછળો ભાગ ઉપરા ઉપરી છાતીના ભાગે મારી મા બેમ સમાણી ગાળો બોલી, જાતિવાચક અપમાનિત અપશબ્દો બોલી લાકડી લઈ બંન્ને પગે આડેઘડ પાંચ સપાટા મારી ઈજાઓ કરી જાનથી મારી-નાખવાની ધમકી આપી તેમજ ફરીયાદીએ તેના પિતાને ફોન કરી તેઓને પણ ગમે તેમ જાતિ-વિષયક અપમાનિત ગાળો બોલી જામથી મારી નાખવાની ધમકી આપી હોય તિલકવાડા પોલીસે એટ્રોસિટી દાખલ કરી છે.

# રાજપીપળામાં સેવ ઉસળની દુકાનો કે લારીઓ પર અપાતા નાના પાઉં ખરાબ દુર્ગંધ મારતા હોવાની બૂમ

**■ હવે દરેક સેવ ઉસળ ના વેપારીઓ સ્પેશિયલ નાની સાઇઝ ના પાઉં બનાવડાવી ગ્રાહકો ને આપે છે**

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા શહેર માં હાલમાં ઘણા સમયથી સેવ ઉસળ વેચતા વેપારીઓ પોતાની દુકાન કે લારી પર સેવ ઉસળ સાથે એકદમ નાની સાઈઝ ના પાઉં આપે છે અને આ પાઉં વેપારીઓ સ્પેશિયલ ઓર્ડર આપી બનાવતા હશે કે બેકરી વાળા



વેપારીઓ નો માંગ જોઈ બનાવતા હશે પરંતુ આ નાના પાઉં પૈકી ઘણા પાઉં ખાતી વેળા દુર્ગંધ મારતા અને વાસી હોવાનું જોવા મળ્યું છે.

જોકે નર્મદા જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ની કચેરી નથી અને બીજું કોઈ ખાધા ખોરાકી બાબતે ચેકીંગ કરતુ નથી માટે કેટલાક વેપારીઓ પોતાની મનમાની કરી ગ્રાહકો ને વાસી ખોરાક આપતા હોવાની ફરિયાદ સંભળાઈ છે જેમાં ખાસ કરીને સેવ ઉસળ સાથે આપવામાં આવતા નાના પાઉં ખરાબ હોવાની બૂમ સંભળાઈ છે, ન કરે નારાયણ અને ક્યારેક આવા પાઉં ખાઈ કોઈ ને ફૂડ પોઈઝનિંગ થાય તો એ માટે જવાબદાર કોણ..? પાઉં બનાવનાર બેકરી વાળા કે સેવ ઉસળ વેચનાર વેપારી..? શું સેવ ઉસળ વેચનાર વેપારીઓ પોતે આ પાઉં ખાઈ ચકાસણી કરે છે કે જે આવ્યું એ ગ્રાહકો ને પધરાવી ફક્ત નફો કમાવવામાં જ રસ રાખે છે.

રાજપીપળા શહેર માં ઠેર ઠેર વેચાતા સેવ ઉસળ ના આ ધંધા પર કડક ચેકીંગ કરી ખાસ કરીને પાઉં ની ગુણવત્તા બાબતની ચકાસણી થાય એ જરૂરી છે માટે તંત્ર આ બાબતે યોગ્ય પગલાં લે તેવી માંગ છે.

## NEWS TRACK

# દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાના પાણીયા ગામમાં સફાઇ કરવામાં આવી



દિપક રાવલ | દાહોદ

સ્વચ્છતા હી સેવા અભિયાનને સાકાર કરવાના માટે છેવાડાના લોકો સ્વચ્છતાનું મહત્વ સમજતા થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં વધુને વધુ લોકો જોડાય તે માટે રોજ-બ-રોજ અલગ અલગ આયોજનો કરવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામા પણ સ્વચ્છતા અભિયાનને વેગ આપવા ગ્રામિણ લોકો પણ સ્વચ્છતાની મહત્વતા સમજે અને એક જાગૃત અને સમજદાર નાગરિક બને એ માટે લીમખેડા તાલુકાના પાણીયા ગામમાં સામુહિક શૌચાલય અને મંદિરની સાફ-સફાઈ કરવામાં આવી હતી તેમજ લોકોને સ્વચ્છતા વિશે સમજણ આપવામા આવી હતી. અને IEC નું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

### છેલ્લા પંદર દિવસથી ચોર આવ્યાની અફવાથી લોકો પહેરો ભરે છે

# ...પણ ચોરી ક્યાં થઈ? કોણે ચોર જોયા?

**■ વાઘ આવ્યો વાઘ...ની જેમ ખરેખર ચોરી થશે ત્યારે કોઈ જાગતું નહિ હોય....**

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં લગભગ પંદરેક દિવસથી ચોર આવ્યાની અફવા થી ગ્રામજનો રાત્રી પહેરો ભરે છે અને આ બાબત જિલ્લાના લગભગ તમામ તાલુકામાં જોવા મળી છે ત્યારે અહીંયા સવાલ એ થાય છે કે ક્યાં ચોરી થઈ..?

ચોરો ને કોણે જોયા..? ચોરો ભાગી ગયા તો એમની ગાડી ક્યાં છે..? જેવા સવાલ પણ હાલ ઉઠ્યા છે તો શું આ માત્ર અફવા છે કે કોઈ નું કાવતરું હશે..?

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં ચોર આવતા હોવાની અફવા થી લોકો માં ગભરાટ જોવા મળ્યો છે અને મોટાભાગના ગામના લોકો રાત્રી રાઉન્ડ પણ મારે છે જોકે આ મુદ્દે નર્મદા પોલીસ અફવા હોવાનું સ્પષ્ટ જણાવે છે છતાં દેખા દેખી લોકો એ રાત્રી રાઉન્ડ ચાલુ રાખ્યા છે પરંતુ ક્યાંયે ચોરી થઈ હોય તેવી ઘટના સામે આવી નથી કેટલાક ગામના લોકો નું કહેવું છે કે ચોરો આવ્યા હતા પણ ગ્રામજનો ને જોઈ કોતર તરફ નાશી ગયા તો આ ચોરો જે ગાડી માં આવ્યા હતા એ ગાડી ક્યાં છે..? તેવા સવાલ ઉઠ્યા છે.

જોકે વાઘ આવ્યો વાઘ આવ્યો ને વાતે જો ખરેખર ક્યાંક ચોરી ની ઘટના બનશે ત્યારે કોઈ રાત્રી રાઉન્ડ માં ફરતા નહિ હોય અને ચોરો ચોરી ને અંજામ આપી નાશી જશે માટે હાલમાં ચાલી રહેલી અફવા થી ગભરાશો નહિ અને બીજાનું અનુકરણ કરી આપણે રાત્રી રાઉન્ડ મારવાની પણ જરૂરિયાત નથી.કેમ કે નર્મદા પોલીસ આ માટે સતર્ક છે.

### તાલુકો બન્યાને 12 વર્ષ થયા હોવા છતાંય

# નેત્રંગને ST બસ સ્ટેન્ડની સુવિધા મળી નથી

**■ એસટી બસસ્ટેન્ડમાં ત્રણ-ચાર વખત સર્વે કરવા છતાં પરીણામ શુન્ય**

ભરત શાહ | રાજપીપળા

ભરૂચ જીલ્લાના વાલીયા-ઝઘડીયા તાલુકમાંથી ૭૬ ગામો અલગ પાડી નવો નેત્રંગ તાલુકો બન્યો હતો. નેત્રંગ તાલુકો અસ્તિત્વમાં આવતા કરોડો રૂપિયાના ખર્ચે તાલુકા સેવાસદન, તા.પંચાયત, પોલીસ સ્ટેશન, મહિલા આઈટીઆઈ અને સામુહિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરાયું હતું.પરંતુ મુસાફરો માટે મુળભુત પાયાની સુવિધા સમાન એસટી બસસ્ટેન્ડના નિર્માણની કામગીરી થતી નથી.

ઉનાળાની ગરમીમાં, શિયાળાની ઠંડીમાં અને ચોમાસામાં ભારે વરસાદમાં મુસાફરોને ખુલ્લા આકાશની નીચે એસટી બસની રાહ જોવી પડે છે. નેત્રંગના ગાંધીબજાર વિસ્તારમાં એસટી બસસ્ટેન્ડ હોવા છતાં બસ ગાંધી બજાર સુધી પહોંચતી નથી. નેત્રંગ ચારરસ્તા ઉપરથી જ મુસાફરોને લઈને પસાર થઈ જાય છે.

નેત્રંગ ચાર રસ્તા ઉપર બસ મુસાફરોને બેસાડવા માટે ઉભી રહેતા ભારે ટ્રાફિક જામની સમસ્યા નડે છે.ગાંધીબજાર વિસ્તારમાં બસસ્ટેન્ડ જર્જરીત-ખંડેર હાલતમાં હોવાથી મુસાફરો ત્યાં સુધી જતા નથી.

ઉલ્લેખનીય છે કે, નેત્રંગમાં એસટી બસ સ્ટેન્ડના નિર્માણ માટે પરીવહન વિભાગના જવાબદાર અધિકારીઓ એ ત્રણ-ચાર વખત સર્વે કર્યો છે.પરંતુ જગ્યાના અભાવે એસટી બસ સ્ટેન્ડ નિર્માણનું કામ અટકી પડ્યાનું જાણવા મળ્યું છે. કરોડો રૂપિયા ધુળ ખાઈ રહ્યા છે.તેવા સંજોગોમાં જવાબદાર પદાધિકારી-અધિકારીઓ નેત્રંગ તાલુકામાં એસટી બસ સ્ટેન્ડનું નિર્માણ થાય તે માટે પ્રયત્ન હાથ ધરે તેવી લોકમાંગ ઉઠી છે.

# જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં સફાઇ કામદારોનું કરાયું હેલ્થ ચેકઅપ



માહિતી બ્યુરો | પાલનપુર

"સ્વભાવ-સ્વચ્છતા, સંસ્કાર-સ્વચ્છતા"ના ધ્યેય સાથે તથા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં અલગ અલગ થીમ આધારિત સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાય તે હેતુથી ૧૭ સપ્ટેમ્બરથી આરંભાયેલા સફાઈ અભિયાન અંતર્ગત તા.૨૫ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લામાં 'સ્વચ્છતા થી સ્વાસ્થ્ય તરફ' થીમ આધારિત સ્વચ્છતાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. સ્વચ્છતા બાબતે લોકોમાં જાગૃતિ ફેલાય તે હેતુથી બનાસકાંઠા જિલ્લાના વિવિધ ધાર્મિક સ્થળોએ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ સાથે આજની થીમ અનુરૂપ સફાઈ કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ અને સફાઈ કામદારોને સેફ્ટી કીટ વિતરણ કરાયા હતા. બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેએ પાલનપુર નગરપાલિકા, ટાઉનહોલ ખાતે આયોજિત હેલ્થ કેમ્પમાં હાજરી આપીને સફાઈ કામદારોની કામગીરીને બિરદાવી હતી. બનાસકાંઠા જિલ્લામાં આજે વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે હેલ્થ કેમ્પ યોજાયા હતા તથા ધાર્મિક સ્થળોએ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

# "ફરી રવિનાનું નામ લેશે તો જાનથી મારી નાંખીશ " કહી યુવકને માર મારવામાં આવ્યો..આહવાની ઘટના...

સુશીલ પવાર | ડાંગ

આહવા ખાતે એક યુવક ગણપતિનાં તહેવારનાં દિવસે એક યુવતીને મોટરસાયકલ ઉપર બેસાડી ક્યાંક લઈ ગયો હતો.ત્યારે આ યુવતીને ક્યાં લઈ ગયેલ એમ કહી યુવતીના પિતા તથા તેણીના ભાઈ અને તેણીના ભાવિ પતિ એ આ યુવકને માર માર્યો હતો.જે બાદ સમગ્ર મામલો આહવા પોલીસ મથકે પહોંચ્યો હતો.ડાંગ જિલ્લાનાં આહવા નગરના આંબાપાડા ખાતે રહેતા મિનેશભાઈ ગુલાબભાઈ ગાયકવાડની દીકરી રવિના ગાયકવાડ તથા ભોવાન જે. રાઠોડ (રહે. ચીરાપાડા તા.આહવા જી.ડાંગ) લગ્ન કરવા માંગતા હતા.ત્યારે આ ભોવાન રાઠોડે આહવાનાં આંબાપાડા ખાતે રહેતા સચિન સોનુભાઈ જાદવ (ઉ. વ.36) ને પૂછ્યુ હતુ કે, 'સચિન તું ગણપતિનાં તહેવારમાં રવિના ને મોટરસાયકલ ઉપર બેસાડી ક્યા લઈ ગયેલ ? તે બાબતે વાત કરવી છે.' એમ કહી સચિનને બોલાવ્યો હતો અને પછી રવિનાનાં પિતા મીનેશ તથા તેણીના ભાઈ રાજુ અને યોગેશ તથા તેણીનો ભાવિ પતિ ભોવાન રાઠોડ દ્વારા આ યુવકને અપ શબ્દો બોલી લાકડાના ડંડા અને ઢીક્કા પાટુનો માર મારવામાં આવ્યો હતો.તેમજ પથ્થરોથી માર મારી યુવકના માથાના તથા હાથના ભાગે ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.અને ફરી રવિનાનું નામ લેશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.જે બાદ આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.હાલમાં આહવા પોલીસ મથકનાં પી.આઈ.ડી.કે.ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ PSI એ.એચ.પટેલે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આધારકાર્ડની એજ્યુકેશન કીટ શાળામાં જઇ અપડેટ કરવાના બદલે કેટલાક ઓપરેટરોએ સેન્ટર પર ચલાવતા હોવાની બૂમ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને મળતી સ્કોલરશીપ માટે આધારકાર્ડ અપડેટ કરાવવા વાલીઓ અને બાળકો ધક્કા ખાઈ રહ્યા છે જેમાં બાળકોનો અભ્યાસ પણ બગડે છે છતાં તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી થતી નથી.

છેલ્લા ઘણા મહિનાઓ થી નર્મદા જિલ્લામાં અભ્યાસ કરતા બાળકો ને મળતી સ્કોલરશીપ માટે વાલીઓ અને બાળકો બંને આધાર કાર્ડ ના કેન્દ્રો પર ધક્કા ખાઈ રહ્યા છે અને કેટલીક જગ્યા પર તો આધાર કેન્દ્ર એકદમ ઓછા હોવાથી મસમોટી લાઈનો લાગતી હોવાથી કલાકો બાદ પણ નંબર લાગતો નથી અને વાલીઓ કામ ધંધો છોડી પોતાના બાળકો ને સ્કોલરશીપ મળે તે માટે બાળકો સાથે આધાર કેન્દ્ર પર ધક્કા ખાઈ છે જેમાં અભ્યાસ કરતા બાળકો નો અભ્યાસ પણ બગડે છે, એક તરફ સરકાર ઉચ્ચ શિક્ષણ અને એક પણ બાળક શિક્ષણ થી વંચિત ના રહે તે માટે પ્રવેશોત્સવ જેવા અનેક કાર્યક્રમો કરી લાખો નો ધુમાડો કરે છે જ્યારે બીજો તરફ આ રીતે સ્કોલરશીપ ની મામૂલી રકમ માટે વિદ્યાર્થીઓ ને ધક્કા ખવડાવે છે.



જોકે આ મુદ્દે અમે પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવે સાથે વાત કરી તો જાણવા મળ્યું કે આપણી પાસે કુલ.8 એજ્યુકેશન કીટ છે જેમાંથી બે બંધ હાલત માં છે અને મે મહિનાથી ગાંધીનગર મોકલી છે, બાકી રહેલી 6 કીટ પૈકી એક કીટ ડેડીયાપાડા મામલતદાર કચેરી માં છે, એક સાગબારા માં છે બાકીની ચાર કીટ રાજપીપળા માં છે જે કીટ ના ઓપરેટર સ્કૂલો માં જઈ ને આધાર અપડેટ કરે છે. આ કીટ ના લોકેશન સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી ચાલુ હોય છે અને છેક ગાંધીનગર સુધી આ કીટ લોકેટ થતી હોય છે.

**■ જિલ્લામાં શાળામાં અભ્યાસ કરતા બાળકો અને વાલીઓ આધારકાર્ડ માટે ઉજાગરા કરે છે ત્યારે જે કીટ ખાસ શાળા માં લઇ જવાની હોય એ ઓપરેટર પોતાના સેન્ટર પર વાપરે છે**

**જોકે નિશાંત દવે એ તેમણે ગોઠવેલા સિડ્યુલ મુજબ વાત કહી** પરંતુ અમારા જાણવા માં આવ્યા મુજબ રાજપીપળા નો ચાર કીટ પૈકી ના કેટલાક ઓપરેટર સ્કૂલો માં નહિ જઈ પોતાના સેન્ટર પર જ આધાર અપડેટ માટે લોકો ને બોલાવે છે. ભલે લોકેશન બતાવતું હોય પરંતુ લોકેશન પણ સેટ કરી સેન્ટર પર કીટ ઉપયોગ કરાતી હોવાની બૂમ છે જે તપાસ નો વિષય બને છે. કઈ કઈ કીટ ના ઓપરેટર સ્કૂલો માં નથી જતા એ બાબતની તપાસ કરી તંત્ર પગલાં લે એ જરૂરી છે.

# ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ જનમંચ કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાની મુલાકાતે



સુશીલ પવાર | ડાંગ

ગુજરાત કોંગ્રેસનાં નેતા અમિત ચાવડા, વાંસદાનાં ધારાસભ્ય અનંત પટેલ સહિતના કોંગ્રેસના નેતાઓ કોંગ્રેસ જનમંચ કાર્યક્રમ અંતર્ગત આહવા તળાવ, સિવિલ હોસ્પિટલ તથા સરદાર માર્કેટની મુલાકાતે પહોંચ્યા હતા.તેમજ લોકોના કેટલાક પડતર સળગતા પ્રશ્નોને પણ આગેવાનોએ સાંભળ્યા હતા.ગુજરાત કૉંગ્રેસનાં નેતા અમિતભાઈ ચાવડા,વાંસદાનાં ધારાસભ્ય અનંતભાઈ પટેલ તથા આગેવાનો કૉંગ્રેસનાં જનમંચ કાર્યક્રમ અંતર્ગત આહવા તળાવ,સિવિલ હોસ્પિટલ, સરદાર માર્કેટની મુલાકાતે પહોંચ્યા હતા. તેમજ દેશી વિદેશી દારૂ, અને તે પ્રવૃત્તિઓ ચાલી રહી હોય, માથાભારે લોકો દ્વારા જમીન પચાવી પાડવામાં આવેલ હોય, માપણી માં ગોટાળા કરવામાં આવેલ હોય, સરકારી ડોક્ટર કે સ્ટાફ નિયમિત ન આવતા હોય, સરકારી કે ખાનગી હોસ્પિટલમાં નિયમોથી વધારે ફી વસૂલવામાં આવતી હોય, ફેક્ટરીઓના કામદારોને પૂરતો પગાર કે અન્ય સુવિધા આપવામાં ન આવી હોય, મનરેગામાં 100 દિવસ રોજગાર અને પૂરતો પગાર ન મળ્યો હોય વગેરે મુદ્દાઓ તથા અન્ય પડતર સળગતા પ્રશ્નોને લઈને આગેવાનોએ લોકો સાથે ચર્ચા કરી હતી.તેમજ આ પ્રસંગે ડાંગ જિલ્લા કૉંગ્રેસ પાર્ટી પ્રમુખ મુકેશભાઈ પટેલ,કાર્યકારી પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરે,આઈટી સેલ પ્રમુખ મનીષભાઈ મારકણા, વ્યારાનાં માજી ધારાસભ્ય પુનાજી ગામીત,માજી સાંસદ કિશનભાઈ પટેલ, તરબેઝ અહમદ ઉર્ફ બબલુ સહીત કૉંગ્રેસનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા..

### પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં

# તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકનો સન્માન કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ

લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રમાં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં શિક્ષણ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર દાહોદ દ્વારા આયોજિત પાંચમી સપ્ટેમ્બર 2024 ના રોજ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતી નિમિત્તે આપવામાં આવેલ લીમખેડા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ 2024 ના વિજેતા શિક્ષક ધર્મેન્દ્રસિંહ ચાવડાનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા પરિવાર તરફથી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ તથા સેવા પરિવાર બાર તરફથી તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક



વિજેતા શિક્ષકશ્રી ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ ચાવડાને પુસ્તક આપીને, ભારત માતાની તસ્વીર આપીને, સન્માન પત્ર આપીને, ફૂલહાર પહેરાવીને કરવામાં આવ્યું હતું. તેમને ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્ર પ્રગતિ માટે અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. શિક્ષક શ્રી દ્વારા પોતાને પુરસ્કાર સ્વરૂપે મળેલ 5000/- રૂપિયા ઈનામમાંથી 1111/- રૂપિયા બાર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બાર ના બાળકો માટે દાનમાં આપવામાં આવ્યા હતા. સન્માન કાર્યક્રમમાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદના અધ્યક્ષ દેશીંગભાઈ તડવી,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડાના અધ્યક્ષ શનુભાઈ ભાભોર, મીડિયા સંયોજક ફતેસિંહ બારીઆ, સંગઠનના અન્ય હોદ્દેદારો,સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ બારના પ્રમુખ ભદ્રેશભાઈ સથવારા, મંત્રી બળવંતભાઈ પરમાર, સેવા પરિવારના કારોબારી સભ્યો, પગાર કેન્દ્રની વિવિધ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષક ભાઈઓ-બહેનો, શાળાના આચાર્યશ્રી શ્રીમતી કામીનાબેન પટેલ સહિત શાળા પરિવારનાં સભ્યો તથા શાળાના બાળકો હાજર રહ્યા હતા.

# સુંદરપુરા ગામ પાસે બાઈક પરનો કાબૂ ગુમાવી ઝાડ સાથે અથાડનાર ચાલકનું મોત

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સુંદરપુરા ગામ નજીક બાઈક સ્લીપ થઈ જતાં ચાલક નું મોત થયું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર કૈલાશબેન સંજયભાઈ લક્ષ્મણભાઈ વસાવા, રહે-ધમણાચા નવીનગરી તા-નાંદોદ. જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના પતિ મરનાર સંજયભાઈ લક્ષ્મણભાઈ વસાવા ઉ.વ.આ.૪૪ રહે-ધમણાચા નવીનગરી તા-નાંદોદ જી-નર્મદા નાએ પોતાના કબ્જાની નંબર વગરની મોટર સાયકલ હંકારતા જીતનગર અને સુંદરપુરા ગામ વચ્ચેના રસ્તે વળાંકમાં કાબુ ગુમાવી ઝાડ સાથે અથડાઈ જતા પોતાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચાડતા તેમનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



જોકે આ ઘટના માં મરનાર ના પરિવારજનો નું કહેવું છે કે આ અકસ્માત માં મોત નથી બલ્કે હત્યા થઈ છે માટે પોલીસ હત્યાનો ગુનો દાખલ નહિ કરે ત્યાં સુધી અમે



મરનાર નો મૃતદેહ નહિ લઈએ, પરિવાર ની આ વાત બાદ જૂની સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઘટના ના પગલે ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા, જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા અને તેમના સમર્થકો જૂની સિવિલ ખાતે આવી પહોંચ્યા હતા અને મૃતક ના પરિવારજનો તેમજ પોલીસ સાથે વાતચીત કરી મૃતક ના પરિવારજનો ને ન્યાય મળે એ દિશા માં કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જોકે ચૈતર વસાવા ની દરમિયાનગીરી અને આશ્વાશન થી આખરે મૃતક ના પરિવારે મૃતદેહ સ્વીકાર્યો હતો.

# વાળ ધોતી વખતે તમે તો નથી કરતાને આ ભુલ ? આ ભુલોના કારણે શરુ થાય છે ભયંકર હેરફોલ

આજે દરેક વ્યક્તિને મોઢે સાંભળવા મળે કે વાળ ખૂબ જ ખરે છે... વધારે પ્રમાણમાં વાળ ખરતા હોય તો તેની પાછળ વાળ ધોવાની ખોટી રીત પણ જવાબદાર હોય શકે છે. મોટાભાગના લોકો સ્કૈલ્પને બરાબર ક્લીન કરતા નથી જેના કારણે હેર ફોલિકલ્સમાં ગંદગી જામી જાય છે અને નવા વાળ ઊગી શકતા નથી. અને જે વાળ ઊગેલા હોય તે તુટવા લાગે છે. આ સ્થિતિમાં થોડા સમયમાં માથામાં ટાલ દેખાવા લાગે છે.



**જાણીને નવાઈ લાગશે પરંતુ વાળ ધોતી વખતે કરેલી કેટલીક ભુલ હેર ફોલની સમસ્યાને ભયંકર રીતે વધારી શકે છે. ઘણા લોકો એવા હશે જેઓ હેર વોશ કરે એટલે બાથરુમ વાળથી ભરાઈ જાય. આમ થવાનું કારણ હોય છે ખોટી રીતે વાળ ધોવા.**

### વાળ ધોવાની સાચી રીત

વાળ ધોવાના હોય તેની 30 મિનિટ પહેલા વાળમાં તેલ લગાવો. ત્યારબાદ વાળને શેમ્પૂ કરવા જોઈએ. શેમ્પૂ કરતા પહેલા પણ વાળને સારી રીતે ભીના કરો. ત્યારબાદ વાળને સ્કેલ્પમાં લગાવી સારી રીતે મસાજ કરો. પછી વાળને સારી રીતે સાફ કરો. શેમ્પૂ કર્યા પછી વાળના મૂળમાં ન જાય તે રીતે કંડીશનર લગાવું જોઈએ. કંડીશનર લગાવ્યા પછી 2 મિનિટમાં જ હેર વોશ કરી લેવા.

### વાળ સુકાવવાની સાચી રીત

વાળ ધોયા પછી તેને કોરા કરવામાં પણ જે ભુલ થતી હોય છે તે વાળ ખરવાનું કારણ બને છે. જેમકે વાળમાં શક્ય હોય ત્યાં સુધી ડ્રાયર ન કરો. તેનાથી વાળ નબળા પડી જાય છે. નિયમિત ડ્રાયરનો ઉપયોગ ન કરો. વાળને કપડાથી ઝાટકીને કોરા ન કરવા જોઈએ. વાળને નેચરલ રીતે જ કોરા થવા દેવા જોઈએ.

### વાળ ધોયા પછી આ ભુલ ન કરો

- વાળ ભીના હોય ત્યારે કાંસકો ન ફેરવો. તેનાથી વાળ ખરી જાય છે.
- અઠવાડીયામાં 2 થી 3 વારથી વધુ વાર વાળ ધોવાથી બચો.
- વાળ ધોયા પછી તુરંત તેલ ન લગાવો.
- વાળને નેચરલ હવાથી સુકાવા દો અને પછી તેમાં કાંસકો ફેરવો.

# આજથી શરૂ કરો Self Care માનસિક સ્વાસ્થ્યથી લઈને પ્રોડક્ટિવિટી થશે વધુ સારી



સેલ્ફ કેર શું છે- તમારી સંભાળ લેવી એ સેલ્ફ કેર છે. આપણે સૌ પ્રથમ આપણી જાતનું ધ્યાન રાખવું જોઈએ અને દરેક પરિસ્થિતિમાં આપણી જાતને પ્રથમ રાખવી જોઈએ. સેલ્ફ કેરમાં, વ્યક્તિએ પોતાના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની કાળજી લેવી જોઈએ. આજના સમયમાં ખરાબ ખાનપાન અને ખરાબ જીવનશૈલીના કારણે આપણે ઘણી બીમારીઓનો શિકાર બનીએ છીએ. શારીરિક બીમારીઓ સાથે માનસિક બીમારીઓ પણ આપણને સતાવે છે. તણાવ, ચિંતા, વધુ પડતી વિચારસરણી જેવી સમસ્યાઓ આપણા મિત્રો બની જાય છે. જ્યારે આપણે સેલ્ફ કેર કરીએ છીએ, ત્યારે આપણે આ વસ્તુઓથી પણ દૂર જઈએ છીએ. સેલ્ફ કેર આપણને આપણી જાતનું ધ્યાન રાખવાની સલાહ આપે છે. પોતાની જાતને અને પોતાના સ્વાસ્થ્યનું મૂલ્ય રાખવાની સમજણ આપે છે. જ્યારે આપણે આપણી ખુશીનું ધ્યાન રાખીએ છીએ. તેથી આપણે બીજાઓ પાસેથી અપેક્ષાઓ રાખીશું નહીં, જેનાથી આપણું દુઃખ ઓછું થશે. સેલ્ફ કેર માનસિક સમસ્યાઓમાં પણ રાહત આપે છે. હતાશા અને ચિંતા ઓછી થાય છે. વ્યક્તિ સેલ્ફ કેર દ્વારા પણ વધુ ઉત્પાદક બને છે.

# દાડમના આ ફાયદા જાણીને તમે પણ રોજ દાડમ ખાવાનું શરૂ કરી દેશો

દાડમનો સૌથી મોટો ફાયદો એ છે કે તેની હિમોગ્લોબિનનું સ્તર વધારવાની ક્ષમતા છે. હિમોગ્લોબિન તમારા ફેફસાંમાંથી તમારા બાકીના શરીરમાં ઓક્સિજન વહન કરવા માટે જરૂરી છે. દાડમમાં રહેલું આયર્ન, વિટામિન સી સાથે, હિમોગ્લોબિનનું સ્તર સુધારવામાં મદદ કરી શકે છે. દાડમ પોલીફેનોલ્સથી સમૃદ્ધ છે, જે એન્ટીઑક્સિડન્ટો છે જે ઓક્સિડેટીવ તણાવ અને બળતરા ઘટાડીને હ્રદયનું રક્ષણ કરે છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે દાડમના રસનો નિયમિત વપરાશ બ્લડ પ્રેશર ઘટાડી શકે છે, કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડી શકે છે અને એલડીએલ કોલેસ્ટ્રોલના ઓક્સિડેશનને અટકાવી શકે છે, જે હ્રદય રોગના વિકાસમાં એક મહત્વપૂર્ણ પરિબળ છે.દાડમમાં હાજર ઉચ્ચ ફાઈબર તત્વ પાચન સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. ફાઈબર સ્ટૂલને વધારે છે, કબજિયાત અટકાવે છે અને નિયમિત આંતરડાની ગતિને પ્રોત્સાહન આપે છે. તે તંદુરસ્ત આંતરડાના માઈક્રોબાયોમને પણ સમર્થન આપે છે, જે આરોગ્ય અને રોગપ્રતિકારક શક્તિને સુધારવામાં ભૂમિકા ભજવે છે. દાડમમાં શક્તિશાળી બળતરા વિરોધી ગુણધર્મો છે કારણ કે તે એન્ટીઑકિસડન્ટોથી સમૃદ્ધ છે. હ્રદયરોગ, કેન્સર અને ડાયાબિટીસ સહિતની વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે ક્રોનિક સોજા જોડાયેલ છે. તમારા આહારમાં દાડમનો સમાવેશ કરીને, તમે બળતરા ઘટાડવામાં અને તમારા શરીરને આ પરિસ્થિતિઓથી સુરક્ષિત કરવામાં મદદ કરી શકો છો. દાડમમાં કેલરી ઓછી હોય છે અને ફાઈબર વધારે હોય છે, જે વજન ઘટાડવા માંગતા લોકો માટે તે એક ઉત્તમ વિકલ્પ બનાવે છે. ફાઈબરની સામગ્રી તમને લાંબા સમય સુધી ભરપૂર અનુભવે છે, તમારી કેલરીની માત્રા ઘટાડે છે અને દાડમમાં રહેલી કુદરતી શર્કરા સ્વસ્થ રીતે મીઠી તૃષ્ણાઓને સંતોષે છે. દાડમ તમારી ત્વચા માટે પણ ફાયદાકારક છે. દાડમમાં હાજર એન્ટીઑકિસડન્ટો ત્વચાને મુક્ત રેડિકલ નુકસાનથી બચાવવામાં મદદ કરે છે, જે અકાળ વૃદ્ધત્વનું કારણ બની શકે છે. આ સિવાય દાડમમાં હાજર વિટામિન સી કોલેજન ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે ત્વચાને ચમકદાર અને યુવાન રાખે છે.



# 'ઓવર એક્ટિવ મગજ' બની શકે છે રાત્રે ઊંઘ ન આવવાનું કારણ!

આ નકારાત્મક અને સકારાત્મક બંને હોઈ શકે છે. ઓવરએક્ટિવ મગજમાં નકારાત્મક અને સકારાત્મક બંને વિચારો આવી શકે છે. ઓવરએક્ટિવ મગજ બે પરિસ્થિતિઓમાં થઈ શકે છે. પ્રથમ, આખા દિવસ દરમિયાન તમારી સાથે કંઈક ખૂબ જ ખરાબ થયું છે, જેને તમે ઈચ્છવા છતાં ભૂલી શકતા નથી અને તમારું મન તે વસ્તુ વિશે વિચારી રહ્યું છે. બીજું, આખો દિવસ તમારી સાથે કંઈક સારું થયું હશે, જેની ઉત્તેજના તમારા મનમાં ઘૂમી રહી છે. ઓવરએક્ટિવ મગજની આ સ્થિતિમાં ઊંઘ પર ખરાબ અસર પડે છે. પહેલા તમારી રાતની ઊંઘ ખરાબ છે અને પછી બીજા દિવસે ખરાબ છે. જો તેને સુધારવામાં ન આવે, તો તે તમારું નિત્યક્રમ બની જાય છે. થોડા સમય પછી તેમાં સુધારો કરવો મુશ્કેલ બની જાય છે. મસલ રિલેક્સ- તણાવથી દૂર રહેવાનો પ્રયાસ કરો. તમારા શરીરને ઢીલું મૂકીને સપાટ જગ્યાએ સૂઈ જાઓ. ઊંડા શ્વાસ લો અને તમારા મનને શાંત કરો. આમ કરવાથી ઊંઘ આવશે. દિનચર્યા- સૂવાની દિનચર્યા બનાવો. સૂવાનો અને જાગવાનો ચોક્કસ સમય નક્કી કરો. તે સમયે જ સૂવાની અને જાગવાની ટેવ પાડો. લખો- જો તમારા મગજમાં ઘણી બધી વાતો ચાલી રહી છે અને તમે ઊંઘી શકતા નથી, તો તમારા વિચારો લખવાનું શરૂ કરો. લખવાથી મનને શાંતિ મળે છે અને ઝડપથી ઊંઘ આવવામાં મદદ મળે છે. સ્ક્રીન ટાઈમ- સૂતા પહેલા તમારા ફોનને સંપૂર્ણપણે છોડી દો. સૂતા પહેલા સ્ક્રીન જોવાથી ઊંઘ ગાયબ થઈ જાય છે.



# પરીક્ષિત રાજા એ બળદ અને ગાયની દશાથી એનું હદય કંપી ગયું, માણસના હાથમાંથી હન્ટર લેતા પૂછ્યું કે શું કામ અબોલ જીવ પર અત્યાચાર કરે છે?

ધન ધના ધન ની સુગંધ જ એવી છે કે એના લીધે માણસ ના મન માં લોભ લાલસા જેવા વિકૃત વિકારો પેદા થઈ જાય છે.આ વિકાર માં માણસ માણસ ને ભૂલી શત્રુ બની જતા હોય છે.એક સમૃદ્ધ સંપતિ વાન શેઠ ને ચાર દીકરા હતા. આખા ગામ માં મોટામાં મોટી કોઠી એની હતી. રૂપિયા એટલા કે સાચવવાની પણ સમસ્યા હતી જેટલા ખર્ચાય એ ભેગા રાત પડતાં ખર્ચ્યા હોય એના કરતાં ચાર ગણા આવી જતા હતા.શેઠ ખૂબ દયાળુ અને દાની હતા એટલે આસપાસ ના પાંચ ગામ માં રાત દિવસ અન્ન ક્ષેત્ર,ગરીબો ના ફેમિલી ની રહેવાની વ્યવસ્થા,એના બાળકો ની માટે સ્કૂલ,પીવાના પાણી ના કૂવા,ભવ્ય થી ભવ્ય મંદિરો બાંધ્યા વગેરે વગેરે એનેક સેવાકિય કાર્યો માટે છૂટા હાથે દાન આપતા હતા. એને સામે હાથ ફેલાવનાર ખાલી જતો નહતો. ચાર દીકરાઓ નમ્ર વિવેકી અને સંસ્કારી હતા.બધા પિતા ના પડ્યા બોલ ઝીલતા હતા. છોકરાઓ વચ્ચે સંપ નિહાળી શેઠ એ વસિયત જીવતે જી બનાવવા નું ટાળી દીધું. અચાનક એક રાત્રે શેઠ નું હાર્ટ એટેક થી મૃત્યુ થયું.

ગામ અને આસપાસ ના ચાર ગામ ના લોકો શેઠ ના મૃત્યુ થી ખૂબ દુ:ખી થયા હતા. શેઠ ના મૃત્યુ બાદ ક્રિયા કર્મ કર્યા બાદ પરિવારમાં મહિનાઓ સુધી ગમગીની છવાયેલ રહી. જે સંપ ચાર છોકરાઓ વચ્ચે હતો એ ધીમે ધીમે ઓછો થવા લાગ્યો. એક છત નીચે શેઠ ના મૃત્યુ બાદ અન્ય બે છોકરા એ બાળકો ના અભ્યાસ નું બહાનું આગળ ધરી ને અલગ થવાનું નક્કી કર્યું. શેઠાણી એ બન્ને દીકરાઓને સમજાવ્યું પરંતુ ના માન્યા ને પોતપોતાના પરિવાર સાથે શેઠ એ વસાવેલ શહેર ના બે મકાનોમાં બન્ને શિફ્ટ થઈ ગયા.એજ રીતે ત્રીજો દીકરો પણ પોતાના ફેમિલી ને લઈને વિદેશ શિફ્ટ થઈ ગયો. મોટો દીકરો એના માં બાપ ને ખૂબ પ્રેમ કરતો હતો એટલે ફેમિલી સાથે હવેલીમાં માતાની સેવા અને પિતાના ધંધા ને સાંભળવા માટે રહ્યો. શેઠ શેઠાણી ના આશીર્વાદ થી ચારે ચાર પોતપોતાની રીતે સમૃદ્ધ અને સંપતિવાન હતા.

પંદર વીસ વર્ષ બાદ શેઠાણી નું પણ હાર્ટ એટેક થી મૃત્યુ થયું. શેઠાણી ની અંતિમ ક્રિયા વિધિ બાદ અલગ રહેતા ત્રણેય એ મોટાભાઈ ને પિતાની સંપતિ ના ભાગ પાડવા નું સૂચવ્યું પરંતુ ત્યાં ઉપસ્થિત મુનીમ એ કહ્યું કે શેઠજી એ વસિયત નહતું બનાવ્યું પરંતુ શેઠાણી એ કાયદેસર નું વસિયત બનાવ્યું છે. ઊંડો શ્વાસ લઈ ને મુનીમ એ કહ્યું કે શેઠાણી ની અંતિમ ઈચ્છા અનુસાર શેઠ ની સમગ્ર મિલકત ના હકદાર માત્ર મોટાભાઈ જ રહેશે. ત્યાં સુધી કે જેમાં તમે બન્ને રહો છો એ શહેર ના મકાનો પર પણ મોટાભાઈ ના નામે થઈ ગયા છે. બન્ને ભાઈઓ ગુસ્સા માં આવી લાલ થઈ જતાં બોલ્યા કે પિતાની મિલકત માં તો બધાય બાળકો ભાગીદાર હોય છે. આ બધા ઝગડા એટલા વધ્યા ને કે પાચ ગામમાં ઘરે ઘરે શેઠ શેઠાણી ના ચારેય છોકરા ના કુસંપ ની વાતો થવા લાગી. મોટાભાઈ એ કીધું કે કોર્ટ કચેરી કરવાની જરૂર નથી શહેર ના મકાનો તમારા જ રહેશે. બીજી અન્ય મિલકત માં ભાગ તમને ત્રણેય ને મળશે નહિ એટલે એ તરફ નજર કરશો નહિ. વાત એટલી બધી હદે વધી ગઈ કે ભાઈઓ ભાઈઓ વચ્ચે બોલવા ચાલવા ખાવા ના વ્યવહારો પર કાયમી ચોકડી લાગી ગઈ. કાયદાકીય રીતે શેઠાણી ની વસિયત મુજબ મોટાભાઈ નું ફેમિલી શેઠ ની કમાયેલી અઢળક સંપતિ નું માલિક બની બેઠુ.



ધન સંગ્રહ
- રુપાલી દવે

આ કિસ્સા મા તમને શું લાગે છે? વાંક કોનો? શેઠનો કે શેઠાણી નો કે મોટા દીકરાનો.સાચું કહું મને દેખતી રીતે કોઈનો વાંક નથી લાગતો,કેમ? બધા પાત્રો પોતપોતાની રીતે સાચા જ છે. વાંક કળયુગ પૃથ્વી પર હાવી થઈ ગયો છે એટલે માણસ નું મન મગજ "મિલકત" શબ્દ માં ફસાઈ ગયું છે. રાજા પરીક્ષિત નગર ચર્યા કરવા નીકળ્યો ત્યારે વિચિત્ર દ્રશ્ય જોયું : એક માણસ એક પગે ઉભેલ બળદ ને ક્રૂરતા થી હન્ટર મારતો હતો,બાજુ માં ઊભેલી ગાય નિ:સહાય બની ને બળદ પર માર પડતો હતો એટલે રડતી હતી. પરીક્ષિત રાજા એ બળદ અને ગાય ની દશા નિહાળતા જ એનું હદય અંદર થી કંપી ગયું. રથ માંથી નીચે ઉતરી ને માણસ ના હાથ માંથી હન્ટર લેતા પૂછ્યું કે શું કામ વિના કારણ અબોલ જીવ પર અત્યાચાર કરે છે? મારા રાજ્ય મા તને ઘૂસવા કોણે દીધો? ત્યાં અચાનક બળદ ને વાચા આવતા એ બોલ્યો કે રાજન, હું ધર્મ છું,આ ગાય પૃથ્વી છે અને આ ક્રૂર માણસ એ કળયુગ છે. રાજન,કળયુગ માં ધર્મ નું એક જ ચરણ જીવિત રહેશે બાકી ત્રણ દયા,તિતિક્ષ, કરુણા ચરણ અદશ્ય રહેશે.મનુષ્ય માત્ર ને માત્ર પોતાનો સ્વાર્થ સાધવા માટે જ જીવન જીવશે.મનુષ્ય ખુદ ભોગવશે ઓછું પરંતુ અન્ય માટે ભેગુ કરવામાં માનશે. દયા માયા જેવું તત્વ સ્વાર્થ પૂરતું જ જોવા મળશે. કળયુગ માં મનુષ્ય નો મુખ્ય ઉદ્દેશ્ય "માલ મિલકત અને સંપત્તિઓ " ઊભી કરવાનો છે. માણસ ને સાચું ખોટું કરીને કે અન્ય નું અણહક નું છીનવી ને પણ સંપતિ માલ મિલકત એકઠી કરવી છે. "પૈસો મારો પરમેશ્વર અને હું પૈસા નો દાસ" આ કહેવત કળયુગ માં સત્યાર્થ કરે છે.

પરીક્ષિત રાજા એ સામ,દંડ,ભય,ભેદ વાપરી ને કળયુગ ને પૃથ્વી છોડવા નું સમજાવ્યું પરંતુ કળયુગ ના માન્યો. કળયુગ એ પરીક્ષિત રાજા ને વચન આપ્યું કે રાજન, કળયુગ માત્ર ને માત્ર સુવર્ણ ધન સંપત્તિ મિલકત,કામ ભોગ વાસના જીભ સ્વાદ અને મદિરા માં જ રહેશે. જે ધાર્મિક સંતોષી વ્યક્તિ આ ત્રણ વસ્તુ થી દુર રહી ને જે મળ્યું એમાં સંતુષ્ઠ થઈને નામ સ્મરણ જપ માં જીવશે એની નજીક કળયુગની આવવાની કે સ્પર્શ કરવાની તાકાત નથી. સાચું તો છે ધન મિલકત જ મનુષ્ય નો સાચો દુશ્મન છે.ધનવાન ના સાથે ઓળખીતા અજાણ્યા બધા ને સલામી ભરવી હોય છે પરંતુ નિર્ધન વ્યક્તિ ની નજીક લોકો ફરકતા પણ ભય પામે છે. નિર્ધન ની નિર્ધનતા થી ખુદ નિર્ધન થઈ જશે તો એવો લોકો ને ભય સતાવતો હોય છે.

ગુરુ દત્તાત્રેય એ બનાવેલ ૨૪ ગુરુ માંના એક ટિટોડી ની કથા કહેતા ગુરુદેવ કહે છે કે એક ટિટોડી ના મુખે માંસ નો ટુકડો લાગ્યો,એ ખુશખુશાલ થઈ ને માંસ ના ટુકડા ને લઈને એના માળા તરફ ઉડવા લાગી. ટીટોડી ના મુખ માંના માંસ નો ટુકડા પર અન્ય પક્ષીઓ ની નજર પડતાં એ બધા ટિટોડી પાછળ માંસ નો ટુકડો છીનવી લેવા ઉડવા લાગ્યા. આસપાસ શિકારી પક્ષીઓ ઉડતા જોઈને એ ગભરાઈ ગઈ ને મોં માનો માંસ નો ટુકડો ચાચ માંથી છટકી ને નીચે તરફ પડ્યો એ ભેગા એની આસપાસ ના પક્ષીઓ માંસનો ટુકડો લેવા ટુકડા પાછળ ઉડિયા. આનો મતલબ એ કે જ્યાં ધન મિલકત ત્યાં લોભ લાલચ વગેરે હોય જ છે. જો મનુષ્ય પરિગ્રહ કરતા અપરિગ્રહ વૃત્તિ વિકસાવી ને ખુદ એ કમાયેલું ધન એકઠું કરવા ના બદલે ખુદ વાપરશે તો માબાપ ના મૃત્યુ બાદ "મિલકત" નો પ્રશ્ન નહિવત રહેશે.

# નવરાત્રિના ઉપવાસમાં બનાવો

## ફાઈબરથી ભરપૂર બનાવવામાં સરળ અને સ્વાદિષ્ટ સાબુદાણાની ખીચડી

માતાના ભક્તો નવરાત્રિના નવ દિવસ ઉપવાસ રાખે છે. ઉપવાસ દરમિયાન સાબુદાણાની ખીચડી ખૂબ જ પસંદ કરવામાં આવે છે. ફાઈબરથી ભરપૂર સાબુદાણાની ખીચડી સ્વાદમાં પણ સ્વાદિષ્ટ હોય છે અને તેને ખાધા પછી લાંબા સમય સુધી ભૂખ નથી લાગતી. મોટાભાગના ઘરોમાં, સાબુદાણા ખીચડીને ઉપવાસમાં ખાવા માટે બનાવવામાં આવે છે. કારણ કે તે માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તે બનાવવામાં પણ સરળ છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન તમે સ્વાદિષ્ટ સાબુદાણા ખીચડી બનાવી શકો છો. તેને બનાવવા માટે સૌપ્રથમ સાબુદાણાને ધોઈને 2-3 કલાક પાણીમાં પલાળી રાખો. જેથી સાબુદાણા નરમ થઈ જાય અને બરાબર ફૂલી જાય. આ સમય દરમિયાન, એક કડાઈમાં મગફળી મૂકો અને તેને સૂકવી લો. આ પછી, મગફળીને ક્રશ કરો, તેની છાલ કાઢી લો અને તેને પીસી લો.

હવે એક કડાઈમાં તેલ મૂકી મધ્યમ તાપ પર ગરમ કરો. તેલ ગરમ થાય એટલે તેમાં જીરું નાખીને તતડાવો. આ પછી તેમાં કરી પત્તા, લીલાં મરચાં નાખીને સાંતળો. હવે તેમાં કાપેલા બટેટા ઉમેરીને સારી રીતે ફ્રાય કરો. બટાકાને શેકવામાં 2-3 મિનિટ લાગશે. જ્યારે બટાકા નરમ થઈ જાય ત્યારે તેમાં પલાળેલા સાબુદાણા ઉમેરીને સાથે મિક્સ કરો. આ પછી, પેનને ઢાંકી દો અને સાબુદાણાને 4-5 મિનિટ સુધી ચડવા દો. આ સમય દરમિયાન, સાબુદાણાને સમયાંતરે હલાવતા રહો, જેથી તે તવા પર ચોંટી ન જાય.

હવે તેમાં પીસેલી મગફળી અને સ્વાદાનુસાર મીઠું નાખીને બરાબર મિક્સ કરી લો. આ પછી, લીંબુનો રસ નાખીને અને ખીચડીને વધુ 2-3 મિનિટ સુધી ચઢવા દો. આ પછી ગેસ બંધ કરી દો. છેલ્લે તેને લીલા ધાણાથી ગાર્નિશ કરીને દહીં સાથે સર્વ કરો.

### સાબુદાણા ખીચડી બનાવવા માટેની સામગ્રી

સાબુદાણા - 1 વાટકી
મગફળી - 1/2 વાટકી
બટાકા - 1
જીરું - 1 ચમચી
લીંબુ - 1
કઢી પત્તા – 7-8
લીલા મરચા સમારેલા - 2
ઘી/તેલ - 1 ચમચી
સિંધવ મીઠું - સ્વાદ મુજબ
સાબુદાણા ખીચડી બનાવવાની પદ્ધતિ

# અનુપમ ખેરે લિંક્ડઇન પર પોતાનો CV શેર કર્યો...!

## પોતાને સ્ટ્રગલિંગ એક્ટર ગણાવ્યા. માત્ર 37 રૂપિયા લઈને મુંબઈ આવ્યા હતા...


Anupam Kher – "The Eternal Student of Life"
Actor | Author | Teacher | Motivational Speaker | Life Enthusiast

INTRODUCTION – The Script of Life

"If life is a movie, I've been blessed with a blockbuster."
From a small-town boy in Shimla to walking the red carpet at global film festivals, I've journeyed through over 500 films, countless roles, and a lifetime of learning. My career is a testimony to resilience, passion, and the unshakable belief that failure is an event, never a person.

EXPERIENCE – My Life in Acts

Act 1: The Early Years

Title: Struggling Actor
Role: Seeker of Dreams
Location: Mumbai, India

Plot: Landed in Mumbai with just ₹37 in my pocket and a head full of dreams. Juggled small roles while learning the art of patience and perseverance.

Contact:
For the next adventure, reach me at:
https://www.theanupamkher.com/
@anupampkher
https://www.linkedin.com/in/anupam-kher/

SKILLS – More Than Just Acting
Adaptability:
I've played over 500 characters, but the greatest role is always the next one.
Humor & Positivity:
A comic at heart, I believe laughter heals and connects us all.

(એજન્સી) મુંબઇ | તા.25

500 થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા પીઢ અભિનેતા અનુપમ ખેર દરરોજ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કેટલીક રસપ્રદ પોસ્ટ શેર કરે છે. તાજેતરમાં, અભિનેતાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર માહિતી આપી હતી કે તેણે ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડર લિંક્ડઈન પર પોતાનો સીવી (રેઝ્યૂમે) શેર કર્યો છે. સીવીમાં વ્યક્તિગત-વ્યવસાયિક અનુભવો શેર કરવામાં આવ્યા છે રસપ્રદ વાત એ છે કે આ સીવીમાં અનુપમે પોતાને એક સ્ટ્રગલિંગ એક્ટર ગણાવ્યો છે. જો કે, આમાં તેણે તેની ચાર દાયકા લાંબી કારકિર્દી સાથે તેના જીવનના અનુભવો શેર કર્યા.

'આશા છે કે તમને મારો બાયોડેટા ગમશે' આને ઈન્સ્ટાગ્રામ પર શેર કરતાં અનુપમે લખ્યું, 'દર પાંચ વર્ષે હું મારો બાયોડેટા અપડેટ કરું છું. સદભાગ્યે મારા વ્યવસાયમાં કોઈ વય મર્યાદા નથી. આશા છે કે તમને મારો બાયોડેટા ગમશે. કહ્યું- 37 રૂપિયા લઈને મુંબઈ પહોંચ્યો હતો આ સીવીમાં, તેની ફિલ્મોગ્રાફી સિવાય, અભિનેતાએ તેના અંગત જીવન વિશે પણ વાત કરી. અભિનેતાએ જણાવ્યું કે તે પોતાના ખિસ્સામાં માત્ર 37 રૂપિયા લઈને મુંબઈ પહોંચ્યો હતો. 500 થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અનુપમે કહ્યું કે તે હજુ પણ સારા રોલ માટે ભૂખ્યો છે.

28 વર્ષની ઉંમરે 65 વર્ષના વ્યક્તિની ભૂમિકા ભજવી હતી પોતાના સીવીમાં અનુપમે ફિલ્મ 'સારાંશ'ના પોતાના પાત્રને જીવનભરનો રોલ ગણાવ્યો હતો. આ ફિલ્મમાં તેણે 65 વર્ષના રિટાયર્ડ હેડમાસ્ટરની ભૂમિકા ભજવી હતી અને આશ્ચર્યજનક વાત એ છે કે આ ભૂમિકા ભજવતી વખતે અનુપમની ઉંમર માત્ર 28 વર્ષની હતી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અનુપમની 525મી ફિલ્મ 'સિગ્નેચર'નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું છે. આ સિવાય તે 'તન્વી ધ ગ્રેટ' અને 'વિજય 69' જેવી ફિલ્મોમાં પણ જોવા મળશે.

# ડિરેક્ટરે બૂમો પાડી તો આમિર સેટ પર જ રડવા લાગ્યો

## 'મેલા' ફિલ્મના ડિરેક્ટરે સૂચન ન સ્વીકાર્યું તો ખોટું લાગ્યું. ટ્વિંકલ ખન્નાએ કિસ્સો શેર કર્યો



(એજન્સી) મુંબઇ | તા.25

ટ્વિંકલ ખન્નાએ 2000માં રિલીઝ થયેલી ફિલ્મ મેલામાં આમિર ખાન સાથે કામ કર્યું હતું. ત્યારથી બંને સારા મિત્રો છે. એક જૂના ઈન્ટરવ્યુમાં ટ્વિંકલ ખન્નાએ કહ્યું હતું કે, ફિલ્મ 'મેલા'ના શૂટિંગ દરમિયાન તે આમિર ખાનને રડતો જોવા મળ્યો હતો. વાસ્તવમાં, આમિર તે સમયે ડિરેક્ટરના વર્તનથી દુખી હતો.

આમિર ખાને ટ્વિંકલ ખન્નાના પુસ્તક મિસિસ ફની બોન્સના લોન્ચિંગ ઈવેન્ટમાં પણ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કરન જોહર પણ હાજર હતો. વાતચીતમાં આમિરે કહ્યું હતું કે, ટ્વિંકલ ખન્ના સાથે કામ કરવાનો મારો અનુભવ ઘણો સારો હતો. તેની સાથે કામ કરવામાં ખૂબ જ મજા આવી, અમે ખૂબ જ નજીક છીએ.

કામ પર ફોકસ ન કરવા બદલ આમિર ખાન ટ્વિંકલને થપ્પડ મારવાનો હતો વાતચીત દરમિયાન ટ્વિંકલે એ પણ જણાવ્યું કે એકવાર આમિર તેને સેટ પર થપ્પડ મારવાનો હતો. અભિનેત્રીએ જણાવ્યું કે, એક દિવસ અભિનેત્રી સેટ પર બેઠી હતી, ત્યારે આમીર તેની પાસે આવ્યો અને કહ્યું, તમે શું કરી રહ્યા છો, તમે કામ પર ધ્યાન પણ નથી આપી રહ્યા. તેના જવાબમાં ટ્વિંકલે કહ્યું કે તે અક્ષય કુમાર વિશે વિચારી રહી છે. આ સાંભળીને આમિર તેને થપ્પડ મારવા જતો હતો.

ટ્વિંકલે એ પણ કહ્યું હતું કે જ્યારે તેણે આમિરને કહ્યું હતું કે તે કૉલમ લખવાનું શરૂ કરવા જઈ રહી છે તો જવાબમાં આમિરે કહ્યું હતું કે ભારતમાં દરેક વ્યક્તિ ક્રિકેટ જુએ છે, તેનો અર્થ એ નથી કે દરેક વ્યક્તિ ક્રિકેટ રમી શકે છે. ટ્વિંકલે જણાવ્યું કે જ્યારે તે આમિરને પોતાની કોલમની લિંક મોકલતી ત્યારે તે જવાબમાં તેના શો' સત્યમેવ જયતે'ની લિંક મોકલતો હતો. ટ્વિંકલ ખન્નાએ વર્ષ 2000માં રિલીઝ થયેલી ફિલ્મ મેલામાં આમિર ખાન સાથે કામ કર્યું હતું. ત્યારથી બંને વચ્ચે ગાઢ મિત્રતા છે.

# જોરદાર હાસ્ય અને હુલ્લડ લઇને આવી રહ્યું છે, મડગાંવ એક્સપ્રેસનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર ઝી સિનેમા પર શનિવાર, 28મી સપ્ટેમ્બર, સાંજે 8 વાગે

(એજન્સી) મુંબઇ | તા.25




તમારા સીટબેલ્ટ બાંધી લો અને એક મસ્તીભરી રાઈડ્સ માટે તૈયાર થઈ જાઓ, કેમકે ઝી સિનેમા તમારા સ્ક્રીન પર લઈને આવ્યું છે, મડગાંવ એક્સપ્રેસનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર! અનઅપેક્ષિત વણાંક અને કોમેડીના કેઓસની વાર્તાને માણો ઘણા સમયથી રાહ જોવાતા ફિલ્મના પ્રિમિયરની સાથે શનિવાર, 28મી સપ્ટેમ્બર, સાંજે 8 વાગે. આ મૂવી એ લાગણીઓનું એક રોલરકોસ્ટર રાઈડ છે, જ્યાં ગોવાની ટ્રીપનો એક મસ્તીભર્યો સરળ પ્લાન અનઅપે7ત મુશ્કેલીઓના વણાંકથી ભરાઈ જાય છે. આ મૂવી, હાસ્ય, સસ્પેન્સ અને મનોરંજનને એક સાથે લઈને આવ્યું છે, જે સપ્તાહના અંત માટે એક સંપૂર્ણ પારિવારિક અને થ્રિલર જેવું છે. “પહેલે પૂરી જિંદગી ગોવા આ નહીં પા રહે થે, અબ યહાં સે જા નહીં પા રહે હૈં”- આ લાઈન એ વાર્તાના જુસ્સાને પકડે છે, જે તેને મસ્તી અને હળવાશથી રજૂ કરે છે. કોલેજના સમય દરમિયાન ગોવા ટ્રીપ પર જવાના અપૂર્ણ સપનાની સાથે આપણામાંથી ઘણા બધા પોતાની જાત સાથે સાંકળશે, પણ આ વાર્તામાં એ સપનું તો તુરંત જ ખરાબ સપનામાં ફેરવાય જાય છે! ફરહાન અખ્તર અને રિતેશ સિંધવાનીના એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રોડ્યુસ આ ફિલ્મ દર્શકોને તેની વાર્તા અને આકર્ષક કાસ્ટ દિવ્યેન્દુ, પ્રતિક ગાંધી, અવિનાશ તિવારી અને નોરા ફતેહી જેવી આકર્ષક કાસ્ટ સંકળાયેલા રાખે છે. કૃણાલ ખેમુ દ્વારા ડિરેક્ટ આ ફિલ્મમાં જોરદાર કોમિક ટાઈમિંગ છે અને આ ફિલ્મ એ હાસ્ય અને થ્રિલરનું સંપૂર્ણ મિશ્રણ છે, તેની ગેરંટી છે.

ડિરેક્ટર કુનાલ ખેમુ કહે છે, “મડગાંવ એક્સપ્રેસ એ મારા માટે ખાસથી પણ કંઈક વધું છે, એટલા માટે નહીં કેમકે આ મારી પ્રથમ ફિલ્મ છે, પણ સમગ્ર ફિલ્મને જીવનમાં જીવંત કરવાનો અનુભવ છે. મને આ આઈડિયા લાંબા સમય પહેલા આવ્યો હતો, જેમાં 3 મિત્રોનો પ્રવાસ બતાવવામાં આવ્યો છે કે, કઈ રીતે તેમના પ્રવાસની અપેક્ષા હકિકતથી વિરુદ્ધ જાય છે, મડગાંવ એક્સપ્રેસમાં મારી ગોવાની પ્રથમ ટ્રીપથી પ્રેરિત આ ફિલ્મ છે. થીએટરમાં જ્યારે ફિલ્મ ચાલતી હતી ત્યારે ફિલ્મને જે પ્રેમ મળ્યો છે તે મને ખૂબ જ પ્રોત્સાહક લાગ્યો અને ઝી સિનેમા પર તેના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર માટે પણ એટલો જ ઉત્સાહિત છું. આ ફિલ્મ એ એક ક્લાસિક મનોરંજક અનુભવ આપે છે, જેને બધા જ માણી શકશે. આ ફિલ્મ ચોખ્ખા મનથી બનાવી છે અને તે સ્ક્રીન પર દેખાય પણ છે.” દિવ્યેન્દુ ઉમેરે છે, “જ્યારે મેં પ્રથમ સ્ક્રિપ્ટ વાંચી ત્યારે જ હું હસી પડ્યો, આટલી મસ્તીભરી અને વાસ્તવિક સ્ક્રિપ્ટ મેં ઘણા સમયથી ન'તી જોઈ. કોમેડી મુશ્કેલ છે, પણ તેને લખવું વધુ મુશ્કેલ છે, ખાસ તો મારું ડોડોનું પાત્ર. ડોડો એ એક એવો મિત્ર છે, જે દરેક ગ્રુપમાં હોય જેને એવું લાગે છે કે, તે પાછળ રહી ગયો છે, ઊંદરડાની રેસમાં અટકી ગયો છે અને હું લોકો સાથે સંકળાય પણ શકીશ.

# વીરઝારા 20 વર્ષે રી રીલિઝ થઈ તો પણ 100 કરોડ કમાઈ

મુંબઈ | બોલીવૂડ બોક્સ ઓફિસ પર નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે. રી રીલિઝ થઈ રહેલી ફિલ્મો વર્ષો પહેલાંની તેમની મૂળ રીલિઝ વખતની કમાણી કરતાં વધુ કમાણી કરી રહી છે. હવે આ યાદીમાં શાહરુખ ખાન, પ્રિટી ઝિન્ટા અને રાણી મુખરજીની ફિલ્મ 'વીર ઝારા' પણ સામેલ થઈ ગઈ છે.



૨૦ વર્ષ પહેલાં આ ફિલ્મ રીલિઝ થઈ ત્યારે કુલ ૯૮ કરોડ કમાઈ હતી. આ વખતે રી રીલિઝમાં તે કુલ ૧૦૨ કરોડ કરતાં પણ વધારે કમાઈ ચૂકી છે. મૂળ રીલિઝ વખતે આ ફિલ્મનાં ગીતો સુપરહિટ થયાં હતાં પરંતુ તેની સ્ટાર કાસ્ટને જોતાં તે અપેક્ષિત કમાણી કરી શકી ન હતી. જોકે, વર્ષો બાદ તેની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી રહી હતી.

આ અગાઉ તૃપ્તિ ડિમરીની 'લૈલા મજનૂ' અને સોહમ શાહની 'તુમ્બાડ' સહિતની ફિલ્મો પણ તેમની મૂળ રીલિઝ કરતાં રી રીલિઝમાં વધારે કમાણી કરી ચૂકી છે. નવી પેઢીના દર્શકો ઓટીટી પર સહજતાથી ઉપલબ્ધ એવી ફિલ્મો જોવા થિયેટર્સમાં આવી રહ્યા છે. તેના કારણે થિયેટર બિઝનેસના વર્તુળોમાં ખુશીની લહેર દોડી છે.

# વિક્કી કૌશલે કરવા ચોથ પહેલા કેટરીના કૈફને આપી 3 કરોડની આ ગિફ્ટ

(એજન્સી) મુંબઇ | તા.25

વિક્કીએ કેટરિના પર વરસાવ્યો પ્રેમ કરવા ચોથ પર પત્નીને ભેટ આપવાનો ટ્રેન્ડ છે. આ વખતે 20 ઓક્ટોબર 2024ના રોજ કરવા ચોથ છે. આ પહેલા પણ અભિનેત્રી કેટરિના કૈફને તેના પતિ વિક્કી કૌશલ દ્વારા ભેટ આપવામાં આવી છે. વિકીએ તેને રેન્જ રોવર 3.0 LWB ઓટોબાયોગ્રાફી વેરિઅન્ટ લક્ઝરી કાર ભેટમાં આપી છે. આ કાર રૂ. 3.89 કરોડની ઓન-રોડમાં આવે છે. નોંધનીય છે કે, કેટરિના કૈફ અને વિકી કૌશલ લાંબા સમયથી રિલેશનશિપમાં હતા. તેઓએ 9 ડિસેમ્બર 2021ના રોજ રાજસ્થાનના સવાઈ માધોપુરમાં એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા. તમને જણાવી દઈએ કે કેટરીના કૈફની આ પહેલી લક્ઝરી કાર નથી. તેની પાસે તેના ગેરેજમાં લક્ઝરી વેનિટી વાન અને મર્સિડીઝ ML 350, Audi Q7 અને Audi Q3 સહિત અન્ય હાઈ ક્લાસ ગાડીનો સમાવેશ થાય છે. હાલમાં જ કેટરિના કૈફ તેની નવી રેન્જ રોવરમાં મુંબઈની સડકો પર જોવા મળી હતી.

# લગ્નના 8 વર્ષ પછી ઉર્મિલા છૂટાછેડા લેશે?

(એજન્સી) મુંબઇ | તા.25

90ના દાયકાની જાણીતી બોલીવુડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકર ફરી એકવાર ચર્ચામાં છે. જોકે, આ વખતે તેનું કારણ તેની પ્રોફેશનલ નહીં પણ પર્સનલ લાઈફ છે. સાંભળવામાં આવ્યું છે કે અભિનેત્રી તેના પતિ મોહસીન અખ્તર સાથે છૂટાછેડા લેવા જઈ રહી છે. ઉર્મિલા અને મોહસીનના લગ્ન 3 માર્ચ 2016ના રોજ થયા હતા. હવે લગ્નના 8 વર્ષ બાદ તેમના છૂટાછેડાના સમાચાર છે. છૂટાછેડા પરસ્પર સંમતિથી નથી થઇ રહ્યા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અભિનેત્રીએ મોહસીનથી છૂટાછેડા માટે અરજી કરી છે. તેમના અલગ થવાનું કારણ બહાર આવ્યું નથી પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર આ છૂટાછેડા પરસ્પર સહમતિથી નથી થઈ રહ્યા. સૂત્રોએ એમ પણ જણાવ્યું કે ઉર્મિલા અને મોહસીન લાંબા સમયથી સાથે નથી રહેતા. અત્યાર સુધી આ સમાચાર પર દંપતી તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.

ઉર્મિલા બોલિવૂડમાં કમબેક કરવા માંગે છે ચર્ચા છે કે આ છૂટાછેડાનું કારણ ઉર્મિલાનું કમબેક પણ હોઈ શકે છે. અભિનેત્રી પોતાના કામ પર ધ્યાન આપીને ફિલ્મોમાં પરત ફરવા માંગે છે. એક વર્ષથી પતિ સાથે કોઈ પોસ્ટ શેર કરી નથી નવાઈની વાત એ છે કે સોશિયલ મીડિયા પર એક્ટિવ હોવા છતાં ઉર્મિલાના એકાઉન્ટ પર પતિ મોહસિન સાથેનો કોઈ ફોટો દેખાતો નથી.

# સીન વાસ્તવિક બનાવવા ઝીનતે ચલમ ફૂંકી: માતાએ ટીમના સભ્યોને ઠપકો આપ્યો હતો, દેવ આનંદે આપ્યું હતું સૂચન

(એજન્સી) મુંબઇ | તા.25

દેવ આનંદ અને ઝીનત અમાનની ફિલ્મ 'હરે રામા હરે ક્રિષ્ના'ના ગીત 'દમ મારો દમ'થી ઝીનત અમાનને ઈન્ડસ્ટ્રીમાં એક અલગ ઓળખ મળી હતી. આ ગીતમાં ઝીનતને ચલમ ફૂંકતી બતાવવામાં આવી હતી. સામાન્ય રીતે સ્ટાર્સ આવા શૂટ માટે જ નશામાં હોવાની એક્ટિંગ કરે છે, પરંતુ ઝીનત આ ગીત માટે ખરેખર નશામાં હતી. અભિનેત્રીએ પોતે આ વાતનો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું, 'જ્યારે મારી માતાને આ વિશે ખબર પડી ત્યારે તે ગુસ્સે થઈ ગઈ હતી.' અભિનેત્રીએ આ સ્ટોરી સોશિયલ મીડિયા પર શેર કરી છે ખરેખર, ઝીનત અમાને ઈન્સ્ટાગ્રામ પર 'દમ મારો દમ' ગીતનો ફોટો શેર કર્યો છે. જેના કેપ્શનમાં તેણે આ ગીત સાથે સંબંધિત એક કિસ્સો સંભળાવ્યો છે. ઝીનતે લખ્યું, 'અમે કાઠમંડુમાં 'હરે રામા હરે કૃષ્ણ'નું શૂટિંગ કરી રહ્યા હતા. દેવ સાહેબે 'દમ મારો દમ' ગીત માટે શેરીઓમાંથી હિપ્પીઓનું જૂથ એકત્રિત કર્યું હતું. હિપ્પીઝ પણ આ કરવા માટે ઉત્સાહિત હતા કારણ કે તેમને નેપાળમાં ગાંજા સાથે ચલમ ફૂંકવાનો મોકો મળી રહ્યો હતો. બીજું બોલિવૂડની ફિલ્મમાં કામ કરવા માટે મફત ભોજન મળતું હતું. આ ઉપરાંત તેમને આ માટે પૈસા પણ મળતા હતા.

મેં ખરેખર ગીત માટે ચલમ ફૂંકી ઝીનતે કહ્યું, 'દેવ આનંદ આ સીનને સંપૂર્ણ રીતે વાસ્તવિક બનાવવા માગતા હતા. તેઓએ મારા પાત્ર જેનિસને ખરેખર નશામાં દેખાડવું હતું. આ કરવાનો સૌથી સહેલો રસ્તો હિપ્પીઝ સાથે નશામાં રહેવાનો હતો. તે સમયે હું કિશોર વયની હતી. આ ગીત માટે મેં ચલમમાંથી સતત લાંબા કશ લીધાં. આવી સ્થિતિમાં,અમારું શૂટિંગ પૂરું થયું ત્યાં સુધીમાં હું નશામાં ધૂત થઈ ચૂકી હતી. હું હોટેલમાં જવાની સ્થિતિમાં નહોતી, તેથી ટીમના કેટલાક લોકો મને એક સુંદર જગ્યાએ લઈ ગયા. જ્યાં મને સારું લાગ્યું અને પછી ધીમે ધીમે હું ભાનમાં આવી.

માતાએ સિનિયર ક્રૂ મેમ્બર્સને ઠપકો આપ્યો હતો ઝીનતે આગળ કહ્યું, 'જ્યારે મારી માતાને આ વાતની જાણ થઈ ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગઈ હતી. તેણે વરિષ્ઠ ક્રૂ મેમ્બર્સને પણ સખત ઠપકો આપ્યો. જોકે હું નસીબદાર હતી કે હું તેના ગુસ્સાથી બચી ગઈ હતી. સારું, હું શું કહી શકું, તે 70 ના દાયકાની વાત હતી, અને હું એક ફૂલ જેવી બાળક હતી.' આ ફિલ્મ માટે ઝીનત પહેલી પસંદ નહોતી નોંધનીય છે કે, ફિલ્મ 'હરે રામા હરે કૃષ્ણ' 1971માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું દિગ્દર્શન ખુદ દેવ આનંદે કર્યું હતું. તેણે લીડ એક્ટર તરીકે પણ કામ કર્યું હતું. આ ફિલ્મ તેના સમયની સૌથી મોટી હિટ ફિલ્મ સાબિત થઈ. કહેવાય છે કે આ ફિલ્મ માટે ઝીનત અમાન નહીં પરંતુ અભિનેત્રી ઝાહિદા હુસૈન પહેલી પસંદ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝાહિદા આ ફિલ્મમાં દેવ આનંદની ગર્લફ્રેન્ડ બનવા માગતી હતી તેની બહેન નહીં, જે મુમતાઝ હતી.

હિપ્પી કોણ છે? અમેરિકામાં 60 અને 70ના દાયકામાં હિપ્પી સંસ્કૃતિ પ્રચલિત હતી. આ લોકો વિવિધ કારણોસર સમાજથી દૂર રહેવાનું પસંદ કરતા હતા. જેઓ હિપ્પી સંસ્કૃતિને અનુસરતા હતા તેઓ ઔદ્યોગિક ઉત્પાદનોનો ઉપયોગ કરતા ન હતા. ઘણી જગ્યાએ, હિપ્પી સંસ્કૃતિને અનુસરતા લોકો જૂથોમાં રહેતા હતા. આ લોકો પ્રકૃતિની ખૂબ નજીક હોવાનો દાવો કરતા હતા. જો કે, આજે પણ જુદા જુદા દેશોમાં અમુક અંશે હિપ્પી સંસ્કૃતિને અનુસરનારા લોકો છે. આ લોકો સમયાંતરે તેમના કાર્યક્રમોનું આયોજન પણ કરતા રહે છે. જેમાં કેટલાક બહારના લોકોને પણ તેમની સાથે રહેવાનો મોકો મળે છે.



# એશ-આલિયાનો મનમોહક અંદાજ: પેરિસ ફેશન વીકમાં 'ઈન્ડિયન ક્વીન' છવાઇ, લોકોને આપી ફ્લાઇંગ કિસ

(એજન્સી) મુંબઇ | તા.25

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન અને આલિયા ભટ્ટે 'પેરિસ ફેશન વીક 2024'માં રેમ્પ વોક કર્યું હતું. બંનેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

જ્યાં એશે રેડ વન પીસમાં રેમ્પ વોક કર્યું હતું. આલિયા મેટાલિક સિલ્વર બસ્ટિયર પહેરેલી જોવા મળી હતી, જેને તેણે બ્લેક ઑફ-શોલ્ડર જમ્પ સૂટ પેર કર્યુ હતું.

એશે લૂંટી મહેફીલ ઐશ્વર્યા લહેરાતા વાળ સાથે ઈવેન્ટમાં એન્ટ્રી કરી હતી. તેણે રેમ્પ વોક પૂર્ણ કરી સૌને કરી અભિવાદન કર્યું હતું. ઈવેન્ટમાં એશ 'બ્રિજર્ટન' ફેમ અભિનેત્રીઓ સિમોન એશ્લે, ઈવા લોંગોરિયા અને કેમિલા કેબેલો સાથે વાત કરતી જોવા મળી હતી. આલિયાએ એન્ડી મેકડોલ સાથે રેમ્પ વોક કર્યું આલિયાએ અમેરિકન અભિનેત્રી એન્ડી મેકડોવલ સાથે અહીં રેમ્પ વોક કર્યું હતું. અભિનેત્રીએ આ ઈવેન્ટના ઘણા ફોટા તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યા છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ઐશ્વર્યાની છેલ્લી ફિલ્મ 'પોનીયિન સેલ્વન 2' હતી. આલિયા ટૂંક સમયમાં જ ફિલ્મ 'જીગ્રા'માં જોવા મળશે. આ ફિલ્મ 11 ઓક્ટોબરે દશેરાના અવસર પર રિલીઝ થશે.





# હવે ડોમેસ્ટિક ટુર્નામેન્ટ રમતો જોવા મળશે વિરાટ કોહલી!



(એજન્સી) મુંબઇ | તા.25

વિરાટ કોહલી છેલ્લે 2012-13ની સિઝનમાં રણજી ટ્રોફી રમ્યો હતો. તે સિઝનમાં વિરાટ કોહલીએ ઉત્તર પ્રદેશ સામે મેચ રમી હતી. આ વખતે પણ દિલ્હી જિલ્લા ક્રિકેટ સંઘે રણજી ટ્રોફીની સંભવિત ટીમમાં વિરાટ કોહલી અને રિષભ પંતને ટોચનું સ્થાન આપ્યું છે. ટીમમાં પસંદગી કરવામાં આવી હોવા છતાં, બંને ખેલાડીઓ મેચ રમે તેવી શક્યતા નથી કારણ કે રણજી ટ્રોફી દરમિયાન ન્યુઝીલેન્ડની ટીમ ભારતનો પ્રવાસ કરશે. આ પછી ટીમ ઈન્ડિયા દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે, જેમાં વિરાટ કોહલી અને રિષભ પંત બંને રમે તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં રણજી ટ્રોફી માટે સંભવિત ખેલાડીઓની યાદીમાં કોહલી અને રિષભ પંતનો સમાવેશ ચાહકોને આશ્ચર્યચકિત કરી રહ્યો છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં દુલીપ ટ્રોફીના સમાપન બાદ હવે ચાહકોને ઈરાની કપનો રોમાંચ જોવા મળશે. આ ઈવેન્ટમાં માત્ર એક જ મેચ રમાઈ છે, જેમાં રણજી ટ્રોફીની પાછલી સિઝનની વિજેતા ટીમ બાકીની ભારતની ટીમ સામે ટકરાશે. રણજી ટ્રોફી 2024/25માં મુંબઈ વિજેતા બન્યું હતું, જેનું નેતૃત્વ અજિંક્ય રહાણેએ કર્યું હતું. બંને ટીમો વચ્ચેની આ મેચ 1 થી 5 ઓક્ટોબર દરમિયાન રમાવાની છે. રેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમમાં ઘણા દિગ્ગજ ખેલાડીઓને સ્થાન મળ્યું છે. તેમાં ઈશાન કિશન અને પ્રસિદ્ધ કૃષ્ણના નામ પણ સામેલ છે. રૂતુરાજ ગાયકવાડ રેસ્ટ ઓફ ઈન્ડિયાની કમાન સંભાળતા જોવા મળશે. ગાયકવાડે દુલીપ ટ્રોફીમાં ઈન્ડિયા Cનું નેતૃત્વ કર્યું હતું અને તેના ઉત્તમ નેતૃત્વની સાથે તેણે શાનદાર બેટિંગ પણ કરી હતી. જોકે ગાયકવાડ ટીમ માટે ટ્રોફી જીતી શકી ન હતી. તે જ સમયે, અભિમન્યુ ઈશ્વરનને તેમના વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દુલીપ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરનાર માનવ સુથાર અને સાઈ સુદર્શનને પણ ટીમમાં જગ્યા મળી છે. ભારત C ને દુલીપ ટ્રોફી ખિતાબ અપાવનાર કેપ્ટન મયંક અગ્રવાલનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

# સ્ટોક્સે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ પાછી ખેંચીને ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રમવાનો નિર્ણય લીધો છે

(એજન્સી) મુંબઇ | તા.25

ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ ઈજાના કારણે આ દિવસોમાં ટીમની બહાર છે. સ્ટોક્સ લાંબા સમયથી ઈજાથી ઝઝૂમી રહ્યો છે. જેના કારણે સ્ટોક્સ IPL 2024 પણ રમી શક્યા ન હતા. વર્ષ 2023માં ભારતમાં ODI વર્લ્ડકપ રમાયો હતો. આ વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડની ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. આ ટુર્નામેન્ટમાં બેન સ્ટોક્સ પણ ટીમનો ભાગ હતો, પરંતુ વર્લ્ડ કપ બાદ સ્ટોક્સે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. આ સિવાય ઈજાના કારણે સ્ટોક્સ T20 વર્લ્ડ કપ 2024માં રમી શક્યો ન હતો, પરંતુ હવે આ ઓલરાઉન્ડરે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જે ODI ફોર્મેટમાં રમાશે.

**ફોન કોલની રાહ જુએ છે સ્ટોક્સ |** ખરાબ ફિટનેસના કારણે સ્ટોક્સ લાંબા સમયથી સતત ક્રિકેટ રમી શક્યો નથી. ઈજાના કારણે તેના પ્રદર્શન પર પણ અસર પડી હતી. પરંતુ હવે સ્ટોક્સે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ પાછી ખેંચીને ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રમવાનો નિર્ણય લીધો છે. જોકે, તે કોઈ ખાસ વ્યક્તિના ફોનની રાહ જોઈ રહ્યો છે.



**ઈન્ટરવ્યુંમાં કર્યો ખુલાસો |** ઓસ્ટ્રેલિયા સાથે રમાયેલી ત્રીજી વનડે મેચ બાદ સ્ટોક્સે એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. જેમાં સ્ટોક્સે કહ્યું કે મેં ઈંગ્લેન્ડ માટે ઘણી વનડે મેચ રમી છે. આ ફોર્મેટમાં મેં જે કંઈ હાંસલ કર્યું છે તેનાથી હું ખૂબ જ ખુશ છું. આવી સ્થિતિમાં, જો કોઈ રીતે મને ટીમમાં સામેલ કરવાની યોજના હોય અને મને બ્રેન્ડન મેક્કુલમનો ફોન આવે અને મને રમવા આવવાનું કહે, તો મારો જવાબ હા હશે.

**બેન સ્ટોક્સની ODI કારકિર્દી |** બેન સ્ટોક્સે ઈંગ્લેન્ડ માટે 114 ODI મેચ રમી હતી. સ્ટોક્સે 99 ઈનિંગ્સમાં બેટિંગ કરતા 3463 રન બનાવ્યા હતા. જેમાં તેણે 5 સદી અને 24 અડધી સદી ફટકારી હતી. વનડેમાં તેની સર્વશ્રેષ્ઠ ઈનિંગ્સ 182 રનની હતી. આ સિવાય સ્ટોક્સે બોલિંગ દરમિયાન 74 વિકેટ ઝડપી હતી. જેમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 61 રનમાં 5 વિકેટ ઝડપી રહ્યું હતું.

**રોહિત શર્માએ કરી હતી ભવિષ્યવાણી |** બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ પહેલા રોહિત શર્માએ કહ્યું હતું કે, "આ દિવસોમાં વિશ્વ ક્રિકેટમાં નિવૃત્તિ એક મજાક બની ગઈ છે. લોકો નિવૃત્તિની જાહેરાત કરે છે, પરંતુ પછી રમવા માટે પાછા આવે છે. ભારતમાં આવું બન્યું નથી. જોકે, હું ખેલાડીઓને જોઉં છું. અન્ય દેશોનાખેલાડીઓ તેમની નિવૃત્તિની જાહેરાત કરે છે પરંતુ પછી યુ-ટર્ન લે છે જેથી તમને ક્યારેય ખબર ન પડે કે કોઈ વ્યક્તિ ખરેખર નિવૃત્ત થઈ છે કે નહીં."

# સર બે જ હાથ છે..! કોહલીએ કેમ આપ્યો આવો જવાબ?

(એજન્સી) મુંબઇ | તા.25

ચેન્નાઈ ટેસ્ટ જીત્યા બાદ ભારતીય ટીમ હવે બીજી મેચ માટે કાનપુર પહોંચી ગઈ છે. ગઈ કાલે કાનપુરની એક હોટલમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાંથી વિરાટ કોહલી અને રિષભ પંતને હોટલ અધિકારીઓએ આપેલા સ્વાગતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ખાસ કરીને હોટલના અધિકારી સાથે હાથ મિલાવવાને લઈને વિરાટ કોહલીએ આપેલો જવાબ હવે વાયરલ થઈ રહ્યો છે.

## વિરાટે હોટલના અધિકારી સાથે હાથ ન મિલાવ્યો

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ હવે બાંગ્લાદેશ સાથે રમાનારી બીજી ટેસ્ટ મેચ માટે કાનપુર પહોંચી રહ્યા છે. ગઈકાલે વિરાટ કોહલી અને રિષભ પંત કાનપુરની એક હોટલમાં જોવા મળ્યા હતા. ઘણી વખત હોટલના તમામ અધિકારીઓ ખેલાડીઓનું સ્વાગત કરવા ભેગા થાય છે. આવું જ કંઈક કાનપુરમાં પણ જોવા મળ્યું. વિરાટ કોહલીનું ફૂલનો ગુલદસ્તો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ હોટલનો અન્ય એક અધિકારી વિરાટ સાથે હાથ મિલાવવા આવ્યો પરંતુ કોહલીએ કહ્યું, 'સર, બે જ હાથ છે.'

## કોહલીના હાથ ખાલી ન હતા

વિરાટ કોહલીના એક હાથમાં તેની બેગ અને બીજા હાથમાં ફૂલોનો ગુલદસ્તો હતો. જેના કારણે કોહલી હોટલના અધિકારી સાથે હાથ મિલાવી શક્યો ન હતો. કોહલીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો પર ફેન્સ પણ પોતપોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

**ચેન્નાઈ ટેસ્ટમાં ફ્લોપ રહ્યો કોહલી |** બાંગ્લાદેશ સાથે પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નાઈમાં રમાઈ હતી. આ મેચમાં વિરાટ કોહલી કંઈ ખાસ કરી શક્યો નહોતો. કોહલી પ્રથમ ઈનિંમાં 6 અને બીજી ઈનિંગમાં 17 રન બનાવીને આઉટ થયો હતો. જે બાદ હવે ચાહકો કાનપુર ટેસ્ટમાં કોહલી પાસેથી મોટી ઈનિંગની આશા રાખશે. ભારતીય ટીમે ચેન્નાઈ ટેસ્ટ 280 રને જીતી લીધી હતી. ભારતની આ જીતમાં આર અશ્વિને મહત્વની ભૂમિકા ભજવી હતી. અશ્વિને બેટિંગમાં સદી અને બોલિંગમાં 6 વિકેટ ઝડપી હતી.

# વર્લ્ડકપ માટે UAE રવાના થઈ ટીમ ઈન્ડિયા, હરમનપ્રીતે કહ્યું- આપણે ચેમ્પિયન બનીશું..!

(એજન્સી) મુંબઇ | તા.25

મહિલા T20 વર્લ્ડકપ 2024ની યજમાની સંયુક્ત આરબ અમીરાત (UAE) કરશે. આ ટુર્નામેન્ટ 3જી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે. જો કે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સંયુક્ત આરબ અમીરાત જવા રવાના થઈ ગઈ છે. BCCIએ તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ફોટો શેર કર્યો છે. આ ફોટોમાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર ઉપરાંત કોચિંગ સ્ટાફના સભ્યો સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ પણ જોવા મળે છે. આ પહેલા ટીમ ઈન્ડિયાની કેપ્ટન હરમનપ્રીત કૌરે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સમાં સવાલોના જવાબ આપ્યા હતા. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરનું માનવું છે કે ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાને હરાવવા માટે સક્ષમ છે. તેને ટી20 વર્લ્ડકપ 2020 યાદ આવી ગયો. જ્યારે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલમાં ચૂકી ગઈ હતી. હરમનપ્રીત કૌરે કહ્યું કે ઓસ્ટ્રેલિયા એક મજબૂત ટીમ છે, પરંતુ અમે ઓસ્ટ્રેલિયાને આકરી ટક્કર આપી શકીએ છીએ. અમારી શ્રેષ્ઠ ટીમ T20 વર્લ્ડકપ માટે જઈ રહી છે. અમારી પાસે વર્લ્ડકપ જીતવાની શાનદાર તક છે. વાસ્તવમાં, જો આવું થશે તો ટીમ ઈન્ડિયા પ્રથમ વખત T20 વર્લ્ડકપ જીતશે. અત્યાર સુધી ભારતીય ટીમ વર્લ્ડકપ જીતવામાં સફળ રહી નથી. ભારતીય ટીમ T20 વર્લ્ડકપ 2020 અને T20 વર્લ્ડકપ 2022ની ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી હતી. બંને વખત ભારતને ઓસ્ટ્રેલિયાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે આ વખતે ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરને વિશ્વાસ છે કે ટીમ ઈન્ડિયા ચોક્કસપણે વર્લ્ડ ચેમ્પિયન બનશે. તાજેતરમાં એશિયા કપની ફાઈનલમાં ભારતીય ટીમને શ્રીલંકા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ ટીમ ઈન્ડિયાની રણનીતિ પર સવાલો ઉઠ્યા હતા.



# વુમન ટી20 વર્લ્ડકપ મહિલાઓ જ તમામ પ્રકારની જવાબદારી સંભાળશે

(એજન્સી) મુંબઇ | તા.25

આગામી વિમેન્સ ટી-20 વર્લ્ડકપ 2024 માટે આઈસીસીએ મોટી જાહેરાત કરી છે. ટી20 વર્લ્ડકપ ટૂર્નામેન્ટમાં પ્રથમવાર મહિલા અધિકારીઓની એક પેનલ બનાવવામાં આવી છે. મેચ રેફરી, અમ્પાયર આ વખતે વિમેન્સ ટી-20 વર્લ્ડકપમાં મહિલાઓ જ તમામ જવાબદારી સંભાળશે. આઈસીસી દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે 10 અમ્પાયર અને ત્રણ મેચ રેફરી સહિત કુલ 13 મેચ અધિકારીઓની જાહેરાત કરવામાં આવી છે. વિમેન્સ ટી20 વર્લ્ડકપ 2024ની શરૂઆત ત્રણ ઓક્ટોબરથી થશે અને ફાઈનલ 20 ઓક્ટોબરે રમવામાં આવશે. બાંગ્લાદેશમાં અરાજકતાને કારણે સંયુક્ત અરબ અમીરાત (યૂએઈ) વિશ્વકપ 2024ની યજમાની કરશે. બાંગ્લાદેશમાં તખ્તાપલટના કારણે અરાજકતાના માહોલને જોતાં આઈસીસીએ ટૂર્નામેન્ટને યૂએઈમાં શિફ્ટ કરી હતી. અનુભવી અમ્પાયરોને પણ આ મેગા ટૂર્નામેન્ટ માટે પેનલમાં સ્થાન મળ્યું છે જેઓ પહેલાંથી જ ટી20 વર્લ્ડકપમાં અમ્પાયરિંગનો અનુભવ ધરાવે છે. ક્લેયર પોલોસાક પાંચમી વખત ટી20 વર્લ્ડકપમાં અમ્પાયરિંગ કરશે જ્યારે કિમ કોટન અને જૈકલીન વિલિયમ્સ ચોથીવાર અમ્પાયર તરીકેની જવાબદારી સંભાળશે. જીએસ લક્ષ્મી, શૈંડ્રે ફ્રિટ્ઝ અને મિશેલ પરેરાને મેચ રેફરીની જવાબદારી સોંપવામાં આવી છે. જીએસ લક્ષ્મીને 12 વર્ષનો અનુભવ છે.

# હેરી બ્રુકે રચ્યો ઈતિહાસ, આ કારનામું કરનારો ઈંગ્લેન્ડનો સૌથી યુવા કેપ્ટન બન્યો

(એજન્સી) મુંબઇ | તા.25

ઈંગ્લેન્ડે 5 મેચની ODI સિરીઝમાં સતત 2 મેચ હાર્યા બાદ શાનદાર કમબેક કર્યું અને ડકવર્થ લુઈસ (DLS) પદ્ધતિનો ઉપયોગ કરીને ત્રીજી મેચમાં ઓસ્ટ્રેલિયાને 46 રને હરાવ્યું. આ રીતે ઈંગ્લેન્ડે વનડે સિરીઝમાં પોતાની જાતને જાળવી રાખી છે. ઈંગ્લેન્ડની આ જીતમાં કેપ્ટન હેરી બ્રુકનું મહત્વનું યોગદાન હતું. ઓસ્ટ્રેલિયાની ખતરનાક બોલિંગનો સામનો કરીને તેણે શાનદાર સદી ફટકારી હતી, જેના આધારે ઈંગ્લેન્ડની ટીમ સિરીઝમાં વાપસી કરવામાં સફળ રહી હતી. તેનું બેટ 113 રનની અણનમ ઈનિંગમાં પરિણમ્યું જેમાં તેણે 13 ફોર અને 2 શાનદાર સિક્સર ફટકારી. આ સદી સાથે બ્રુકનું નામ ઈંગ્લેન્ડના ODI ક્રિકેટના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં નોંધાઈ ગયું.

94 બોલમાં 13 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 110 રન બનાવ્યા બાદ અણનમ રહેલા ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે હેરી બ્રુકે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડેમાં સદી ફટકારી



ત્યારે તેની ઉંમર 25 વર્ષ 215 દિવસ હતી. આ ઉંમર સાથે તે ODIમાં સદી ફટકારનાર ઈંગ્લેન્ડનો સૌથી યુવા કેપ્ટન પણ બન્યો છે.

હેરી બ્રુક માત્ર ચોથો અંગ્રેજ કેપ્ટન છે જેણે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સદી ફટકારી છે. ODIમાં 9 વર્ષ બાદ કોઈ ઈંગ્લિશ કેપ્ટન ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારવામાં સફળ રહ્યો છે. આ પહેલા વર્ષ 2015માં કેપ્ટન તરીકે ઈયોન મોર્ગને ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં શાનદાર સદી ફટકારી હતી. તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ODI ક્રિકેટના ઈતિહાસમાં ઈંગ્લેન્ડ માટે પ્રથમ સદી 1985માં લોર્ડ્સમાં કેપ્ટન તરીકે ડેવિડ ગોવરે ફટકારી હતી. આ પછી 1997માં માઈકલ એથર્ટને ઓસ્ટ્રેલિયા સામે 1997માં ઓવલમાં સદી ફટકારી હતી. કેપ્ટન તરીકે ઈંગ્લેન્ડની ત્રીજી ODI સદી 2015માં સિડનીમાં ઈયોન મોર્ગને ફટકારી હતી અને હવે 9 વર્ષ પછી હેરી બ્રુક ઓસ્ટ્રેલિયા સામે ODI સદી ફટકારનાર માત્ર ચોથો ઈંગ્લિશ કેપ્ટન બન્યો છે.

નોંધનીય છે કે ઈંગ્લેન્ડનો નિયમિત કેપ્ટન જોસ બટલર જમણા પગની ઈજાના કારણે વનડે સિરીઝમાં રમી રહ્યો નથી. આવી સ્થિતિમાં બટલરની જગ્યાએ હેરી બ્રુક ટીમની કમાન સંભાળી રહ્યો છે. ઈંગ્લેન્ડને વનડે સિરીઝની પ્રથમ 2 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો પરંતુ હવે ત્રીજી મેચમાં ઈંગ્લેન્ડની જીતે સિરીઝ રોમાંચક બનાવી દીધી છે. સિરીઝની ચોથી વનડે મેચ લંડનના ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

# મહેસાણામાં બોક્સિંગ ચેમ્પિયનશિપમાં યુવા બોક્સરના નિધનથી ઉથલપાથલ

(એજન્સી) મુંબઇ | તા.25

મહેસાણા ખાતે આવેલા પાચોટ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે ગુજરાત સ્ટેટ બોક્સિંગ એસોસિયેશન દ્વારા યોજવામાં આવેલી સ્ટેટ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સુરતના યુવા બોક્સરનું ચાલુ રમત દરમિયાન અકાળે બ્રેઈન ડેડ થયું હતું. આ ઈવેન્ટ દરમિયાન એસોસિયેશન તથા રેફરી દ્વારા કરવામાં આવેલી કેટલીક ગંભીર ભૂલો સપાટી ઉપર આવી છે. સ્પર્ધા દરમિયાન એસોસિયેશન દ્વારા આપવામાં આવેલા હેડ ગાર્ડ અને બોક્સિંગ ગ્લોઝ ઓલિમ્પિક માન્યતા પ્રાપ્ત કંપનીના નહોતા પરંતુ દિલ્હીની કોઈ લોકલ કંપનીના વાપરવામાં આવ્યા હતા. નિયમ અનુસાર એક ટૂર્નામેન્ટમાં વાપરવામાં આવેલા હેડ ગાર્ડ અને ગ્લોઝ બીજી ઈવેન્ટમાં વાપરી શકાતા નથી પરંતુ એસોસિયેશને આ નિયમનો ખુલ્લેઆમ ભંગ કર્યો હતો. સુરતના બંને બોક્સર કેવી રીતે આમનેસામને થયા તે પણ એક રહસ્ય છે. સામાન્ય રીતે કેટેગરી પ્રમાણે એક ડિસ્ટ્રિક્ટનો એક જ બોક્સર વેઈટ કેટેગરીમાં હોય છે પરંતુ એક જ બાઉટમાં બંને સુરતના કેવી રીતે સામસામે આવ્યા તેના કારણો સમજાતા નથી. આ ઉપરાંત રેફરી દ્વારા ત્રણ કાઉન્ટ થયા હોવા છતાં તથા બાઉટ નિહાળી રહેલા લોકોએ પણ બૂમો પાડીને રમત રોકવાનો આગ્રહ કર્યો હોવા છતાં રેફરીએ ઈવેન્ટ ચાલુ રાખી હતી. પ્રાપ્ત થયેલા વિડીયોમાં પણ રેફરી બ્લૂ ડ્રેસવાળા બોક્સરને રિંગની અંદર જ બે વખત મેડિકલ ટ્રિટમેન્ટ આપે છે તે સ્પષ્ટ જોવા મળ્યું હતું. બ્લૂ ડ્રેસવાળા બોક્સરે વધારે આક્રમકતા દર્શાવીને હરીફને માથામાં વારંવાર ઘાતક પંચ માર્યા હોવા છતાં રેફરીએ તેને રોકવાનો પ્રયાસ કર્યો નહોતો. આખરે એક જોખમી પંચ વાગ્યા બાદ સુરતનું યુવા બોક્સરનું અકાળે નિધન થયું હતું.

# ઈંગ્લેન્ડે રોક્યો ઓસ્ટ્રેલિયાનો વિજયરથ

(એજન્સી) મુંબઇ | તા.25

ઈંગ્લેન્ડે ત્રીજી વનડેમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયાએ 304 રન બનાવવા છતાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ રીતે ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાની સતત 14 વન-ડે જીતવાના રેકોર્ડને રોકી દીધો. પરંતુ 304 રનનો સારો સ્કોર બનાવવા છતાં ઓસ્ટ્રેલિયા કેવી રીતે હારી ગયું? ઑસ્ટ્રેલિયાની હારના 5 મોટા કારણો જોઈએ..!

માનવામાં આવે છે કે ઈંગ્લેન્ડ માટે 305 રનનો ટાર્ગેટ આસાન નહીં હોય. પરંતુ હેરી બ્રુક અને વિલ જેક્સે પોતાની બેટિંગથી તેને ખૂબ જ સરળ બનાવી દીધું હતું. હેરી બ્રુકે 94 બોલમાં 110 રનની ઈનિંગ રમી હતી. જ્યારે વિલ જેક્સે 82 બોલમાં 84 રનનું યોગદાન આપ્યું હતું. ઓસ્ટ્રેલિયાના બોલરો પાસે હેરી બ્રુક અને વિલ જેક્સનો કોઈ જવાબ નહોતો.

વરસાદને કારણે જ્યારે રમત રોકવામાં આવી ત્યારે ઈંગ્લેન્ડનો સ્કોર 37.4 ઓવરમાં 4 વિકેટે 254 રન હતો. કારણ કે યજમાન ઈંગ્લેન્ડના 4 બેટ્સમેન પહેલા જ પેવેલિયન પહોંચી ગયા હતા. જોકે ઈંગ્લેન્ડ તરફથી



કેપ્ટન હેરી બ્રુકે શાનદાર બેટિંગ કરી હતી. પરંતુ જો વરસાદે દખલ ન કરી હોત અને સંપૂર્ણ 50 ઓવરની રમત રમાઈ હોત તો કોઈપણ પરિણામ શક્ય હતું.

ઓસ્ટ્રેલિયાના બોલરો અપેક્ષા મુજબનું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. જોકે, મિશેલ સ્ટાર્ક અને કેમેરોન ગ્રીને ચોક્કસપણે 2-2 વિકેટ લીધી હતી, પરંતુ બંને મોંઘા સાબિત થયા હતા. આ સિવાય અન્ય બોલરોનો સાથ મળ્યો ન હતો. જોશ હેઝલવુડ, સીન એબોટ, એરોન હાર્ડી, ગ્લેન મેક્સવેલ અને મેથ્યુ શોર્ટ વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યા હતા.

ઓસ્ટ્રેલિયા માટે સ્ટીવ સ્મિથે ચોક્કસપણે 60 રન બનાવ્યા હતા, પરંતુ આ માટે તેણે 82 બોલનો સામનો કર્યો હતો. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિચેલ માર્શે 24 રન બનાવવા માટે 38 બોલ રમ્યા હતા. જ્યારે માર્નસ લભુસેન કોઈ રન બનાવ્યા વિના ચાલતો રહ્યો.

જો સ્ટીવ સ્મિથ અને મિશેલ માર્શે ઝડપી રન બનાવ્યા હોત અને માર્નસ લાબુશેન સસ્તામાં પેવેલિયન પરત ન ફર્યા હોત તો કાંગારૂ ટીમ કદાચ વધુ રન બનાવવામાં સફળ રહી હોત. જો આમ થયું હોત તો કદાચ પરિણામ જુદું આવ્યું હોત.

તેમ છતાં ઈંગ્લેન્ડનો ઓપનર ફિલ સોલ્ટ કોઈ રન બનાવ્યા વગર પેવેલિયન પરત ફર્યો હતો. આ ઉપરાંત બાન દુકટ 8 રન બનાવીને આગળ વધ્યો હતો. પરંતુ આ સિવાય વિલ જેક્સ, હેરી બ્રુક અને લિયામ લિવિંગસ્ટોને શાનદાર બેટિંગ રજૂ કરી હતી. જેના કારણે ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાની સતત 14 વન-ડેમાં જીતનો સિલસિલો અટકાવ્યો હતો.

# 7 સિક્સ, 86 ફોર અને 498 રન..! ગુજરાતી ખેલાડીએ રચ્યો ઈતિહાસ

(એજન્સી) મુંબઇ | તા.25

ગુજરાતના દ્રોણ દેસાઈએ દિવાન બલ્લુભાઈ કપ અંડર-19 મલ્ટિડે ટુર્નામેન્ટ દરમિયાન 498 રન બનાવી રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. તેણે પોતાની ઈનિંગ્સથી મેદાનમાં તબાહી મચાવી હતી. મંગળવારે, દ્રોણે ગાંધીનગરના શિવાય ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે જેએલ ઈંગ્લિશ સ્કૂલ સામે તેની શાળા સેન્ટ ઝેવિયર્સ (લોયલા) માટે આ શાનદાર ઈનિંગ રમી હતી. દ્રોણ દેસાઈએ તેની મેરેથોન ઈનિંગ દરમિયાન 320 બોલનો સામનો કર્યો, જેમાં 7 છગ્ગા અને 86 ચોગ્ગા સામેલ હતા. એક અહેવાલ અનુસાર આ વાર્ષિક ટુર્નામેન્ટનું આયોજન સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદ દ્વારા કરવામાં આવે છે જે ગુજરાત ક્રિકેટ એસોસિએશન હેઠળ આવે છે. દ્રોણે મેચ પછી કહ્યું કે તેઓ નિરાશ છે કે તેઓ 500 રનનો આંકડો ચૂકી ગયા કારણ કે તે જાણતો ન હતો કે તેઓ આ રેકોર્ડની આટલી નજીક છે. ગ્રાઉન્ડમાં કોઈ સ્કોરબોર્ડ નહોતું અને કોઈએ તેને કહ્યું ન હતું કે 498 રન પર બેટિંગ કરી રહ્યો હતો, મેં સ્ટ્રોક રમ્યો અને આઉટ થયો પરંતુ હું ખુશ છું કે હું તે રન બનાવવામાં સફળ રહ્યો. એક ઈન્ટરવ્યુમાં દ્રોણે કહ્યું- મેં 7 વર્ષની ઉંમરે ક્રિકેટ



રમવાનું શરૂ કર્યું અને મારા પિતાએ મને ખૂબ દબાણ કર્યું કારણ કે તેમને લાગ્યું કે મારામાં સારો ક્રિકેટર બનવાની ક્ષમતા છે. ધોરણ 8 થી 12 સુધી હું મારી પરીક્ષા માટે જ શાળાએ જતો હતો. મેં માત્ર ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું છે અને આશા છે કે એક દિવસ હું મારું નામ બનાવીશ. દ્રોણ દેસાઈ આટલો મોટો સ્કોર કરનાર દેશનો છઠ્ઠા બેટ્સમેન બની ગયો છે. આ પહેલા મુંબઈનો પ્રણવ ધનાવડે (1009 અણનમ), પૃથ્વી શૉ (546), ડૉ. હેવવાલા (515), ચમનલાલ (અણનમ 506) અને અરમાન જાફર (498) એક ઈનિંગમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહી ચૂક્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈરાને UNમાં કહ્યું- ઈઝરાયલને રોકવું જરૂરી છે:જો અટકાવવામાં નહીં આવે તો આખી દુનિયામાં યુદ્ધ ફાટી નીકળશે

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝકિયાને મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે ઈરાન હાલ લેબેનાનમાં ઈઝરાયલના હુમલાનો જવાબ આપશે નહીં. તેનાથી વિસ્તારમાં તણાવ વધી શકે છે. પાઝાશ્કિયાને કહ્યું કે ઈઝરાયલને રોકવું જરૂરી છે, નહીં તો સમગ્ર મધ્ય પૂર્વ અને પછી વિશ્વ યુદ્ધની પકડમાં આવી જશે. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને તાત્કાલિક હિંસા બંધ કરવા અને ગાઝામાં કાયમી યુદ્ધવિરામ લાગુ કરવા અપીલ કરી હતી. આ પહેલીવાર છે જ્યારે 70 વર્ષીય ઈરાની નેતાએ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો છે. ઈબ્રાહિમ રાયસીના અવસાન બાદ જુલાઈમાં પજશ્કિયન ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા હતા.
પાઝાશ્કિયાને કહ્યું- ઈઝરાયલની વાસ્તવિકતા ખુલ્લી પડી ગઈ છે ઈરાનના રાષ્ટ્રપતિએ ઈઝરાયલ પર ગાઝામાં નરસંહાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે છેલ્લા 11 મહિનામાં ગાઝામાં 41 હજાર નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. છેલ્લા એક વર્ષમાં ઈઝરાયલની વાસ્તવિકતા દુનિયા સામે ઉજાગર થઈ ગઈ છે.

### એમેઝોન, ટેસ્લા અને મેટા જેવી દિગ્ગજ કંપનીઓ લોકતંત્રને નબળું પાડે છે

લંડન | શું તમે કલ્પના કરી શકો છો કે જે કંપનીઓ સાથે આપણે રોજિંદા જીવનમાં જોડાયેલા છીએ તે આપણા લોકતંત્રને અંદરથી નબળું કરી રહી છે? એક નવા રિપોર્ટે આ સચ્ચાઈનો પર્દાફાશ કર્યો- એમેઝોન, ટેસ્લા અને મેટા જેવી દિગ્ગજ કંપનીઓ માત્ર નફા પાછળ નથી ભાગતી, પણ રાજકીય તાકાતોને પ્રભાવિત કરી રહી છે. સાથે જ જળવાયુ સંકટને પ્રોત્સાહન અને શ્રમ અધિકારોની પણ જાહેરમાં અવગણના કરે છે. આંતરરાષ્ટ્રીય ટ્રેડ યુનિયન કોન્ફેડરેશન (આઈટીયુસી)ના રિપોર્ટમાં જણાવ્યું છે કે આ દિગ્ગજ કંપનીઓ સરકારને પ્રભાવિત કરી નીતિઓને તેના ફાયદા અનુસાર બદલી રહી છે. તેમાં પહેલું નામ મેટાનું છે. મેટા, જે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની માલિક છે તેના પર આરોપ છે કે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મે ખોટી માહિતીઓ અને ખોટા સમાચારોને પ્રોત્સાહન આપ્યું. આ સાથે જ મેટાએ દુનિયાભરમાં ડેટા સુરક્ષા કાયદાને નબળો પાડવા મોટા પાયે લોબિંગ કર્યું છે. ઈલેક્ટ્રિક કારોની દુનિયામાં અગ્રણી ટેસ્લા પર ન માત્ર યુનિયનો વિરુદ્ધ કાર્યવાહી કરવા પરંતુ માનવાધિકારોનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ છે.

### ફિટનેસના ચક્કરમાં લોકો બીમાર પડે છે 89% લોકો વધુ પડતી કસરત કરતા રહે છે

વાનકુવર | સમગ્ર વિશ્વમાં બદલાયેલી જીવનશૈલી, કામનો ભાર અને બીપી-શુગર જેવી બીમારીના વધી રહેલા જોખમ વચ્ચે સ્વાસ્થ્ય અને જાગરુકતા પણ વધી છે. ટીવીથી માંડીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં પણ હેલ્થ ટિપ્સ શેર કરાય છે. એટલું જ નહીં, તેમાંથી જોઈજોઈને લોકો પોતાના અનુભવો પણ કહે છે. આને કારણે અનેક લોકો પર સ્વાસ્થ્ય સુધારવા માટેનું અકારણ દબાણ આવી પડે છે. એક અહેવાલ પ્રમાણે સ્વાસ્થ્ય સારું રાખવા જતાં લોકો માંદા પડવા લાગ્યા છે.
સંશોધનમાં બહાર આવ્યું છે કે 89% દબાણમાં આવીને વધુ પડતી કસરતો કરે છે જ્યારે 61% લોકોએ સ્વીકાર્યું હતું કે તેમના પર વધુ સારા દેખાવા માટે સમાજનું દબાણ હોય છે જ્યારે 53%એ એક જ વિષયમાં વિવિધ પ્રકારની માહિતીની સમસ્યાથી ઝઝૂમવું પડે છે. સ્વાસ્થ્ય સારું કરવાનું દબાણ તેમને વધુ પડતું વિચારવા અને જીવનમાં શેની ખોટ છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા મજબૂર કરે છે.

### 1960 પછી અમેરિકામાં પ્રથમ વાર હિંસા ઘટી, 2500 મર્ડર ઓછા થયા

વોશિંગ્ટન | એફબીઆઈના આંકડા અનુસાર 2023માં 2022ની સરખામણીમાં લગભગ 2500 જેટલી હત્યાઓ ઘટી છે. એફબીઆઈ અનુસાર ગત વર્ષ અમેરિકામાં 19252 હત્યા થઈ હતી. વોશિંગ્ટન ડીસી, ગ્રીન્સબોરો, એન.સી. મેમ્ફિસ, ટેનેસી જેવા શહેરોમાં હિંસક ઘટનાઓનું પ્રમાણ વધારે હતું. આવી હિંસક ઘટનાઓમાં 12 ટકા જેટલો ઘટાડો થયો છે.
ન્યૂ ઓરલિયન્સમાં આવેલી અપરાધ ડેટા એનાલિસિસ વિભાગના જેફ એશરના જણાવ્યા અનુસાર 1960થી નેશનલ રેકોર્ડ કીપિંગ શરુ કરવામાં આવ્યો તે પછી સૌથી મોટો ઘટાડો છે. કુલ મળીને હિંસક અપરાધની ઘટનાઓમાં 3 ટકા અને સંપતિને લગતા ગુનામાં 2.6 ટકા. ચોરીની ઘટનામાં 7.6 ટકા જેટલો ઘટાડો થયો છે. જો કે કાર ચોરી એક માત્ર અપવાદ છે જેમાં ગત વર્ષની સરખામણીમાં 12 ટકા જેટલો વધારો થયો છે.

# સાઉથ અરેબિયા માટે પાકિસ્તાનના ભિખારીઓ માથાનો દુખાવો બન્યા!

## શાહબાઝ સરકારને ફટકાર લગાવી; ઉમરાહ વિઝાની આડમાં લોકો ભીખ માગવા જાય છે

(એજન્સી) ઇસ્લામાબાદ | તા.25

સાઉદી અરેબિયાએ શાહબાઝ સરકારને પાકિસ્તાનથી આવતા ભિખારીઓની વધતી સંખ્યાને લઈને ચેતવણી આપી છે. દર વર્ષે પાકિસ્તાનમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમરાહ વિઝા (તીર્થયાત્રા વિઝા) પર સાઉદી અરેબિયા જાય છે અને ત્યાં ભીખ માગવાનું શરૂ કરે છે.
પાકિસ્તાની વેબસાઈટ ધ ટ્રિબ્યુન એક્સપ્રેસ અનુસાર, સાઉદી હજ મંત્રાલયે પાકિસ્તાનના ધાર્મિક બાબતોના મંત્રાલયને તેને તાત્કાલિક રોકવા માટે કહ્યું છે. મંત્રાલયે કહ્યું કે જો પાકિસ્તાન સરકાર આવું નહીં કરે તો તેનાથી પાકિસ્તાની ઉમરાહ અને હજ યાત્રીઓને અસર થઈ શકે છે. સરકાર ઉમરાહ એક્ટ લાવશે, ટ્રાવેલ એજન્સીઓ સામે કડક પગલાં લેવાશે રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનના ધાર્મિક બાબતોના મંત્રાલયે ભિખારીઓને સાઉદી અરેબિયા મોકલતા રોકવા માટે 'ઉમરાહ એક્ટ' લાવવાનો નિર્ણય કર્યો છે. તેનો ઉદ્દેશ્ય ટ્રાવેલ એજન્સીઓનું નિયમન કરવાનો છે જે ઉમરાહ વિઝા મેળવવામાં મદદ કરે છે અને તેમને કાયદાકીય દેખરેખ હેઠળ લાવે છે.
આ પહેલા મંગળવારે સાઉદી રાજદૂત નવાફ બિન સૈદ અહેમદ અલ-મલિકી અને પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવી વચ્ચે મુલાકાત થઈ હતી. જેમાં નકવીએ રાજદૂતને આશ્વાસન આપ્યું હતું કે ભિખારીઓને સાઉદી અરેબિયા મોકલવા માટે જવાબદાર માફિયાઓ સામે સરકાર કડક કાર્યવાહી કરશે. રિપોર્ટ અનુસાર, ગૃહમંત્રી નકવીનું માનવું છે કે આવી ઘટના પાકિસ્તાનની છબીને નુકસાન પહોંચાડી રહી છે. હવે ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ)ને આ અંગે કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. એ જ રીતે, ઓક્ટોબર 2023માં, ફ્લાઈટમાં સવાર 16 લોકોને લાહોર એરપોર્ટ પર પ્લેનમાંથી ઉતારવામાં આવ્યા હતા અને ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ત્યાં ભીખ માંગવા પણ જતા હતા. ગયા વર્ષે પણ સાઉદી અરેબિયાએ ફરિયાદ કરી હતી ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વિદેશી અધિકારીઓની બેઠકમાં સાઉદી અરેબિયાએ પાકિસ્તાનને હજ ક્વોટા આપવામાં સાવચેત રહેવા કહ્યું હતું. સાઉદી અધિકારીઓએ પાકિસ્તાનને ભિખારી અને પિકપોકેટ ન મોકલવા કહ્યું હતું. સાઉદી અરેબિયાએ કહ્યું હતું કે તેમની જેલો આવા લોકોથી ભરેલી છે. ત્યારે પણ પાકિસ્તાની અધિકારીઓએ તેને રોકવાની ખાતરી આપી હતી.
વિશ્વભરમાં ધરપકડ કરાયેલા 90% ભિખારીઓ પાકિસ્તાની મૂળના પાકિસ્તાની વેબસાઈટ ડોનના સપ્ટેમ્બર 2023ના અહેવાલ મુજબ, વિશ્વભરમાં ધરપકડ કરાયેલા 90% ભિખારીઓ પાકિસ્તાની મૂળના છે. યુએઈ સરકાર પણ આ ભિખારીઓની વધતી સંખ્યાથી પરેશાન છે. ડૉનના ઑગસ્ટના અહેવાલ મુજબ, UAE એવા પાકિસ્તાનીઓને વિઝા આપવાનું ટાળે છે જેમના બેંક ખાતામાં પૂરતા પૈસા નથી.
આ વર્ષે માર્ચમાં, ઈસ્લામના પવિત્ર રમઝાન મહિના દરમિયાન, દુબઈ પ્રશાસને આ ભિખારીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન 200 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આમાં લગભગ અડધી વસતિ મહિલાઓની હતી.



વિશ્વભરમાં ધરપકડ કરાયેલા 90% ભિખારીઓ પાકિસ્તાની મૂળના પાકિસ્તાની વેબસાઈટ ડોનના સપ્ટેમ્બર 2023ના અહેવાલ મુજબ, વિશ્વભરમાં ધરપકડ કરાયેલા 90% ભિખારીઓ પાકિસ્તાની મૂળના છે. યુએઈ સરકાર પણ આ ભિખારીઓની વધતી સંખ્યાથી પરેશાન છે. ડૉનના ઑગસ્ટના અહેવાલ મુજબ, UAE એવા પાકિસ્તાનીઓને વિઝા આપવાનું ટાળે છે જેમના બેંક ખાતામાં પૂરતા પૈસા નથી.

# કમલા હેરિસની ઓફિસ બહાર ફાયરિંગ

## 1 જ મહિનામાં 2 વખત નિશાન બનાવવામાં આવી, ટ્રમ્પ પર પણ 2 વાર જીવલેણ હુમલો થયો હતો

(એજન્સી) ઇસ્લામાબાદ | તા.07

અમેરિકા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર અને ભારતીય મૂળની કમલા હેરિસના ચૂંટણી કેમ્પેઈન ઓફિસ પર ગોળીબારના સમાચાર સામે આવ્યા છે. બુધવાર (25 સપ્ટેમ્બર)ના રોજ પોલીસે આ ફાયરિંગની પુષ્ટી કરીને કહ્યું કે એરિઝોનામાં કમલા હેરિસના ચૂંટણી પ્રચાર કાર્યાલયમાં અનેક રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે અડધી રાતે અજાણ્યા વ્યક્તિઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો. ટેમ્પે પોલીસ વિભાગે ન્યૂયોર્ક પોસ્ટને જણાવ્યું કે ટેમ્પેમાં સદર્ન એવન્યૂ અને પ્રીસ્ટ ડ્રાઈવ પાસે ડેમોક્રેટિક નેશનલ કમિટીના કેમ્પેઈન ઓફિસમાં ગોળીબારથી થોડું નુકસાન થયું છે.



અધિકારી સાર્જન્ટ રેયાન કૂકે જણાવ્યું હતું કે, રાત્રિના સમયે ઓફિસની અંદર કોઈ નહોતું. પરંતુ તે બિલ્ડિંગમાં કામ કરતા લોકો અને તેમની નજીકના લોકોની સલામતી માટે ચિંતા પેદા કરે છે.
ચૂંટણી પ્રચાર કાર્યાલય પર પહોંચેલા અધિકારીઓ હવે ઘટનાસ્થળ પરના પુરાવાઓનું વિશ્લેષણ કરી રહ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે વધારાના પગલાં તરીકે આ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગોળીબાર બાદ ડેમોક્રેટિક નેશનલ કમિટીના પ્રચાર કાર્યાલયના કર્મચારીઓ ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચી ગયા હતા. તેમને શંકા છે કે આગળની બારીઓમાંથી ગોળી ચલાવવામાં આવી હશે. કમલાની ઓફિસમાં ફાયરિંગથી નુકસાન થયું ABC ન્યૂઝને આપેલા નિવેદનમાં, ટેમ્પે પોલીસે જણાવ્યું હતું કે, "આ ઘટના ગઈકાલે રાત્રે બની હતી, જેના પરિણામે ગોળીબારને કારણે ડેમોક્રેટિક નેશનલ કમિટીની ઓફિસને નુકસાન થયું હતું. જો કે, કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી."
હેરિસની ઓફિસ પર એક મહિનામાં બે વાર હુમલો થયો છેલ્લા બે સપ્તાહમાં કમલા હેરિસની ઓફિસ પર હુમલાની આ બીજી ઘટના છે. 16 સપ્ટેમ્બરની રાત્રે પણ ઓફિસની બારીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના પ્રમાણે પોલીસનું માનવું છે કે આ બીબી કે પેલેટ ગન હતી. કોઈપણ મામલે હાલ કોઈ ધરપકડ થઈ નથી અને અધિકારી હુમલા પાછળના કારણોની તપાસ કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને હવે થોડા મહિના બાકી છે. તાજેતરમાં જ રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ફ્લોરિડામાં એક હત્યાના પ્રયાસમાં બચી ગયા હતા. હવાઈના 58 વર્ષીય રેયાન રાઉથની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે ટ્રમ્પ સ્થળ પર ગોલ્ફ રમી રહ્યા હતા ત્યારે સિક્રેટ સર્વિસની ટીમે તેને શસ્ત્રો સાથે પરિસરમાં છુપાયેલો શોધી કાઢ્યો હતો.
ફ્લોરિડાની ઘટનાના દિવસો પહેલા, ટ્રમ્પ તેમની પેન્સિલવેનિયા રેલીમાં અન્ય એક મોટા હત્યાના પ્રયાસમાં બચી ગયા હતા. આરોપી થોમસ મેથ્યુ ક્રૂક્સે રેલીમાં ગોળીબાર કર્યો હતો, જેમાં ટ્રમ્પ અને અન્ય બે લોકો ઘાયલ થયા હતા. ત્યારપછીની કાર્યવાહીમાં તે સ્નાઈપર દ્વારા માર્યો ગયો. કમલાએ ટ્રમ્પને પાછળ છોડી દીધા એશિયન અમેરિકન મતદારોમાં ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસ તેના રિપબ્લિકન હરીફ ડોનાલ્ડ ટ્રમ્પ સામે 38 પોઈન્ટથી આગળ છે.

# ઈઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહ મિસાઈલ કમાન્ડર માર્યો ગયો



બેરુત | તા.25

મંગળવારે લેબનોનની રાજધાની બેરૂતમાં ઈઝરાયેલના હુમલામાં હિઝબુલ્લાહ મિસાઈલ કમાન્ડર ઈબ્રાહિમ કુબૈસી માર્યો ગયો હતો. આ સિવાય 5 અન્ય લોકોના પણ મોત થયા છે. ઈઝરાયેલ છેલ્લા 5 દિવસથી લેબનોન પર સતત હુમલો કરી રહ્યું છે. આ સાથે લેબનોનમાં 2 દિવસમાં મૃત્યુઆંક 569 પર પહોંચી ગયો છે.
તે જ સમયે, હિઝબુલ્લાએ ગઈકાલે રાત્રે ઈઝરાયેલમાં 8 સ્થળોને મિસાઈલથી નિશાન બનાવવાનો દાવો પણ કર્યો છે. ઈઝરાયેલના જણાવ્યા અનુસાર હિઝબુલ્લા તરફથી 55 રોકેટ છોડવામાં આવ્યા હતા.
આ પહેલા સોમવારે, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) એ લેબેનાનમાં હિઝબુલ્લાહના 1600 સ્થાનોને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો હતો. જેમાં 10 હજાર રોકેટ નષ્ટ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. તે જ સમયે, લેબેનાનના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે આ હુમલામાં અત્યાર સુધીમાં 569 લોકોના મોત થયા છે. તેમાંથી 94 મહિલાઓ અને 50 બાળકો છે. 1,835 લોકો ઘાયલ પણ થયા છે.
અલ જઝીરા અનુસાર, 2006માં ઈઝરાયલ-લેબેનાન યુદ્ધ બાદ લેબનોન પર આ સૌથી મોટો હુમલો છે. 2006માં, એક મહિના સુધી ચાલેલી લડાઈમાં 1,000 લેબનીઝ લોકો માર્યા ગયા હતા. હાલમાં લેબેનાનમાં 25 સપ્ટેમ્બર બુધવાર સુધી શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી છે. લોકોને સલામત સ્થળે મોકલવામાં આવ્યા છે.
ઈઝરાયેલે લેબેનાનમાં હાથ ધરાયેલા ઓપરેશનને 'નોર્થન ઈરોઝ' નામ આપ્યું છે. IDFનો દાવો છે કે હિઝબુલ્લાહ દક્ષિણ લેબેનાનના ઘરોમાં મિસાઈલો છુપાવી રહ્યું છે જે લગભગ એક વર્ષથી ઈઝરાયલ પર છોડવામાં આવી છે.
તે જ સમયે, યુએન ચીફ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું છે કે તેઓ નથી ઈચ્છતા કે લેબેનાન બીજું ગાઝા બને. બીજી તરફ લેબેનાન તરફથી વળતા હુમલાની આશંકા વચ્ચે ઈઝરાયલમાં એક સપ્તાહની ઈમર્જન્સી લાદવામાં આવી છે. સંરક્ષણ પ્રધાન યોવ ગાલાંટના આદેશ પર, કેબિનેટ પ્રધાનોએ કટોકટીનો નિર્ણય લેવા માટે ફોન દ્વારા મત આપ્યો. ઈઝરાયલના હુમલા બાદ નેતન્યાહુએ લેબેનોનના લોકોને એક સંદેશ જારી કર્યો છે. નેતન્યાહુએ લોકોને તેમના ઓપરેશનમાં દખલ ન કરવા જણાવ્યું છે. ઈઝરાયલ હિઝબુલ્લાહ સાથે યુદ્ધમાં છે.

# અડધા ખર્ચમાં ભારતીય વિદ્યાર્થીઓને બ્રિટિશ યુનિ.ની ડિગ્રી મળશે : જયપુર જેવાં શહેરોમાં કેમ્પસ ખોલશે...

(એજન્સી) લંડન | તા.25

બ્રિટને ભારતમાં ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રમાં મોટી પહેલ કરી છે. પાંચ વર્ષમાં ભારતીય મહાનગરો સહિત ટિયર-2 શહેરોમાં 24 બ્રિટિશ યુનિવર્સિટી પોતાનાં કેમ્પસ ખોલવા જઈ રહી છે. તેના માટે જયપુર, ભોપાલ, પટણા, કાનપુર અને ઈન્દોર જેવાં શહેરોની પસંદગી કરી છે. ભારતમાં બ્રિટનની યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન સૌથી પહેલા પોતાનું કેમ્પસ ખોલવા જઈ રહી છે. તેને ગત સપ્તાહે જ લાઈસન્સ મળ્યું છે.
ગુરુગ્રામમાં શરૂ થનારા કેમ્પસમાં આગામી શૈક્ષણિક સત્રથી એડમિશન મળવાનું શરૂ થઈ જશે. અનેક યુનિવર્સિટી આવતા મહિના સુધી પોતાનાં કેમ્પસની જાહેરાત કરવાની છે. સાઉથમ્પ્ટન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ એન્ડ્રૂ એથરટને જણાવ્યું કે બ્રિટિશ યુનિવર્સિટી ભારતના હાયર એજ્યુકેશન સેક્ટરમાં પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માંગે છે.
તેમણે જણાવ્યું કે ફેકલ્ટીની પસંદગી ભારતમાંથી પણ



કરવામાં આવશે, જેનાથી સ્ટુડન્ટ્સને સ્થાનિક જરૂરિયાતોના હિસાબથી પણ ભણાવી શકાશે. પરંતુ મૂળ ફેકલ્ટીને બ્રિટિનના મુખ્ય કેમ્પસથી જ બોલાવવામાં આવશે. આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા પ્રોફેસરોને ભારતમાં ભણાવવા માટે પ્રાથમિકતા અપાશે.
ફાયદો: ભારતીય વિદ્યાર્થીઓને અડધા ખર્ચમાં બ્રિટિશ યુનિ.ની ડિગ્રી મળશે ભારતમાં કેમ્પસવાળી બ્રિટિશ યુનિવર્સિટીથી વિદ્યાર્થીઓને લગભગ અડધા ખર્ચમાં ડિગ્રી મળશે. સાઉથમ્પ્ટન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માર્ક સ્મિથે ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે હાલમાં બ્રિટનમાં એક વર્ષનો અભ્યાસ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને 25થી 30 લાખ રૂપિયામાં પડે છે. ભારતમાં એક વર્ષ માટે વિદ્યાર્થીઓને લગભગ 15 લાખ રૂપિયા ચૂકવવા પડશે. આ રકમ ભારતની કોઈ પણ પ્રાઈવેટ યુનિવર્સિટીની ફી જેટલી છે. પહેલા વર્ષમાં પીજીના ચાર કોર્સ અને યુજી લેવલના બે કોર્સ શરૂ કરવામાં આવશે. પહેલા વર્ષમાં લગભગ 10 હજાર ભારતીય વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ભારતનાં કેમ્પસ દક્ષિણ એશિયા સેન્ટર કહેવાશે, એક લાખ વિદ્યાર્થીનું લક્ષ્ય બ્રિટિશ યુનિવર્સિટીના ભારતમાં શરૂ થનારા કેમ્પસ દક્ષિણ એશિયા સેન્ટર તરીકે ઓળખાશે. બ્રિટિશ યુનિવર્સિટી એસોસિયેશનના સચિવ ટોની રીડ અનુસાર 2026માં બીજા વર્ષથી એક લાખ વિદ્યાર્થીઓને એડમિશન આપવાનું લક્ષ્ય છે.

## રાષ્ટ્રપતિ બનતાની સાથે જ ડિસાનાયકે 11 મહિના પહેલા સંસદ ભંગ કરી દીધી, 14 નવેમ્બરે સંસદીય ચૂંટણી યોજાશે

# હરિની શ્રીલંકાના વડાપ્રધાન પદ સંભાળનાર ત્રીજા મહિલા



(એજન્સી) કોલંબો | તા.25

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ હરિની અમરાસૂર્યાને દેશના વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યાં છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા દિસાનાયકેએ હરિની અમરાસૂરિયાને વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કરાવ્યા હતા. રાષ્ટ્રપતિ અનુરાએ વડાપ્રધાન અમરસૂર્યાને ન્યાય, શિક્ષણ, આરોગ્ય અને રોકાણ જેવા મહત્વના મંત્રાલયોની જવાબદારી સોંપી છે. આ સિવાય વિજીતા હર્થ અને લક્ષ્મણ નિપુનરાચીએ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. શ્રીલંકાની કેબિનેટમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિત કુલ 4 સભ્યો છે. શ્રીલંકાના ઈતિહાસમાં આ સૌથી નાનું કેબિનેટ છે.
હરિની શ્રીલંકાના વડાપ્રધાન પદ સંભાળનાર ત્રીજા મહિલા છે. તેમના પહેલાં સિરીમાવો બંદરનાઈકે (3 વખત) અને ચંદ્રિકા કુમારતુંગા (1 વખત) દેશના મહિલા વડાપ્રધાન રહી ચૂક્યાં છે. હરિની અમરસૂર્યા 2020માં પહેલીવાર સાંસદ બન્યાં હતાં. રાષ્ટ્રપતિ અનુરાએ સંસદ ભંગ કરી શ્રીલંકાના રાષ્ટ્રપતિ દિસાનાયકે મંગળવારે રાત્રે સંસદ ભંગ કરી દીધી હતી. હવે દેશમાં 14 નવેમ્બરે સંસદીય ચૂંટણી યોજાશે. રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા દિસનાયકેએ કહ્યું હતું કે તેઓ તરત જ સંસદ ભંગ કરશે અને મધ્યવર્તી ચૂંટણીનો આદેશ આપશે. શ્રીલંકાની અગાઉની સંસદની રચના ઓગસ્ટ 2020માં કરવામાં આવી હતી. એટલે કે આ સંસદ નિર્ધારિત સમયના 11 મહિના પહેલા ભંગ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન અમરસૂર્યા (54) અને રાષ્ટ્રપતિ અનુરા બંને નેશનલ પીપલ્સ પાવર (NPP)ના સાંસદ છે. શ્રીલંકાની 225 બેઠકોની સંસદમાં NPP પાસે માત્ર 3 બેઠકો છે. અનુરાએ 2019માં રાષ્ટ્રપતિની ચૂંટણી પણ લડી હતી. આ સમયગાળા દરમિયાન તેમને માત્ર 3% મત મળ્યા હતા. આ ચૂંટણીઓમાં રાષ્ટ્રપતિની સાથે હરિની અમરાસૂર્યાએ પણ પ્રચાર કર્યો હતો.
અનુરા બે વખત મત ગણતરી બાદ રાષ્ટ્રપતિ બન્યા શ્રીલંકામાં ચૂંટણી જીત્યા બાદ અનુરા દિસાનાયકે સોમવારે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. આ સમારોહ કોલંબોમાં રાષ્ટ્રપતિ સચિવાલયમાં યોજાયો હતો. શ્રીલંકામાં આ પ્રથમ વખત છે કે રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોની ગણતરીના બીજા રાઉન્ડમાં પુષ્ટિ કરવામાં આવી છે કારણ કે ગણતરીના પ્રથમ રાઉન્ડમાં કોઈપણ ઉમેદવારને 50% મત મળ્યા નથી. પ્રથમ તબક્કામાં બે ટોચના ઉમેદવારો, નેશનલ પીપલ્સ પાવર (NPP)ના અનુરા કુમારા દિસાનાયકે અને સામગી જના બાલાવેગયા (SJB)ના સાજીથ પ્રેમદાસાના મત બીજી વખત ગણવામાં આવ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### તિરુપતિના પ્રસાદમાં જાનવરની ચરબીના વિવાદ વચ્ચે 4 દિવસમાં 14 લાખ લાડુ વેચાયા

હૈદરાબાદ : આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ જગન મોહન રેડ્ડીની સરકારમાં તિરુમાલા તિરુપતિ દેવસ્થાન (ટીટીડી)માં ભગવાન વેંકટેશના દર્શને આવતા ભક્તોને અપાતા પ્રસાદના લાડુમાં જાનવરની ચરબીની કથિત ભેળસેળ થઈ હોવાનો દાવો કર્યા પછી સમગ્ર દેશમાં ભારે હોબાળો મચી ગયો છે. આવા સમયે પણ શ્રી વેંકટેશ્વર મંદિરમાં લાડુના પ્રસાદના વેચાણ પર કોઈ અસર થઈ નથી. છેલ્લા ચાર દિવસમાં મંદિરમાં ૧૪ લાખથી વધુ લાડુનું વેચાણ થયું હોવાનું મંદિર તંત્રે જણાવ્યું હતું.તિરુપતિ મંદિરના લાડુના પ્રસાદમાં જાનવરની ચરબીના દાવાઓથી એકબાજુ રાજકીય હોબાળો મચેલો છે. કેન્દ્ર સરકારે તિરુપતિ મંદિરને કથિત રીતે ભેળસેળવાળું ઘી પુરું પાડતા સપ્લાયરને નોટિસ ફટકારી છે. આવા સમયમાં આ સમગ્ર વિવાદની લાડુના પ્રસાદના વેચાણ પર કોઈ અસર થઈ નથી.મંદિર તંત્રે કહ્યું કે, ૧૯મીએ ૩.૫૯ લાખ, ૨૦મીએ ૩.૧૭ લાખ, ૨૧મી ૩.૬૭ લાખ અને ૨૨મી સપ્ટેમ્બરે ૩.૬૦ લાખ લાડુનું વેચાણ થયું હતું. આમ આ વિવાદ વચ્ચે પણ તિરુપતિ મંદિરમાં પ્રસાદના લાડુનું સરેરાશ દૈનિક ૩.૫૦ લાખ જેટલું વેચાણ થયું હતું, જે રાબેતા મુજબ છે.

### 'ઓમ બિરલા ઈશ્યૂ નથી કરતાં...', રાહુલનો પાસપોર્ટ રદ કરવાની માગ કરતાં ભાજપ સાંસદને મળ્યો જવાબ

નવી દિલ્હી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં આપેલા નિવેદનને લઈને થયેલો વિવાદ થોભવાનું નામ નથી લઈ રહ્યો. હવે રાજસ્થાનના ચિત્તોડગઢથી ભાજપના સાંસદ સીપી જોશીએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને ચિઠ્ઠી લખી રાહુલ ગાંધીનો પાસપોર્ટ રદ કરવાની માગ કરી છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને ચિઠ્ઠી લખ્યા બાદ સીપી જોશીએ કહ્યું, 'રાહુલ ગાંધીના ભાષણોથી દેશના સામાન્ય નાગરિકને તકલીફ પહોંચી છે. દેશની બહાર જઈને દેશનું અપમાન કરવાનો અધિકાર રાહુલ ગાંધીને કોણે આપ્યો? મેં લોકસભા સ્પીકરને પત્ર લખીને તેમનો પાસપોર્ટ જપ્ત કરવાની માગ કરી છે. કાં તો રાહુલ ગાંધી નેતા પ્રતિપક્ષના પદ પરથી રાજીનામું આપે અથવા સરકાર તેમનો પાસપોર્ટ જપ્ત કરી લે.'ભાજપ સાંસદની ચિઠ્ઠી પર કોંગ્રેસે પણ વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસ સાંસદ મનિકમ ટાગોરે કહ્યું કે, ભાજપના નેતા મજાક કરે છે. ભાજપ સાંસદ સ્પીકરને લખે છે કે, રાહુલ ગાંધીનો પાસપોર્ટ રદ કરી દો. લોકસભા સ્પીકર પાસે પાસપોર્ટના અધિકાર થોડી છે? ભાજપ સાંસદને ખબર જ નથી કે, પાસપોર્ટ કોણ રદ કરે છે. સાંસદ બનવું અલગ વાત છે અને વસ્તુઓની જાણકારી રાખવી અલગ વાત છે. ઓમ બિરલા પાસપોર્ટ ઈશ્યૂ નથી કરતાં.હાલમાં જ પોતાની અમેરિકાની યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ વર્જિનિયામાં એક ભાષણ આપ્યું હતું, જ્યાં તેઓએ ભારતીય અમેરિકન સમુદાયના લોકો સાથે વાતચીત કરી હતી.

### મુંબઈમાં ભારે વરસાદની આગાહી, રેડ એલર્ટ જાહેર

મુંબઈ: દેશના વિવિધ રાજ્યોમાં હજી પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ચોમાસુ હવે ગુજરાતમાં તો વિદાય લેવા તરફથી છે પરંતુ હજી પણ કેટલાક જિલ્લામાં વરસાદ જોવા મળી રહ્યો છે. તેવામાં દેશના એવા અનેક રાજ્યો છે જ્યાં વરસાદ આવે તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા મહારાષ્ટ્રમાં વરસાદને લઈને કેટલીક આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગે કહ્યું કે મહારાષ્ટ્રના ઘણા શહેરોમાં ભારે વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગે બુધવારે મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ અને રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ અને અન્ય જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. મુંબઈ હવામાન વિભાગના નિયામક સુનીલ કાંબલેએ જણાવ્યું હતું કે બંગાળની ખાડી પર ચક્રવાતી પરિભ્રમણને કારણે વરસાદની પ્રવૃત્તિ તીવ્ર થવાની ધારણા છે, જેના પરિણામે મુંબઈમાં વરસાદનો બીજો રાઉન્ડ આવી શકે છે. સુનીલ કાંબલેએ જણાવ્યું હતું કે પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર એક ચક્રવાતી પરિભ્રમણ મધ્ય ઉષ્ણકટિબંધીય સ્તર સુધી વિસ્તરે છે, જેના કારણે મરાઠવાડા અને તેની નજીકના મધ્ય મહારાષ્ટ્ર પ્રદેશમાં હવામાનમાં ફેરફાર થઈ રહ્યો છે. જો કે હાલમાં મધ્ય મહારાષ્ટ્ર અને મહત્તમ તાપમાન નોંધાયું છે.

### ભાગલપુરમાં મિની ગન ફેક્ટરીનો પર્દાફાશ, હથિયારો સાથે અનેક શખ્સોની ધરપકડ

ભાગલપુર : બિહારના ભાગલપુર જિલ્લાના અમદાંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં, પોલીસે મંગળવારે સાંજે એક મિની ગન ફેક્ટરીનો પર્દાફાશ કર્યો અને અર્ધ-તૈયાર હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો. વરિષ્ઠ પોલીસ અધિક્ષક આનંદ કુમારે મંગળવારે જણાવ્યું હતું કે ગુપ્ત માહિતી પર કોલકાતા અને પટનાની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને જિલ્લા પોલીસે મંગળવારે સાંજે ચાંદપુર ગામમાં શિવાનંદન મંડળના ઘર પર દરોડો પાડ્યો હતો અને એક ગેરકાયદેસર મિનિગન ફેક્ટરી જપ્ત કરી હતી. આ સમયગાળા દરમિયાન, 15 અર્ધ-તૈયાર પિસ્તોલ, 11 બેરલ અને મોટા જથ્થામાં હથિયારો બનાવવા માટેના સાધનો મળી આવ્યા છે. ઘટનાસ્થળ પરથી ઘરના માલિક સહિત મુંગેર અને ખગરિયા જિલ્લાના પાંચ શસ્ત્રોના દાણચોરોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા બે દાણચોરો રણજીત યાદવ અને રાજેશ મંડલ વિરુદ્ધ મુંગેર જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ફોજદારી કેસ નોંધવામાં આવ્યા છે. વરિષ્ઠ પોલીસ અધિક્ષકે કહ્યું કે કોલકાતા અને પટનાની એસટીએફ ટીમ તમામ દાણચોરોની પૂછપરછ કરી રહી છે અને ગેંગના અન્ય સભ્યોને શોધવામાં વ્યસ્ત છે. પોલીસ આતંકી અને નક્સલવાદી કનેક્શનની તપાસ કરી રહી છે.

નવીનીકરણ, રોકાણ અને સ્વનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ભારતની ઉત્પાદન ક્રાંતિએ વેગ પકડ્યો

# મેક ઇન ઇન્ડિયા 10 વર્ષની ઉજવણી કરે છે: પરિવર્તનશીલ વૃદ્ધિનો દાયકો

(એજન્સી) અમદાવાદ | તા. 25

'મેક ઈન ઈન્ડિયા' પહેલ 25 સપ્ટેમ્બર, 2014ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે સશક્ત બનાવવાનો સીમાચિહ્નરૂપ દાયકો પૂર્ણ કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવામાં, કૌશલ્ય વિકાસ વધારવામાં અને વિદેશી રોકાણને સરળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ): વર્ષ 2014થી અત્યાર સુધીમાં ભારતે વર્ષ 2014-24માં 667.4 અબજ ડોલરનો સંચિત એફડીઆઇ પ્રવાહ આકર્ષ્યો છે, જે અગાઉના દાયકા (2004-14)ની સરખામણીમાં 119 ટકા વધારે છે. રોકાણનો આ પ્રવાહ 31 રાજ્યો અને 57 ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જે વિવિધ ઉદ્યોગોમાં વૃદ્ધિને વેગ આપે છે. કેટલાક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને બાદ કરતાં મોટા ભાગનાં ક્ષેત્રો ઓટોમેટિક રૂટ હેઠળ 100 ટકા એફડીઆઇ માટે ખુલ્લાં છે. છેલ્લા એક દાયકામાં (2014-24) મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં એફડીઆઈ ઈક્વિટી પ્રવાહ 165.1 અબજ ડોલરે પહોંચ્યો હતો, જે અગાઉના દાયકા (2004-14)ની તુલનામાં 69 ટકાનો વધારો દર્શાવે છે, જેમાં 97.7 અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો. પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના: 2020માં રજૂ કરવામાં આવેલી પીએલઆઈ યોજનાઓના પરિણામે રોકાણમાં 1.32 લાખ કરોડ રૂપિયા (16 અબજ ડોલર) અને જૂન 2024 સુધીમાં 10.90 લાખ કરોડ (130 અબજ ડોલર)ના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં નોંધપાત્ર વધારો થયો છે. આ પહેલને કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૮.૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. નાણાકીય વર્ષ 2023-24માં ભારતની ચીજવસ્તુઓની નિકાસ 437 અબજ ડોલરને વટાવી ગઈ છે. નિકાસમાં વધારો થયો છે, જેમાં પીએલઆઈ યોજનાઓને કારણે વધારાના 4 લાખ કરોડનું સર્જન થયું છે, જ્યારે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કુલ રોજગારી 2017-18માં 57 મિલિયનથી વધીને 2022-23માં 64.4 મિલિયન થઈ ગઈ છે. વેપાર-વાણિજ્યમાં સુગમતા : વેપાર-વાણિજ્યની સ્થિતિ સુધારવા માટેની ભારતની પ્રતિબદ્ધતા, વર્ષ 2014માં 142મા ક્રમથી વધીને વર્ષ 2019માં 63મા ક્રમથી વિશ્વ બેંકનાં ડૂઈંગ બિઝનેસ રિપોર્ટમાં સ્પષ્ટ થાય છે. 42,000થી વધુ અનુપાલનમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને 3,700 જોગવાઈઓને ડીક્રિમિનલાઇઝ કરવામાં આવી છે. જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) કાયદો, 2023, લોકસભા 27 જુલાઈ, 2023ના રોજ અને 2 ઓગસ્ટ 2023ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, જેણે 42 કેન્દ્રીય કાયદાઓમાં 183 જોગવાઈઓને નાબૂદ કરી છે. સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટ: સેમીકોન ઈન્ડિયા પ્રોગ્રામ, જેની કિંમત રૂ. 76,000 કરોડ છે, તે મૂડી સહાય અને તકનીકી સહયોગની સુવિધા દ્વારા સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન પૂરું પાડવાનું લક્ષ્ય ધરાવે છે. ભારતે સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમના દરેક સેગમેન્ટને ટેકો આપવા માટે નીતિઓ વિકસાવી છે, જે માત્ર ફેબ્સ પર જ ધ્યાન કેન્દ્રિત કરતી નથી, પરંતુ પેકેજિંગ, ડિસ્પ્લે વાયર, ઓએસએટી, સેન્સર્સ અને અન્ય બાબતોનો સમાવેશ કરે છે. નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (એનએસડબલ્યુએસ): સપ્ટેમ્બર, 2021માં શરૂ કરવામાં આવેલી આ પ્લેટફોર્મ રોકાણકારોનાં અનુભવને સરળ બનાવે છે, જેમાં 32 મંત્રાલયો/વિભાગો અને 29 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી મંજૂરીઓને સંકલિત કરવામાં આવી છે, જે ઝડપથી મંજૂરીઓની સુવિધા પ્રદાન કરે છે. પ્રધાનમંત્રી ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન (એનએમપી) જીઆઈએસ આધારિત મંચ છે, જે સરકારનાં વિવિધ મંત્રાલયો/વિભાગોનાં પોર્ટલો ધરાવે છે, જેની શરૂઆત ઓક્ટોબર, 2021માં થઈ હતી. તે મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સંકલિત આયોજન સાથે સંબંધિત ડેટા-આધારિત નિર્ણયોને સરળ બનાવવા માટે પરિવર્તનકારી અભિગમ છે, જેથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થાય છે. લોજિસ્ટિક્સ ખર્ચઘટાડવા અને કાર્યદક્ષતા વધારવાનાં ઉદ્દેશ સાથે વર્ષ 2022માં શરૂ કરવામાં આવેલી એનએલપી ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે વધારે સ્પર્ધાત્મક બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે. નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ 11 ઔદ્યોગિક કોરિડોરના વિકાસને રૂ. 28602 કરોડના અંદાજિત રોકાણ સાથે 12 નવા પ્રોજેક્ટ્સને મંજૂરી મળી છે. આ કોરિડોર વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધાઓ પ્રદાન કરીને ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે.

## જૈન વુમન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન (JIWO) દ્વારા આયોજિત "જીવો બજાર" ના યાદગાર પ્રદર્શનમાં સ્ત્રી શક્તિનો અદભૂત આનંદ

### 10 ગરીબ પરિવારોને વિનામૂલ્યે સ્ટોલ અને 8 જરૂરિયાતમંદોને વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું

મુંબઈ | તા 25

જૈન સમુદાયની મહિલાઓની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'જૈન વુમન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIWO)' ના દક્ષિણ મુંબઈ ચેપ્ટર દ્વારા આયોજિત 'જીવો બજાર' પ્રદર્શન, મંગળવાર, 24 સપ્ટેમ્બર, 2024 ના રોજ અવસર હોલ, નાના ચોક, મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.



ખૂબ જ સફળ અને પ્રશંસનીય હતો, જેમાં મોટી સંખ્યામાં ઉમટેલી નારી શક્તિએ આ રંગીન મેળાને દરેક માટે યાદગાર બનાવી દીધો હતો. આ આકર્ષક દિવસભરના પ્રદર્શનનું ઉદ્ઘાટન મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢાએ જાણીતા સામાજિક કાર્યકર શર્મિલા ઠાકરે, બોલિવૂડ અભિનેતા નીલ નીતિન મુકેશ, રૂકમણી નીલ મુકેશ અને પ્રખ્યાત એન્કર અને અભિનેત્રી સિમરન આહુજા સાથે કર્યું હતું. આ અંગે માહિતી આપતા આયોજક સંસ્થાના પ્રમુખ અને પ્રસિદ્ધ સાહિત્યકાર ડો. શ્રીમતી મંજુ લોઢાએ જણાવ્યું હતું કે આ સફળ 'જીવો મેળા'માં 5 હજારથી વધુ મહિલાઓ અને તેમના પરિવારોએ ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું કે આ મેળામાં ભાગ લેનાર તમામ દુકાનદારો સારા વેચાણને કારણે ખૂબ જ ખુશ દેખાયા. શ્રીમતી લોઢાએ જણાવ્યું હતું કે, એક મહત્વપૂર્ણ પહેલ તરીકે, આ મેળામાં 10 ગરીબ પરિવારોને સંસ્થા દ્વારા મફત સ્ટોલ આપવામાં આવ્યા હતા, જેની સૌએ ખૂબ પ્રશંસા કરી હતી. આ મેળાના સફળ આયોજનમાં જીવોના પ્રમુખ ડો.મંજુ લોઢા, સેક્રેટરી ઈન્દ્ર ખિંવાસરા, ખજાનચી ઉષા મુનોત અને અન્ય સમિતિના સભ્યો સંગીતા કોઠારી, મંજુ સુરાણા, અનીતા પૂનમિયા, મીના બાફના, દેવિના શાહ, અનુજા ઝવેરી,ના નેતૃત્વમાં જહેમત ઉઠાવી હતી. સીમા જૈન, ચંદા ચોપડા, વીણા કોઠારી, લુબ્ધા પોરવાલ, સંગીતા જૈન, ખુશ્બુ જૈન અને ચંદ્રશ્રીએ આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં માલતી ભીંડે, અર્ચના નવલકર અને કુ. રીટા પ્રત્યે ડૉ. આ પ્રસંગે 'આવસર' હોલના પ્રાયોજક અને સંયોજક ડૉ. મંજુ લોઢાએ આ અદ્ભુત અને પ્રેરણાદાયી કાર્યક્રમની ખૂબ પ્રશંસા કરી હતી સહભાગીઓ.

## આ ઉત્સવની મોસમમાં, જૈસલમેર મેરીયટ રિસોર્ટ અને સ્પામાં અંતિમ રણ નિવાસ યોજના બનાવો

જૈસલમેર | તા 25



આરામદાયક ઓરડાઓ, વિશિષ્ટ ખાદ્ય અને પીણાં ડેલાઈટ્સ, અને માનસિક અનુભવોની સાથે એક લલચાવતી પહેલી જ રાહ જોઈ રહી છે. જૈસલમેરના મોહક વિશ્વમાં પ્રવેશો, જે શહેરી સોનેરી રંગો, ઐતિહાસિક ચમત્કારો, અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના કારણે પ્રસિદ્ધ છે. આ ઉત્સવની મોસમમાં અવિસ્મરણીય યાદો બનાવવાની ઈચ્છા ધરાવનારા પ્રવાસીઓ માટે, જૈસલમેર મેરીયટ રિસોર્ટ અને સ્પા સંપૂર્ણ રહેવાની વ્યવસ્થા પ્રદાન કરે છે, જ્યાં આધુનિક વૈભવ અને સ્થાનિક આકર્ષણનો સુંદર મેળ છે.

ગડિસર સરોવર, પટવાંન કી હવેલી, અને જૈસલમેર કિલ્લા જેવા પ્રખ્યાત સ્થળો નજીકમાં સ્થિત, આ પ્રીમિયમ પ્રોપર્ટી ગોલ્ડન સિટીમાં સર્વોત્તમ નિવાસ પ્રદાન કરે છે. જૈસલમેર મેરીયટ રિસોર્ટ અને સ્પાનું આકર્ષક બાહ્ય ભાગ શહેરની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાની યાદ અપાવે છે. મધ્ય આંગણું હરિયાળી દ્રશ્ય અને દ્રશ્યમાન પાણીની ઓયસિસથી ભરપૂર છે, જે ફોટા લેવા માટે એક આકર્ષક અને યાદગાર સ્થળ બને છે. શહેર, અંદરના આંગણાં અને ઐતિહાસિક કિલ્લા તરફ દ્રશ્ય આપતા 137 ગેસ્ટ રૂમ સાથે, આ રિસોર્ટ મહાનતા અને વૈભવનો અનુભવ કરાવે છે. દરેક રૂમમાં ખિલતા બારણાં છે, જે તમારું સ્વર્ગ સમાન નિવાસસ્થાનમાં કુદરતી પ્રકાશને આવકારવા દે છે. જ્યારે તમે વિશાળ ઢાંચાવાળા લોબીઓમાં ચાલો છો, ત્યારે તમે રાજાશાહી અને ઈર્ષાપાત્ર વિશ્વમાં પરિવર્તિત થાઓ છો. જે લોકો વધુ વિશિષ્ટ રાહતની શોધમાં છે, તેમના માટે ડેઝર્ટ રીટ્રીટ પેકેજ દરેક અવસરે વૈભવ પ્રદાન કરે છે. આગમન સમયે મહેમાનોને વિશિષ્ટ સુવિધાઓથી આવકારવામાં આવે છે, જે લક્ઝુરિયસ રોકાણની શરૂઆત કરે છે. પેકેજમાં 'ધ જૈસલમેર કિચન,' સહી સાથેની ઓલ-ડે ડાઈનિંગ વેન્યુમાં વૈભવી મફત નાસ્તો અને ડિનર બફેટ શામેલ છે. મહેમાનો 'ડ્યૂન્સ બાર'માં તેમના રોકાણ દરમિયાન મફત બિયરની પિંટ્સ અથવા મોકટેઈલ્સ સાથે આરામ કરી શકે છે. જૈસલમેરનું અન્વેષણ વધુ સમૃદ્ધ બનાવવા માટે, રિસોર્ટ દ્વારા આકર્ષક દ્રશ્યો માટે પરફેક્ટ એક વિચારપૂર્વક તૈયાર કરેલ પિકનિક બાસ્કેટ પણ આપવામાં આવે છે.

## બગસરા એસ.ટી.બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા હતી સેવા અંતર્ગત મેઘાણી હાઈસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા સફાઈ અભિયાન હાથ કરવામાં આવ્યું




અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા એસ.ટી.બસ સ્ટેશન ખાતે શુભ યાત્રા સ્વચ્છતા યાત્રા સ્વચ્છતા હી સંસ્કાર અભિયાન અંતર્ગત નગરપાલિકા અને મેઘાણી હાઈસ્કૂલ દ્વારા સફાઈ અભિયાનનુ આયોજન કરાયું રાજ્ય સરકાર દ્વારા હાલ સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે તેના ભાગરૂપે બગસરા એસ.ટી. બસ સ્ટેશન ખાતે ડેપો મેનેજર એન.એન.ગઢવી મેડમના માર્ગદર્શન હેઠળ બગસરા મેઘાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ વી.એન.જેઠવાની ઉપસ્થિતમા મેઘાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીનીઓ અને નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ દ્વારા એક સફાઈ અભિયાનનો કાર્યક્રમનું આયોજન કરાયું જેમાં મુસાફરોને સ્વચ્છતા અંગે સ્વચ્છતા જાળવવા માર્ગદર્શન આપ્યું.

## 'લાગે છે કળિયુગ આવી ગયો...', 80 અને 76 વર્ષના દંપતીના ગુજરાન ભથ્થાં કેસમાં હાઈકોર્ટની ટિપ્પણી

(એજન્સી) અલ્લાહાબાદ | તા 25

અલ્લાહાબાદ હાઈકોર્ટે વૃદ્ધ દંપતીની વચ્ચે ગુજરાન ભથ્થાંને લઈને ચાલી રહેલી લાંબી કાયદાકીય લડત અંગે મહત્ત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું, 'લાગે છે કે કળિયુગ આવી ગયો છે અને આવી કાયદાકીય લડત ચિંતાનો વિષય છે.' આ મામલો અલીગઢનો છે. ત્યાં 80 વર્ષના મુનેશ કુમાર ગુપ્તા આરોગ્ય વિભાગમાં સુપરવાઈઝરના હોદ્દા પરથી નિવૃત્ત થઈ ગયા છે. તેમના પત્ની ગાયત્રી દેવી (76 વર્ષ) ની વચ્ચે 2018થી સંપત્તિ વિવાદ ચાલી રહ્યો છે. મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો અને તેને ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર ટ્રાન્સફર કરી દેવાયો. જોકે, વાતનો કોઈ ઉકેલ આવ્યો નહીં. તે બાદ બંને અલગ રહેવા લાગ્યા. ગાયત્રી દેવીએ ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી અને કહ્યું કે 'પતિનું પેન્શન લગભગ 35 હજાર રૂપિયા છે. તેમણે આજીવિકા માટે દર મહિને 15 હજાર રૂપિયા આપવાની માગ કરી પરંતુ ફેમિલી કોર્ટે 16 ફેબ્રુઆરીએ પોતાના આદેશમાં 5 હજાર ગુજરાન ભથ્થું આપવા માટે કહ્યું છે. પતિએ આને હાઈકોર્ટમાં પડકાર આપ્યો, જેની પર હવે સુનાવણી ચાલી રહી છે.'જસ્ટિસ સૌરભ શ્યામ શમશેરી આ અરજી પર સુનાવણી કરી રહ્યાં છે.

## ગરબાડા તાલુકામાં મીનાક્યાર ગ્રામ પંચાયત ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ

દિપક રાવલ, દાહોદ



સમગ્ર દાહોદ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન એક જન આંદોલન બની ગયુ છે. આ અભિયાનને સાકાર કરવા તેમજ દાહોદ જિલ્લાને સ્વચ્છ રાખવા માટે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સમગ્ર દાહોદ જિલ્લામાં અનેક જગ્યાઓએ વિવિધ પ્રકારના કાર્યક્રમ તેમજ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં મીનાક્યાર ગ્રામ પંચાયત ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત આરોગ્ય ચકાસણી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. એ સાથે IEC મારફતે સ્વચ્છતા વિશે સમજણ આપવામાં આવી હતી.

## સ્ટોવક્રાફ્ટે અમદાવાદમાં ચાર નવા Pigeon એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સની શરૂઆત સાથે પશ્ચિમ ભારતમાં હાજરી વિસ્તારી

અમદાવાદ | તા 25

નવીન કુકવેર, કિચનવેર એપ્લાયન્સીસ અને કન્ઝ્યુમર લાઈટિંગમાં અગ્રણી નામ સ્ટોવક્રાફ્ટ લિમિટેડ, અમદાવાદ, ગુજરાતમાં બે નવા એક્સક્લુઝિવ Pigeon બ્રાન્ડ આઉટલેટ્સ ખોલવાની જાહેરાત કરવા માટે ઉત્સાહિત છે. આ વિસ્તરણ પશ્ચિમ ભારતીય બજારમાં કંપનીના પ્રથમ વિશિષ્ટ રિટેલ પ્રવેશને ચિહ્નિત કરે છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળા રસોડા ઉત્પાદનોની વધતી માંગને પહોંચી વળવા તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. કંપની આગામી ત્રિમાસિક ગાળામાં પશ્ચિમ ભારતમાં ત્રણ વધારાના વિશિષ્ટ સ્ટોર્સનું ઉદ્ઘાટન કરવાની યોજના ધરાવે છે. અમદાવાદમાં નવા લોન્ચ થયેલા પિજન બ્રાન્ડના આઉટલેટ્સ 2,400 ચોરસ ફૂટના સંયુક્ત વિસ્તારને આવરી લે છે. આ વ્યૂહાત્મક વિસ્તરણનો ઉદ્દેશ્ય પશ્ચિમ ભારતમાં સ્ટોવક્રાફ્ટના પદચિહ્નને વિસ્તૃત કરવાનો છે, જેનાથી આ પ્રદેશમાં તેની બજાર સ્થિતિ વધારે છે. હાલમાં, કંપની આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, તેલંગાણા અને નવા ઉમેરાયેલા દિલ્હી-NCR પ્રદેશમાં 205 થી વધુ વિશિષ્ટ રિટેલ આઉટલેટ્સ ધરાવે છે. સ્ટોવક્રાફ્ટના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેન્દ્ર ગાંધીએ ભારતીય ઘરોમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પહોંચાડવા માટે કંપનીના સમર્પણ પર ભાર મૂક્યો હતો. 'સ્ટોવક્રાફ્ટમાં, અમારું મિશન લોકો સુધી ઉચ્ચ ગુણવત્તાવાળા રસોડાનાં ઉપકરણો લાવવાનું છે.અમે એવા ઉત્પાદનો પ્રદાન કરવામાં વિશ્વાસ રાખીએ છીએ જે દરેક ઘરના રાંધણ અનુભવને વધારે છે. અમદાવાદમાં અમારા ત્રણ સ્ટોર ખોલવા સાથે, અમે પશ્ચિમ ભારતમાં અમારા ગ્રાહકોને વિશ્વસનીય અને નવીન ઉકેલો પ્રદાન કરવાની અમારી યાત્રા ચાલુ રાખવા માટે રોમાંચિત છીએ.' અમદાવાદમાં નવા સ્ટોવક્રાફ્ટ સ્ટોર્સ ટોચના કિચન એપ્લાયન્સીસ અને અસાધારણ ગ્રાહક સેવા પૂરી પાડવાની કંપનીની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે.

## ફક્ત ફેસ્ટિવલો પાછળ તાયફા કરવાથી સાપુતારાનો ઉધ્ધાર થવાનો નથી મનોરંજન એક્ટિવિટી ઉપર બ્રેક લાગતા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો

સુશીલ પવાર,ડાંગ



- **રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે મનોરંજન સહિતની એક્ટિવિટી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવતા આવનાર દિવસોમાં ધંધાર્થીઓની દિવાળી બગડશે**
- **ફક્ત ફેસ્ટિવલો પાછળ તાયફા કરવાથી સાપુતારાનો ઉધ્ધાર થવાનો નથી,બોટિંગ, રોપ-વે સહિતની મનોરંજન એક્ટિવિટી નહીં મળે તો પ્રવાસીઓ બાળકો સાથે મનોરંજન નહી માણી શકે**

ગિરિમથક સાપુતારા આમ તો ગુજરાત કી આંખો કા તારાનાં નામથી ઓળખાય છે.પરંતુ હાલમાં તેના સિતારા બુલંદી ઉપર હોય એવુ લાગતુ નથી. ગિરિમથક સાપુતારામાં છેલ્લા થોડા માસથી મનોરંજન એક્ટિવિટી ઉપર બ્રેક લાગી ગઈ છે.જેને કારણે પ્રવાસીઓની સંખ્યામાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. લોકોનાં રોજગાર-ધંધા પડી ભાંગ્યા છે. સામાન્ય જીવન જીવવું પણ મુશ્કેલ છે.ત્યારે ઘરના બે છેડા જોડવાના હવે કપરા થઈ ગયા છે. મુસીબતના પહાડ વચ્ચે જીવતા અહીંના સ્થાનિકોની આ દિવાળી પહેલાં જ આશાનો સૂરજ ઊગે એવી આશા છે.પરંતુ એ બધુ સરકારની ઈચ્છા શક્તિ ઉપર જ આધાર છે.હાલમાં તહેવારોની મોસમ ચાલી રહી છે.આકરી મોંઘવારી વચ્ચે પણ લોકો ખુશમિજાજ હોવાનો દેખાડો કરી રહ્યા છે.ત્યારે કુદરતે જેને લખલૂટ સૌંદર્ય આપ્યું છે.એવા ગિરિમથક સાપુતારાનો ચહેરો નિસ્તેજ થઈ રહ્યો છે. પ્રવાસન ઉદ્યોગ ઉપર જ જેનો મદાર છે એ સાપુતારા, નવાગામ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો તો શનિ-રવિની રજા ક્યારે આવે એની જ વાત જોઈને બેઠા હોય છે.પરંતુ હવે એ સ્થિતિ રહી નથી કે ઘરખર્ચો પણ નીકળી શકે. કેટલાક લારી-ગલ્લા બંધ કરી મહારાષ્ટ્રમાં મજૂરીકામ તરફ વળ્યા છે.જો કે, એમાંય કમોસમી વરસાદે દાટ વાળી દીધો છે. હવે દિવાળી નજીક આવતા નવાગામ સહિત આસપાસના ગ્રામજનો ધંધા-રોજગારની ગાડી ફરી પાટે ચઢે એવી આશા રાખી બેઠા છે. પરંતુ સાપુતારામાં બોટિંગ, ઝીપ લાઈન, રોપ-વે સહિત અન્ય મનોરંજન એક્ટિવિટી બંધ થઈ જતાં પ્રવાસીઓ શું કામ આવે એ પણ એક પ્રશ્ન છે.વન ડે કે ટુ ડેનું પ્લાનિંગ કરનારા પરિવારમાં બાળકો પણ હોય છે.

## ડીસા-લાખણી-કાંકરેજ-દિયોદર તાલુકાના કુલ ૧૯૨ ગામ અને થરા શહેરને મળશે શુધ્ધ પીવાનું પાણી

### ૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકો માટે દૈનિક ૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી મળી રહેશે

પાલનપુર | તા 25

સરહદી જિલ્લા બનાસકાંઠામાં પીવાના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે સરકારશ્રી દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા છે. ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ડીસા અને લાખણી તાલુકાના ગામોની જુથ પાણી પુરવઠા યોજના ફેઝ - ૧ થી ૪ ના તથા રાણકપુર ઓફટેક આધારિત પાણી પુરવઠાની સુધારણા યોજનાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. કુલ રૂપિયા ૬૩૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ બે યોજનાઓનું મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થવાથી ડીસા અને લાખણી તાલુકાના કુલ ૮૮ ગામ તેમજ કાંકરેજ અને દિયોદરના કુલ ૧૦૪ ગામ અને થરા શહેરને શુધ્ધ પીવાના પાણીનો લાભ મળી રહેશે.

બનાસકાંઠા જિલ્લાના નર્મદા મુખ્ય નહેરના દેવપુરા, તાલુકો વાવ ઓફટેક આધારીત ડીસા અને લાખણી તાલુકાના કુલ ૮૮ ગામોનો સમાવેશ થાય છે. જેમાં ડીસા તાલુકાના ૫૧ ગામ અને લાખણી તાલુકાના ૩૭ ગામ છે. જ્યારે બીજી પાણી પુરવઠા યોજના રાણકપુર ઓફટેક સુધારણા યોજના હેઠળ કાંકરેજ અને દિયોદર તાલુકાના કુલ ૧૦૪ ગામ અને થરા શહેરનો સમાવેશ કરાયો છે. જેમાં કાંકરેજ તાલુકાના ૮૦ ગામ, દિયોદર તાલુકાના ૨૩ ગામ, લાખણી તાલુકાના ૦૧ ગામ તથા થરા શહેરનો સમાવેશ થયો છે.

ડીસા, લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ગામ પાતાળ કુવા આધારીત, સ્વતંત્ર બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફત પાણી મેળવે છે. આ ગામના પાતાળ કુવાઓના પાણીનું સ્તર દિન-પ્રતિદિન નીચા ઉતરતા જતા હોઈ તથા આ વિસ્તારમાં પાણીના દ્રાવ્ય ક્ષારો જેવાં કે ફ્લોરાઈડ, નાઈટ્રેટ તથા સેલીનીટીનું પ્રમાણ વધુ હોઈ પીવાના પાણીની સમસ્યા હતી.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**નિવારક જાળવણી અને સમારકામના કામો**

**ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ (કન્સ્ટ્રક્શન); ઇ-ટેન્ડર નોટિસ નંબર: EL/C/ADI/TRD/38/2024-25; (1) કામનું નામ તેના સ્થાન સાથે:** અમદાવાદના બાંધકામ એકમ હેઠળના 3 વર્ષ માટે 8-વ્હીલર ટાવર વેગન અને વેગન માઉન્ટેડ રેલ ક્રેનની પ્રતિબંધક જાળવણી અને સમારકામ / ઓવરહોલ.; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 2,17,04,353.92/-; **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(4) બિડ જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(5) ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(6) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો:** 36 મહિના; **(7) વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું:** www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડે. ચીફ ઈલેક્ટ્રિકલ (કન્સ્ટ્રક્શન) ની ઓફીસ., પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન - અસારવા, અમદાવાદ (ગુજરાત - 382345) 50

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સિટી
એક્સપ્રેસ
THURSDAY 26 SEPTEMBER-2024
AHMEDABAD

## પાલનપુરમાં વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

પાલનપુર | અવારનવાર ભોજનમાં બેદરકારી સામે આવતી અને સ્થાનિક કક્ષાએ રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે આજે આદિજાતિ કુમાર છાત્રાલયના છાત્રો સહીત આદિજાતિના લોકો પાલનપુર ખાતે આવેલા આદિજાતિ મદદનીશ નિયામકની કચેરીએ ન્યાયની માંગ સાથે પહોંચ્યા હતા. રોશે ભરાયેલા છાત્રો આદિજાતિ મદદનીશ નિયામકની કચેરીને તાળાબંધી કરવાના હતા. પરંતુ કચેરી નજીક પોલીસે છાત્રોને રોકવાનો પ્રયાસ કાર્યો અને તે સમયે છાત્ર અને પોલીસ વચ્ચે મામલો બિચકતા પોલીસે છાત્ર પર લાઠી ઉગામતા કચેરી બહાર દોડધામના દ્રશ્યો સર્જાયા.

## સરદાર સરોવર નર્મદા ડેમ સંપૂર્ણ ભરાઈ જવાની નજીક

ગુજરાતમાં ફરી એક વખત વરસાદી સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ સરદાર સરોવર નર્મદા ડેમ સંપૂર્ણ ભરાઈ જવાની નજીક છે. નર્મદા ડેમ સંપૂર્ણ પણે ભરાવામાં માત્ર 35થી 38 સેન્ટીમીટર જેટલો જ બાકી છે. ડેમમાં 68 હજાર ક્યુસેક પાણીની આવક થઈ છે અને ડેમના 10 દરવાજા ખોલીને 1 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જિલ્લા પ્રસાશન દ્વારા વડોદરા જિલ્લાના ડભોઈ, શિનોર અને કરજણ તાલુકાના નીચાણવાળા વિસ્તારોના 25 ગામોના નાગરિકોને સતર્ક કરાયા છે.



### શામળાજીથી અમદાવાદ જતા નડ્યો અકસ્માત, મિત્રની બર્થડે પાર્ટીમાંથી પાછા આવતાં કાળ ભેટ્યો, ગેસ કટરથી કારના પતરાં કાપી લાશો બહાર કાઢવી પડી

# 7 અમદાવાદી યુવાનો માટે કાળમુખો બન્યો બુધવાર!



(એજન્સી) અમદાવાદ | તા.25

બુધવારનો દિવસ 7 અમદાવાદીઓ માટે ગમખ્વાર બનીને આવ્યો. વહેલી સવારે રોડ અકસ્માતમાં 7 લોકોના કમકમાટી ભર્યા મોત થયા. શામળાજીથી પરત આવી રહેલી ઈનોવા કાર ટ્રેલર પાછળ ઘુસી ગઈ અને કચ્ચરઘાણ વળી ગયો. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર એક કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી જતાં 7 લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે અન્ય એકની હાલત પણ ગંભીર છે.

**કારને કાપીને દૂર કરવી પડી હતી :** આ ઘટનામાં જાણવા મળ્યું હતું કે, કારનો આગળનો ભાગ પાછળથી ટ્રકમાં ઘૂસી ગયો હતો. જેથી પોલીસ અને ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમતે કારને કાપીને મૃતદેહોને બહાર કાઢ્યા હતા. સાબરકાંઠાના એસપી વિજય પટેલના જણાવ્યા અનુસાર ઘટનાની જાણ થતાં જ પોલીસ ટીમને ઘટના સ્થળે મોકલી દેવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. વાહનમાંથી બહાર કાઢ્યા બાદ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ઘાયલો અને મૃતકોની ઓળખ થઈ ગઈ છે. તેમના આગમન પર મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

**ઊંઘને કારણે અકસ્માતની શક્યતા**

ઘટનાની તપાસ કરી રહેલા પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનું કારણ કાર ચાલકની ઊંઘ હોઈ શકે છે. પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત સમયે ટ્રક તેની સામાન્ય સ્પીડે દોડી રહી હતી. જ્યારે કારની સ્પીડ ખૂબ જ વધારે હતી. આવી સ્થિતિમાં, કાર ચાલકે નકામું કરી નાખ્યું હોય અને તે પોતાના વાહનને નિયંત્રિત કરી શકે ત્યાં સુધીમાં, કાર ટ્રક સાથે ટકરાઈ ગઈ. પોલીસના જણાવ્યા મુજબ ટ્રક ડ્રાઈવરે પોલીસને ઘટનાની માહિતી આપી છે.

### મોતને ભેટેલા ચિરાગની અમદાવાદમાં ઢોલ અને શરણાઈના સૂરો સાથે અંતિમયાત્રા નીકળી



હિંમતનગર હાઈવે ઉપર આજે વહેલી સવારે ટ્રેલર પાછળ ઈનોવા કાર ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત થયો હતો. અમદાવાદ શહેરના કુબેરનગર વિસ્તારમાં રહેતા 8 લોકો ઈનોવા કારમાં સવાર હતા, તેમાંથી 7 લોકોનાં મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ હાલમાં ગંભીર ઈજાગ્રસ્ત હોવાને કારણે સારવાર લઈ રહ્યા છે. ત્યારે શહેરના કુબેરનગર, જ્યાં મૃતકોનાં ઘરે કોણ કોને સાંત્વના આપે એવી સ્થિતિ જોવા મળી હતી. ઢળતી સાંજે ઢોલ અને શરણાઈના સૂરો સાથે સિંધી પરંપરા મુજબ મૃતક ચિરાગ અને રોહિતની અંતિમ યાત્રા નીકળી હતી.

**તમામ મૃતકો કુબેરનગરના રહેવાસી**

1. ચિરાગ રવિભાઈ ધનવાની (ઉંમર.23)
2. રોહિત સુરેશભાઈ રામચંદાની, (ઉંમર 25)
3. સાગર નરેશકુમાર ઉદાણી (ઉંમર 22)
4. ગોવિંદ લાલચંદભાઈ રામરાણી, (ઉંમર 28)
5. રાહુલ પ્રહલાદભાઈ મુલચંદાની, (ઉંમર 22)
6. રોહિત (રહે. કુબેરનગર)
7. ભરત (રહે. કુબેરનગર)

**ઈજાગ્રસ્ત હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ**

હનીભાઈ શંકરલાલ તોતવાની (ઉ.વ. 22, કુબેરનગર, અમદાવાદ)



### ભારે બફારામાંથી રાહત..... દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસવાની શકયતા

# અમદાવાદમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ

## સુરતમાં 2 કલાકમાં બે ઈંચ; રસ્તા નદી બનતા બાળકો સહિત લોકોનું રેસક્યૂ કરાયું

(એજન્સી) અમદાવાદ, તા.25 | ગુજરાતમાં અત્યંત બફારા વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ફરી એક વરસાદી રાઉન્ડની શરૂઆત થઈ છે તો હજુ પણ કેટલાક જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા છે. એને પગલે ગુજરાતવાસીઓને ભયંકર બફારામાંથી રાહત મળશે. જ્યારે સુરતમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે, આથી નવી સિવિલ હોસ્પિટલમાં વરસાદી પાણી ઘૂસ્યાં છે તેમજ રસ્તાઓ નદી બન્યા છે, તેમજ સગરામપુરા વિસ્તારમાં કેડસમા પાણી ભરાતા રેસ્ક્યૂ કામગીરી કરવામાં આવી હતી. જ્યારે સિગ્મા સ્કૂલના બાળકોનું પણ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ અમદાવાદમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા બે દિવસથી ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યું હતું અને તાપમાનમાં પણ વધારો થયો હતો જેના પગલે ભારે ઉકળાટ અને બફારાથી લોકો કંટાળી ગયા હતા ત્યારે આજે સાંજે મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતું. જો કે, સાંજના સમયે શહેરમાં વધુ ટ્રાફિક થતો હોવાથી વાહનચાલકો પણ મુશ્કેલીમાં મૂકાયા હતા. દરમિયાન વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક થતાં લોકોને રાહત મળી હતી. હવામાન વિભાગે આગામી ત્રણ કલાક સુધી અમદાવાદમાં વરસાદની આગાહી વ્યક્ત કરી હતી.



**સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પાણી-પાણી :** સુરત શહેરમાં મેઘરાજાના આગમન સાથે નવી સિવિલમાં પાણી-પાણી થઈ ગયું છે. નવી સિવિલ હોસ્પિટલના જૂના બિલ્ડિંગમાં પાણી ભરાયાં છે. જૂના બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં પાણી ભરાઈ ગયાં હતાં. ઓપીડી તેમજ પેસેજમાં પાણી ભરાતાં દર્દીઓને મુશ્કેલી પડી રહી છે. બે કલાકના વરસાદમાં નવી સિવિલમાં પાણી ભરાતા સવાલો ઊભા થયા છે. પાણીના નિકાલ માટે સફાઈકર્મીઓ પાણી ઉલેચી રહ્યા છે. જ્યારે સગરામપુરા વિસ્તારમાં કેડસમા પાણી ભરાતા રેસ્ક્યૂ કામગીરી કરવામાં આવી હતી. જ્યારે સિગ્મા સ્કૂલના બાળકોનું પણ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.



**સુરતમાં ઠેર-ઠેર પાણી ભરાયાં, પાલિકાની પોલ ફરી ખૂલી :** સુરત શહેરમાં ફરીથી ધોધમાર વરસાદ પડતાં મહાનગરપાલિકાની પોલ ખૂલી થઈ ગઈ છે. કૈલાસનગર ખાતે વરસાદી પાણી ભરાયાં છે. અનેક વાહનો પાણીમાં ગરકાવ થઈ ગયાં છે. ઘૂંટણ સમાં પાણી ભરાયાં છે. સંપૂર્ણ રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યાં છે. અનેક વાહનો પાણીના કારણે બંધ પડ્યાં છે. કૈલાસનગર, મજૂરાગેટ, અઠવાગેટ ખાતે પાણી ભરાયાં છે. કાદરશાહના નાળ વિસ્તારમાં પણ ગોઠણ સમાં પાણી ભરાયાં છે.

**અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદ :** શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો 37 ડિગ્રીને પાર કરી ગયો હતો. જ્યારે આજે પણ વહેલી સવારથી જ અમદાવાદ શહેરના વાતાવરણમાં ગરમી અને બફારો થયા બાદ બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો છે. શહેર નજીક આવેલા પીરાણા અને પીપળજ પાસે બપોરે ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદની શરૂઆત થઈ હતી. અમદાવાદમાં બપોર પછી વાતાવરણમાં પલટોની શરૂઆતની સાથે વાદળો છવાયાં હતાં. બપોર બાદ વિવિધ વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ શરૂ થયો છે. પૂર્વ વિસ્તારમાં નરોડા, કોતરપુર, એરપોર્ટ, સરદારનગર, જમાલપુર, લાલદરવાજા, આસ્ટોડિયા, સીટીએમ, વસ્ત્રાલ, નિકોલ, રામોલ, ગોમતીપુર, સરસપુર, ખોખરા, હાટકેશ્વર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે, જ્યારે પશ્ચિમ વિસ્તારમાં એસજી હાઈવે, શિવરંજની સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે.



## 20%ના અધધધ વધારા સાથે રાજ્યની 10 ખાનગી મેડિકલ કોલેજની ફી જાહેર કરાઈ

(એજન્સી) અમદાવાદ | તા.25

યુજી મેડિકલ અને ડેન્ટલ એટલે કે એમબીબીએસ, બીડીએસ અને યુજી આયુર્વેદ તેમજ હોમિયોપેથીથી માંડી નર્સિંગ-ફીઝિયોથેરાપી સહિતના યુજી પેરામેડિકલ કોર્સની તથા પીજી ડેન્ટલની આ વર્ષની ફી જાહેર કરાયા બાદ હવે પીજી મેડિકલની ખાનગી કોલેજોની પણ નવી ફી જાહેર કરાઈ છે.




જેમાં 2023-24 ની સરખામણીએ આ વર્ષે 20 ટકા સુધીનો સરેરાશ વધારો થયો છે. તમામ ખાનગી મેડિકલ કોલેજોમાંથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પીજી મેડિકલ કોલેજના મેનેજમેન્ટ ક્વોટામાં સૌથી વધુ 37.15 લાખ રૂપિયા વાર્ષિક ફી નક્કી કરાઈ છે. પીજીમાં વિવિધ બ્રાન્ચ મુજબ ફી હોવાથી આ ફી તમામ બ્રાન્ચની કુલ બેઠકોની એવરેજ ફી છે.

ગુજરાત સરકારની મેડિકલ અને પેરામેડિકલ કોલેજો માટેની ફી નક્કી કરતી ફી રેગ્યુલેશન કમિટી દ્વારા આજે પીજી મેડિકલની ખાનગી કોલેજોની પણ નવી ફી જાહેર કરી દેવાઈ છે. ફી કમિટી દ્વારા દર ત્રણ વર્ષે નવું ફી માળખું નક્કી કરવામાં આવે છે. 2018-19માં ફી વધારો નક્કી થયો હતો, જેમાં 2019-20 અને 2020-21માં ત્રણ વર્ષ સુધી વાર્ષિક વધારો થયો હતો. પરંતુ, 2021-22માં કોરોનાને કારણે ફી વધારો થયો ન હતો. નવા ફી સ્ટ્રકચરમાં 10 ખાનગી પીજી મેડિકલ કોલેજોમાં ગવર્મેન્ટ ક્વોટામાં 7.93 લાખથી 20.28 લાખ અને મેનેજમેન્ટ ક્વોટામાં 26.94 લાખથી 37.15 લાખ સુધીની ફી છે. સૌથી વધુ 37.15 લાખ રૂપિયા ફી સુરતની કોર્પોરેશન સંચાલિત મેડિકલ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટામાં થઈ છે. જે ગત વર્ષે 30.45 લાખ રૂપિયા હતી. જ્યારે સરકારી ક્વોટામાં ગત વર્ષે 15.80 લાખ ફી હતી જે વધીને 18.64 લાખ રૂપિયા થઈ છે.

### કરોડોના સટ્ટાકાંડના આરોપી દિપક ઠક્કરની મુશ્કેલીઓ વધી

અમદાવાદ | કરોડોના સટ્ટાકાંડના આરોપીને કોર્ટે રાહત આપવાનો ઈન્કાર કર્યો છે. જેમાં દિપક ઠક્કરના રેગ્યુલર જામીન અરજી સ્પેશયલ કોર્ટે ફગાવી દિધા છે. તપાસ ચાલુ હોવાથી જામીન ન આપી શકાય તેમ કોર્ટે જણાવ્યું છે. શરતોને આધિન, બાંહેધરી સાથે જામીન માંગ્યા હતા. માધુપુરામાંથી ઝડપાયેલા રૂપિયા બે હજાર કરોડના ક્રિકેટ સટ્ટા બેટિંગ અને ડબ્બા ટ્રેડીંગના કૌભાંડમાં પોલીસને મોટી સફળતા મળી હતી.

### મીની તરણેતર તરીકે ઓળખાતા

## 1283 વર્ષથી ભરાતા ભાતીગળ મેળામાં લાખોની સંખ્યામાં લોકો ઉમટ્યા



મહેશ સોની | નખત્રાણા

મીની તરણેતર તરીકે ઓળખાતા કચ્છના સૌથી મોટા તેમજ ૧૨૮૩ વર્ષથી ભરાતા ભાતીગળ મેળામાં હૈયે હૈયાં દળાય એટલી માનવ મેદની ઉમટી પડી હતી. મેળામા લીક સંસ્કૃતિના દર્શન થયાં હતાં. મેળાને ગુજરાત રાજ્યના પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ઓનાં મંત્રી શ્રી મુળુભાઇ બેરુ તેમજ કચ્છ પ્રભારી મંત્રી તેમજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાના હસ્તે કચ્છના સાંસદસભ્ય શ્રી, ધારાસભ્યો તેમજ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં તારીખ 22 સપ્ટેમ્બરના રોજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઇ બેરાએ યક્ષના મેળાને તરણેતરના મેળાની જેમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિકસાવવાની નેમ સાથે વિકાસના કામો માટે દસ કરોડના રકમની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી.

**20 એકરમાં ફેલાયેલા મેળો**

૨૦ એકરમાં ફેલાયેલા મેળામાં ખાણીપીણી, રમકડાં સહિતના ૨૫૦૦ જેટલા નાના મોટા સ્ટોલ ઉપરાંત મોતના કુવા, નાના મોટા ચકડોળ, નવીનતમ રાઈડર્સ સહિત મનોરંજન સાધનો દ્વારા બાળકો થી લઈ મોટેરાઓએ મનોરંજન માણ્યો હતો . રાત્રિના સમયે લાઈટોથી ઝળહળતા મેળામાં જાણે સ્વર્ગ ઉતર્યું હોય એવું લાગી રહ્યું હતું. ચિક્કાર ગીર્દી માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત, સી.સી.કેમેરા વચ્ચે પણ ખિસ્સા કાતરુ સક્રિય બનતાં મોબાઈલ તેમજ સોનાની ચેન સહિતના ચીલઝડપના બનાવો બન્યા હતા.

### ગુજરાતમાં નવા ત્રણ જિલ્લાઓ જાહેર થઈ શકે, સરકાર લેશે નિર્ણય

ગાંધીનગર | ગુજરાતમાં ત્રણ નવા જિલ્લાઓ સરકાર જાહેર કરી શકે છે. હાલમાં નવા 3 જિલ્લાઓ પુનઃ રચના માટે સરકારી લેવલે વિચારણા ચાલી રહી છે. આ ત્રણ જિલ્લાઓની વાત કરવામાં આવે તો રાધનપુર અથવા થરાદની નવા જિલ્લાની પુનઃ રચના થઈ શકે છે, વિરમગામ જિલ્લાની પુનઃ રચના થઈ શકે છે, વડનગર પણ નવો જિલ્લો બની શકે છે. ત્યારે સરકાર આ બાબતને લઈ ટૂંક સમયમાં નિર્ણય કરશે. ગુજરાતમાં હાલ 33 જિલ્લાઓ છે અને આ 33 જિલ્લાઓમાંથી અન્ય 3 નવા જિલ્લાઓની નાગરિકોને ભેટ મળી શકે છે. રાજયમાં 36 જિલ્લાઓ અસ્તિત્વમાં આવી શકે છે. વર્ષ 2013મા રાજય સરકારે 7 જિલ્લાઓ જાહેર કર્યા હતા. મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના કેટલાક ભાગો ઉમેરીને વડનગર નવો જિલ્લો બની શકે છે. અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી વિરમગામ જિલ્લાની પુનઃ રચના થઈ શકે છે. વધતી જતી વસ્તીને લઈ સરકાર નિર્ણય લઈ શકે છે.

### વૃદ્ધની હત્યાનો ભેદ ઉકેલાયો, પોલીસકર્મી જ આરોપી નીકળ્યો

દ્વારકા | 15 જુલાઈએ રાત્રે કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે વજુભા બનેસંગ જાડેજાને ગળાના ભાગે તલવારના ઘા ઝીંકી તેમની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. 80 વર્ષીય વૃદ્ધ રાત્રીના સમયે પોતાની વાડીમાં હતા, ત્યારે તેમના ગળાના ભાગે અનેક તલવારના ઘા ઝીંકી નિર્દયતા પૂર્વક તેમની હત્યા કરવામાં આવી હતી. ત્યારે આ ઘટનાને પગલે કલ્યાણપુર પોલીસ મથકે હત્યાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસના ધાડે ધાડા આ ગામમાં ઉતરી આવ્યા હતા. અનેક સવાલો અને રહસ્યોથી ભરપુર આ હત્યાના બનાવમાં પોલીસ ખડેપગે દોડતી રહી પણ હત્યારો શાતિર હતો કે પોલીસ નિષ્ક્રિય રહી હતી એ સવાલો પણ આ હત્યાના બનાવના કેટલાય દિવસો અને મહિના વિત્યા પછી સ્વભાવિક થવા લાગ્યા હતા. પોલીસ માટે આ હત્યાનું કારણ મળતું નહોતું, પરંતુ આસપાસના વિસ્તારમાં આ હત્યા જૂની અદાવતમાં થઈ હોવાની ચર્ચા ગલીએ ચોરે થવા લાગી હતી.

### મોજશોખ પૂરા કરવા 2 મહિનામાં 11 વાહનો ચોર્યા, પોલીસે પકડ્યો

અમદાવાદ | મોજશોખ કરવા માટે એક યુવક વાહન ચોર બન્યો છે. વાહન ચોરી કરવા આ યુવક સ્પેશિયલ અમદાવાદ આવતો હતો અને વાહનની અમદાવાદથી ચોરી કરીને પોતાના ગામમાં આ વાહન વેચતો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની પાસેથી 11 ચોરીના વાહન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી વાડજ પોલીસની કસ્ટડીમાં છે અને તેનું નામ જુબેર મિયાણા છે. જે અમદાવાદના વાડજ, સાબરમતી, નારણપુરા વિસ્તારમાં પાર્કિંગમાં પડેલા ટુ વ્હીલરની ચોરી કરતો હતો. છેલ્લા બે મહિનામાં આરોપીએ 11 જેટલા વાહનોની ચોરી કરી હતી. આરોપી ચોરીના વાહનો અમદાવાદથી ચોરી કરીને પોતાના વતન માળીયા ગામે લઈ જઈને 10થી 15 હજારમાં વેચતો હોવાનું તપાસમાં ખૂલ્યું છે. વાડજ પોલીસે પકડેલા આરોપીની પૂછપરછ કરતાં હકીકત સામે આવી કે આરોપી જૂબેર છેલ્લા 6 મહિનાથી બેકાર હતો અને તે પહેલા ગેરેજમાં છૂટક કામ કરતો હતો.

## ચણિયાચોળી અને ઓક્સોડાઇઝના ઘરેણાંનું હબ છે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી

(એજન્સી) અમદાવાદ | તા.25

આમ તો વર્ષ દરમિયાન ચાર નવરાત્રી આવતી હોય છે, જેમાં બે ગુપ્ત નવરાત્રી હોય છે અને બે અન્ય જેમાં એક ચૈત્ર માસમાં આવતી હોય છે. જ્યારે બીજી આસો માસ ની નવરાત્રીમાં આવતી હોય છે. આ ચારે નવરાત્રીમાં આસો સુદ નવરાત્રીનું વિશેષ મહત્વ હોય છે. જેમાં યુવાધન હિલોળે ચઢતું હોય છે. જેમાં અંબે એટલે કે દુર્ગા માંનું અનુષ્ઠાન કરવાનું પર્વ મનાય છે. આ નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે યુવાધન ગરબે રમવાની ઈંતજારીની સાથે ભરપૂર તૈયારીમાં લાગી ગયા છે. જેમાં ટ્રેડિશનલ ડ્રેસની સાથે ચણિયાચોળીનો ક્રેઝ વધારે જોવા મળતું હોય છે.



### નવરાત્રીમાં સુરતના ચણીયા ચોળીની બોલબાલા

છેલ્લા ઘણા સમયથી સુરત કાપડ માર્કેટમાં મંદીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ હવે નવરાત્રી લઈને કાપડ માર્કેટમાં ચહેલ પહેલ જોવા મળી છે. માત્ર નવરાત્રીના આ એક થી બે મહિનામાં સુરત કાપડ માર્કેટમાં નવરાત્રીના કાપડ અને રેડીમેડ ચણીયા ચોળીનો 200 થી 250 કરોડનો વ્યાપાર થશે તેવું વ્યાપારીઓ જણાવી રહ્યા છે.

### નવરાત્રિ માટે 'ગરબી' બનાવવાની તૈયારીઓ શરૂ થઇ



નવરાત્રિ માટે 'ગરબા' બનાવવાની તૈયારીઓ શરૂ થઈ છે. જેમાં વાસણામાં હજારોની સંખ્યામાં ગરબા બનાવવાનું શરૂ થયુ છે. આભલા, સાથિયો, ત્રિશૂળના ડિઝાઈનના ગરબાની ડિમાન્ડ છે. 64 કલા પૈકી સંસ્કૃતિને ધબકતી રાખતી માટીકામ કલા જોવા મળે છે. માટીના ગરબાનું આજે પણ એટલું જ મહત્વ જોવા મળ્યું છે.